દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 156 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 July 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૩ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સૌરાષ્ટ્રમાં સાંબેલાધારઃ માંગરોળ, કેશોદમાં ૧૧ ઈંચ વરસાદ



**આ નદી નથી...:** રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલિયાસણ ખાતે ઓવરબ્રિજ પર પણ ગોઠણ ડૂબે તેટલા પાણી ભરાયા હતા. દૂરથી જાણે નદી હોય તેમ જણાઈ રહ્યું છે. (પ્રવિણ સેદાની)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લાંબી પ્રતીક્ષા બાદ વરસાદે ગુજરાતમાં ત્રણેક દિવસથી મંડાણ કર્યા છે અને દક્ષિણ ગુજરાત બાદ ગુરુવારે સૌરાષ્ટ્રને તરબતર કરી નાખ્યું છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં એક જ દિવસમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકી પડ્યો હતો જ્યારે કેશોદમાં પણ ૧૧ ઇંચ વરસાદ પડતા જનજીવન પર વ્યાપક અસર થઈ હતી.

જૂનાગઢ જિલ્લાના માણાવદરમાં પણ ૮. ૯ ઇંચ, માળિયા હાટિનામાં ૮.૫૮ ઇંચ, વિસાવદરમાં ૪.૬ ઇંચ વરસાદ વરસ્યો હતો. જૂનાગઢ શહેરમાં પણ આખો દિવસ વરસાદી માહોલ રહ્યો હતો અને ૨.૪૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ગીર-સોમનાથના

સૂત્રાપાડામાં ૭.૬૮ ઇંચ, પાટણ-વેરાવળમાં ૬.૬૧ ઇંચ, કોડીનારમાં ૩.૬૬ ઇંચ, તાલાળામાં ૩.૦૭ ઇંચ વરસાદ વરસ્યો હતો.

જામનગરના જામજોધપુરમાં ૭.૫ ઇંચ, પોરબંદરના કુતિયાણામાં ૫.૬૭ ઇંચ, રાજકોટના ઉપલેટામાં ૩.૫૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત લગભગ ૧૨ જેટલા તાલુકામાં બે

(જુઓ પાનું ૨) ▸▸

## રુદ્રપ્રયાગમાં મેઘતાંડવઃ ચાર દિવસની ચેતવણી

### અલકનંદા અને મંદાકિની નદી છલકાઇ

રુદ્રપ્રયાગઃ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આગામી ચાર દિવસ વરસાદનું જોર ચાલુ રહેવાની આગાહી કરાઇ હતી. અહીંની અલકનંદા અને મંદાકિની નદી છલકાઇ છે અને તેમાં જળસ્તર જોખમી હોવાનું કહેવાય છે.

રુદ્રપ્રયાગ જિલ્લામાં છેલ્લા થોડા દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. અલકનંદા નદીમાંનું જળસ્તર દરિયાઇની સપાટીથી ૬૨૨ મીટર કરતાં વધીને ૬૨૨.૫ મીટર થઇ ગયું છે. ઉત્તરાખંડમાં ૩૦ જૂને

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં હૉટેલની આગમાં ફસાયેલા ત્રણ ગુજરાતીનાં મોત

ઓહાયો : અમેરિકાના ઓહિયોના રાજ્યના વૂસ્ટર શહેરમાં એક હોટલમાં ભીષણ આગ લાગી હતી જેમાં ત્રણ ગુજરાતીઓનાં મોત થયા હતા. ગુજરાતના ખેડા જિલ્લાના નડિયાદના રહેવાસી એક પરિવારના ત્રણ સભ્યોના ઇકોનો લોજ હોટલમાં ભીષણ આગ લાગવાથી મોત થયા છે. આ દુર્ઘટનામાં પતિ-પત્ની અને તેમની દીકરીના મોત થયા હતા.

મૃતકોની ઓળખ હિતેશભાઈ સુથાર, તેમના પત્ની હિનાબેન સુથાર અને ૨૦ વર્ષની પુત્રી ઈશાની સુથાર તરીકે થઈ છે. રિપોર્ટ અનુસાર,

(જુઓ પાનું ૨) ▸▸

## અયોધ્યામાં મારી સેવા પૂરીઃ ચંપત રાય

### જોકે ચંપત રાય સામે એફઆઈઆર કરવાની વકીલોની માગણીઃ રામમંદિર માટે બાજુના મંદિરની જમીન ચંપત રાયે પચાવી પાડ્યાનો આક્ષેપ

અયોધ્યાઃ રામ મંદિરના દાનની ચોરીના કેસમાં ફૈઝાબાદના વકીલોએ ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સામે મોરચો ખોલી દીધો છે. આ ત્રણેય સામે એફઆઇઆર દાખલ કરવાની માગ સાથે ગુરુવારે અયોધ્યામાં વકીલોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોતાની માગણીઓ સાથે રસ્તા પર ઉતરેલા વકીલો પોલીસ સ્ટેશન તરફ આગળ વધ્યા હતા. આ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત જોવા મળી હતી. થોડીવાર માટે અફરાતફરીનો માહોલ પણ સર્જાયો હતો. પરંતુ બાદમાં વકીલો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. ત્યાં ફૈઝાબાદ બાર એસોસિએશનના

(જુઓ પાનું ૨) ▸▸

## બીએમસીના પાપે બીજો જીવ લીધો



## સાકીનાકામાં ખુલ્લા મેનહૉલમાં માણસ પડ્યો, મોતને ભેટ્યો

### આસિસ્ટન્ટ કમિશનર સહિત ચાર અધિકારી સસ્પેન્ડ, કૉન્ટ્રેક્ટર બ્લેક લિસ્ટઃ ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની સ્થાપના, સાત દિવસમાં અહેવાલ આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ચોમાસું હજી તો માંડ શરૂ થયું છે ત્યાં ઉપરાઉપરી દુર્ઘટનામાં અત્યાર સુધી બેનાં મોત થઈ ચૂક્યા છે. બુધવારે ૧૧ વર્ષના વિદ્યાર્થીનું ઝાડ પડી જવાથી થયેલા મૃત્યુના બીજા દિવસે સાકીનાકામાં ખૈરાણી રોડ પર ખુલ્લી ગટરમાં પડી જવાથી પંચાવન વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું છે. કૉન્ટ્રેક્ટરની બેદરકારીને લીધે સાકીનાકાના રહેવાસીના મૃત્યુ બાદ મુંબઈના નાગરિકોની સુરક્ષા લઈને પાલિકા પ્રશાસન સામે સવાલ થઈ રહ્યા છે. ગુરુવારની ઘટના બાદ પાલિકા પ્રશાસને આસિસ્ટન્ટ કમિશનર સહિત ચારને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કર્યા હતા. એ સાથે જ કૉન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરી દેવામાં આવ્યો છે. આ દરમ્યાન મૃતકના પરિવારની મુલાકાત બાદ મુંબઈ મહાનગરપાલિકા તરફથી ૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે એવી જાહેરાત મેયર રીતુ તાવડેએ કરી હતી.

ગુરુવારે સાકીનાકાના ખૈરાણી રોડ પર વરસાદી પાણીનો નિકાલ

(જુઓ પાનું ૨) ▸▸



**બેદરકારીનો પુરાવોઃ** મુંબઈના સાકીનાકામાં આ ખુલ્લા મેનહોલમાં એક માણસ પડ્યા પછી રેસ્ક્યુ ઑપરેશન હાથ ધરાયું હતું. (અમય ખરાડે)

## અમેરિકા-ઈરાન મંત્રણામાં ખાસ્સી પ્રગતિઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદઃ પાકિસ્તાને ગુરુવારે દાવો કર્યો હતો કે તેના અને કતારના મધ્યસ્થીકારોએ અમેરિકા અને ઇરાનના પ્રતિનિધિમંડળ સાથે અલગ બેઠક કરી હતી. અને આ બેઠકમાં સમજૂતીપત્રના વિવિધ પાસા અંગે 'સકારાત્મક પ્રગતિ' જોવા મળી હતી.

અમેરિકા અને ઇરાને ૧૮ જૂને સમજૂતીપત્ર પર સહી કરી હતી. આ સમજૂતીપત્રનો હેતુ પશ્ચિમ એશિયામાં શાંતિસસ્થાપવાનો છે. ત્યાર બાદ ૨૧ જૂને કતાર અને પાકિસ્તાનની મધ્યસ્થીથી ઇરાન અને અમેરિકા વચ્ચે ટેક્નિકલ સ્તરની વાતચીત સ્વિટ્ઝરલૅન્ડમાં થઈ હતી. પાકિસ્તાનના

(જુઓ પાનું ૨) ▸▸

## એઆઇ, આર્થિક સહિતનાં ક્ષેત્રોમાં સહકાર વધારશે ભારત અને જાપાન




નવી દિલ્હીઃ ભારત અને જાપાને આર્થિક ભાગીદારી, લશ્કરી હાર્ડવેર, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ), ઊર્જા સહિતના વિવિધ ક્ષેત્રે સહકાર વધારવાની ગુરુવારે જાહેરાત કરી હતી.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનનાં વડાં પ્રધાન સાનેઇ ટાકાઇચીની વચ્ચે યોજાયેલી દ્વિપક્ષી મંત્રણામાં આ બાબતમાં ચર્ચાવિચારણા કરાઇ હતી.ડઆ ઉપરાંત, બન્ને દેશ વેપાર અને રોકાણ, ઇમર્જિંગ

(જુઓ પાનું ૨) ▸▸




## એઆઇ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટ ભડકી ગઈ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)થી તૈયાર કરાતા 'અસ્તિત્વ નહિ ધરાવતા, બનાવટી અને આભાસી' ચુકાદા અને અન્ય સામગ્રી અદાલતમાં ટાંકવા સામે ગુરુવારે લાલ આંખ દેખાડી હતી અને નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલના આવા એક ચુકાદાને રદ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે એઆઇથી તૈયાર કરાતી બનાવટી સામગ્રી અને ખોટા ચુકાદા સામે કડક પગલાં લેવાની સૂચના અન્ય અદાલતોને આપી હતી.

ન્યાયાધીશ પી. એસ. નરસિંહ અને ન્યાયાધીશ આલોક આરાધેની બૅન્ચે જણાવ્યું હતું કે બનાવટી, અસ્તિત્વ નહિ ધરાવતા અને આભાસી સામગ્રીના આધારે અદાલતમાં કરાતી રજૂઆત ન્યાયતંત્રમાં 'મિથાઇલ આઇસોસાઇનેટ' છોડવા સમાન છે અને અદાલતની ચુકાદાની પ્રક્રિયાને માઠી અસર કરે છે.

સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલનો એસેલ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સની ઇન્સોલ્વન્સીને લગતા એક ચુકાદાને એઆઇ દ્વારા તૈયાર કરાયેલા

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં ભૂગર્ભમાં અભેદ્ય કમાન્ડ સેન્ટર ઊભું કરાશે

### કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ, ન્યુક્લિયર હુમલા થાય તો તેની સામે રક્ષણ આ કેન્દ્ર પૂરું પાડશે

નવી દિલ્હીઃ દેશની રાજધાનીમાં ફાયર સર્વિસીસના નવા વડા મથક ખાતે ભૂગર્ભ કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ અને ન્યુક્લિયર કમાંડ સેન્ટર ઊભું કરાશે.

દિલ્હીમાં તૈયાર થનારું આ સેન્ટર આવા પ્રકારનું સૌપ્રથમ હશે. તે અણુ, રાસાણિક, જૈવિક હુમલા કે દુર્ઘટનામાં રક્ષણ પૂરું પાડવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

નવી દિલ્હીની ફાયર સર્વિસીસના વડા મથક ખાતે આવું સેન્ટર અને સ્પેશ્યલાઇઝ્ડ ઇમર્જન્સી-રિસ્પોન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટેના પ્રોજેક્ટનું ટેન્ડર બહાર પડાયું છે.

અણુ-હુમલા, કિરણોત્સર્ગનું ગળતર કે રાસાયણિક દુર્ઘટનામાં ઢાલ બને એવા ભૂગર્ભમાંના કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ, ન્યુક્લિયર કમાંડ સેન્ટર અંગે માહિતી આપતા ચીફ ફાયર ઑફિસર અભિલાશ મલિકે જણાવ્યું હતું કે આ ભૂગર્ભ કેન્દ્ર ઇમર્જન્સી વખતે વિવિધ એજન્સીઓના સંકલન માટે અને ન્યુક્લિયર રેડિયેશન (કિરણોત્સર્ગ)થી બચવા ઉપયોગી સાબિત થશે. તેમણે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## ગાંધીધામ રેલવે ડિવિઝનનો નવો વિક્રમઃ જૂન મહિનામાં પ્રતિદિન સરેરાશ ૨,૨૫૨ વેગનોમાં માલ લોડિંગ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના કંડલા, મુંદરા અને તુણા પોર્ટ જેવા દેશનાં અગ્રણી બંદરોને કારણે પૂર્વ કચ્છનો ગાંધીધામ વિસ્તાર રેલવે માટે કમાણીનું મુખ્ય કેન્દ્ર બની રહ્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં ગાંધીધામ રેલવે એરિયાએ માલ લોડિંગ ક્ષેત્રે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. રેલવેનાં સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, જૂન મહિનાની કુલ આવકમાં ગાંધીધામ વિસ્તારનું મહત્તમ યોગદાન રહ્યું છે, જ્યાં દરરોજ સરેરાશ ૨,૨૫૨.૯૩ વેગનોમાં માલ લોડિંગ કરવામાં આવ્યું હતું. આ આંકડો જૂન ૨૦૨૫ની સરખામણીએ ૧૨.૫૪ ટકાનો મોટો વધારો દર્શાવે છે.

રેલવે પ્રશાસન દ્વારા ગત જૂન મહિનામાં મુંદરા અદાણી પોર્ટ પરથી ૫૮૭ ડબલ સ્ટેક કન્ટેનર રેકનું સફળતાપૂર્વક લોડિંગ કરીને અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ રેકોર્ડ સ્થાપિત કરાયો છે. આ પૂર્વે ઓક્ટોબર ૨૦૨૫માં ૫૭૦ રેક લોડ કરવાનો રેકોર્ડ હતો. સમગ્ર અમદાવાદ ડિવિઝન દ્વારા જૂન મહિનામાં પ્રતિદિન સરેરાશ ૨,૯૪૧ વેગનોમાં માલ લોડિંગ કરાયું હતું, જેમાંથી સિંહફાળો આપતા એકલા કચ્છ વિસ્તારમાંથી જ ૨,૨૫૫ વેગનોનું હેન્ડલિંગ કરાયું હતું. જૂન માસ દરમિયાન કુલ ૪.૪૨ મિલિયન મેટ્રિક ટન માલસામાનનું પરિવહન કરાયું છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૦.૨૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

જિલ્લામાંથી થતી માલસામાનની નિકાસમાં અલગ-અલગ ચીજવસ્તુઓના લોડિંગમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, જેમાં કોલસામાં ૬૧.૩૬ ટકાની વૃદ્ધિ,

ખાડી દેશના યુદ્ધ વચ્ચે પણ ખાતરમાં ૪૪.૯૬ ટકાની વૃદ્ધિ તેમજ નમકના પરિવહનમાં ૨૫.૧૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

રેલવેની કાર્યક્ષમતા અને આધુનિકીકરણના કારણે ઇલેક્ટ્રિક લોકોમોટિવ (વીજળીથી ચાલતા એન્જિન)ના ઉપયોગમાં ૩.૨૮ ટકાનો વધારો થયો છે, જેને લીધે રેલવેની સંચાલન ક્ષમતા વધુ સુદ્રઢ બની છે. ગત મહિનામાં રેલવે દ્વારા ૧૫૬ 'લોન્ગ-હોલ' એટલે કે,વધુ લંબાઈ ધરાવતી માલગાડીઓ દોડાવવામાં આવી હતી, જે પાછલા વર્ષની સરખામણીએ ૪૫૭.૧૪ ટકાની ઐતિહાસિક વૃદ્ધિ દર્શાવે છે. હાલમાં કચ્છમાં રેલવે નેટવર્ક વિસ્તરણના અનેક મોટા પ્રકલ્પો ચાલી રહ્યા હોવાથી, આગામી સમયમાં ભારતીય રેલવેની તિજોરી ભરવામાં કચ્છ વિસ્તારનું યોગદાન હજુ પણ વધુ વધશે તેમ માનવામાં આવી રહ્યું છે.

## ભાવનગરથી ૫૦૦ કાળિયાર કચ્છના બન્ની વિસ્તારમાં મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં ચિત્તાની વસ્તી પુનઃ સ્થાપિત કરવાની દિશામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્ક બાદ હવે કચ્છનું બન્ની ગ્રાસલેન્ડ દેશમાં ચિત્તાનું બીજું સૌથી મોટું સંભવિત નિવાસસ્થાન બનવા જઈ રહ્યું છે.

આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પના ભાગરૂપે ભાવનગરના વેળાવદર અને ભાલ વિસ્તારમાંથી આશરે ૫૦૦ જેટલા કાળિયાર હરણ (બ્લેકબક)ને કચ્છના બન્ની વિસ્તારમાં સ્થળાંતરિત કરવામાં આવશે. વન્યજીવોના આ મોટા સ્થળાંતર માટે કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. ભાતીગળ બન્ની પ્રદેશના ઘાસિયા મેદાનમાં આગામી સમયમાં ચિત્તા છોડવામાં આવનાર છે, પરંતુ હાલમાં ત્યાં આ હિંસક વન્યજીવો માટે પૂરતો ખોરાક ઉપલબ્ધ નથી. ચિત્તા જેવા મોટા શિકારી પ્રાણીઓ ત્યાં લાંબો સમય ટકી શકે તે માટે વન વિભાગ દ્વારા અત્યારથી જ બન્નીના પર્યાવરણને સજજ કરવામાં આવી રહ્યું છે.

અગાઉ આ વિસ્તારમાં ચિત્તલ અને સાબર જેવા તૃણાહારી પ્રાણીઓ છોડવામાં આવ્યા હતા. હવે ચિત્તાના સૌથી મનપસંદ શિકાર ગણાતા કાળિયારને ત્યાં મોકલવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંજુ કે ઈશાનને બદલે વૈભવ સૂર્યવંશીને રમાડવો જરૂરી

**વૈભવ** સૂર્યવંશીને ભારતની ટી-૨૦ ટીમમાં પસંદ કરાયો ત્યારે સૌને આશા હતી કે, વૈભવે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં કરેલી આતશબાજી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ જોવા મળશે. હવે ક્રિકેટ ચાહકોને સવાલ થઈ રહ્યો છે કે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વૈભવની આતસબાજી જોવા મળશે ખરી ? આ સવાલ થવાનું કારણ એ છે કે, ટીમ ઈન્ડિયામાં પસંદ થઈ ગયો હોવા છતાં વૈભવને બેંચ પર બેસાડી રખાય છે અને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન જ નથી મળતું.

વૈભવને ભારતીય ટીમમાં પસંદ કરાયો પછી આપણી ટીમ આયર્લેન્ડ સામે ૨ ટી-૨૦ મેચ રમી અને ઈંગ્લેન્ડ સામે એક ટી-૨૦ મેચ રમી પણ વૈભવને હજુ તક મળી નથી. ક્રિકેટ ચાહકો વૈભવની જોરદાર ફટકાબાજી જોવા ઊંચાનીચા થઈ રહ્યા છે પણ ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટને વૈભવને હજુ રમાડવા જેવું લાગતું નથી તેથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વૈભવ સૂર્યવંશીનો ડેબ્યુ પાછળ ઠેલાઈ રહ્યો છે. ઈંગ્લેન્ડ સામે બીજી ટી ૨૦ મેચ ૪ જુલાઈ એટલે કે શનિવારે રમાવાની છે ને એ પહેલાં જ વૈભવને તક આપવાની માગ શરૂ થઈ ગઈ છે. ક્રિકેટ ચાહકોથી માંડીને વિવેચકો સુધીના બધા વૈભવને તક મળવી જોઈએ એવું એકસૂરે કહી રહ્યા છે ત્યારે બીજી ટી-૨૦માં વૈભવને તક મળે છે કે નહીં એ અત્યારે તો રાષ્ટ્રીય પ્રશ્ન બની ગયો છે.

ભારતીય ક્રિકેટ ટીમની પસંદગી ક્રિકેટ ચાહકોની લોકલાગણી કે વિવેચકોની માગણીને આધારે નથી થતી. એ રીતે પણ ના કરી શકાય કેમ કે ટીમની પસંદગીમાં સંતુલન, વ્યૂહરચના, હરીફ ટીમની નબળાઈ ને તાકાત વગેરે બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. વૈભવને ત્રણ ટી ૨૦માં ના રમાડાયો એ પાછળ પણ તેમાંથી કોઈ કારણ જવાબદાર હશે તેથી તેને પસંદ ના કરાયો એમ માની લઈએ પણ અત્યારે જે સંજોગો છે એ જોતાં વૈભવને તક મળે એ જરૂરી છે. વૈભવને તક આપવા માટેનું સૌથી મોટું કારણ તો આપણા ઓપનરોનો અસાતત્યપૂર્ણ દેખાવ છે.

ભારતીય ટીમે આયર્લેન્ડ સામે બે અને ઈંગ્લેન્ડ સામેની પહેલી મેચમાં સંજુ સેમસન અને અભિષેક શર્માની જોડીને ઓપનિંગમાં ઉતારી હતી પણ આ જોડી જામી નથી. સંજુ સેમસને છેલ્લી ત્રણ મેચમાં ૧૨ બોલમાં ગણીને ૬ રન કર્યા છે. આયર્લેન્ડ સામેની પહેલી મેચમાં સંજુએ ૪ બોલમાં ૫ રન કરેલો જ્યારે બીજી મેચમાં તો પહેલા જ બોલે ઝીરોમાં ઉડેલો. ઈંગ્લેન્ડ સામેની પહેલી મેચમાં પણ સંજુએ ૭ બોલ રમીને ૧ જ રન કરેલો. સામે અભિષેક શર્માનો દેખાવ એવો ખરાબ નથી.

શર્માએ ઈંગ્લેન્ડ સામેની પહેલી ટી ૨૦માં ૨૪ બોલમાં ૫૯ રનની સ્ફોટક ઈનિંગ રમી જ્યારે આયર્લેન્ડ સામેની પહેલી મેચમાં પણ ૨૦ બોલમાં ૪૯ રનની તોફાની ઈનિંગ્સ રમેલી. આયર્લેન્ડ સામેની બીજી મેચમાં અભિષેક પહેલા જ બોલે ઝીરોમાં ઉડેલો પણ ત્રણ મેચમાં ૪૪ બોલમાં ૧૦૮ રન ખરાબ દેખાવ ના કરાય એ જોતાં અભિષેકને પડતો મૂકવા કારણ નથી પણ સંજુ સેમસનને પડતો મૂકીને વૈભવને ચોક્કસ તક આપી શકાય.

સંજુ સેમસન અનુભવી છે એ જોતાં તેને ના કાઢવો હોય તો બીજો વિકલ્પ ઈશાન કિશનનો છે. ઈશાન કિશન અને સંજુ સેમસન વચ્ચે અત્યારે ખરાબ દેખાવની જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. સંજુએ ૩૪ મેચમાં ૧૨ રન કર્યા છે તો ઈશાને ૧૩ રન કર્યો છે તેથી ઈશાન એક દોરો આગળ છે. ઈશાન કિશન ઈંગ્લેન્ડ સામેની પહેલી મેચમાં ૨ બોલમાં એક પણ રન કર્યા વિના આઉટ થયેલો જ્યારે આયર્લેન્ડ સામેની બીજી મેચમાં ૧૧ બોલમાં ૧૨ રન કરીને આઉટ થયેલો. આયર્લેન્ડ સામેની પહેલી મેચમાં તો ઈશાન ૫ બોલમાં માત્ર ૧ રન કરીને આઉટ થઈ ગયેલો.

ઈશાન અને સંજુ બંનેમાંથી કોના દેખાવને ખરાબ ગણવો એ સવાલ છે તેથી બંનેમાંથી કોઈને પણ કઢાય તો પણ કોઈને ખરાબ નહીં લાગે. ક્રિકેટ ચાહકોને પણ ખોટું નહીં લાગે ને કોઈને પણ અન્યાય થયો હોય એવું નહીં લાગે. સામે સંજુ અને ઈશાનના ખરાબ દેખાવ પછી પણ બંનેને રમાડાય ને વૈભવને ના રમાડાય તો વૈભવને અન્યાય થયેલો ચોક્કસ ગણાશે તેથી હવે વૈભવ તકનો અધિકારી છે જ. સંજુ અને ઈશાન બંને પાછા વિકેટકીપર છે ને ટીમને બે વિકિટકીપરની જરૂર નથી એ જોતાં બંનેમાંથી કોઈને પણ ચોક્કસ કાઢી શકાય ને વૈભવને તક આપી શકાય.

સંજુ સેમસન કે ઈશાન કિશનમાંથી કોઈ એકને પડતા મૂકવા માટે બીજું પણ નક્કર કારણ છે. ભારતની ટીમ ટી-૨૦માં વર્લ્ડ ચેમ્પિયન છે છતાં આયર્લેન્ડ જેવી સાવ નવીસવી ટીમ સામે સળંગ બે મેચમાં હારી જવાની નાલેશી આ મહાન ટીમે નોંધાવી દીધી. ભારતની ટીમની નાલેશી માટે આપણા બેટ્સમેનની ખરાબ ને બેજવાબદાર બેટિંગ જવાબદાર છે. આ વાહિયાત બેટિંગમાં સૌથી મોટું યોગદાન સંજુ સેમસન અને ઈશાન કિશને આપ્યું છે એ જોતાં બંનેને બોધપાઠ તો મળવો જ જોઈએ કે, ટીમ જીતે ત્યારે તમે હીરો બની જાઓ છો તો ટીમ હારે ત્યારે તેની કિંમત ચૂકવવા પણ તૈયાર રહેવું પડશે. ટીમ ખરાબ દેખાવ કરે ત્યારે આખી ટીમને ના બદલી શકાય પણ સળંગ નાલેશીભરી હાર થાય ત્યારે નાલેશીભરી હારમાં સૌથી વધારે ફાળો આપનારાં પર જ તવાઈ આવશે એવો ક્લીયર કટ મેસેજ ટીમને મળવો જ જોઈએ.

વૈભવને તક નથી મળતી તેના કારણે તેનામાં હતાશા પેદા થશે એ અંગે પણ વિચારવું જોઈએ. ટીમ હારી રહી હોય ને ખેલાડીઓ સારો દેખાવ ના કરતા હોય છતાં તેમને ના કઢાય ને પોતાને તક ના મળે ત્યારે ૧૫ વર્ષના છોકરાને થોડી ઘણી હતાશા તો થાય જ. આ હતાશા કાયમી બની જાય એ પહેલાં વૈભવને રમાડવો જરૂરી છે.

વૈભવને તક મળશે ત્યારે એ કેવું રમશે એ ખબર નથી પણ તેનામાં સ્ફોટક બેટિંગ કરવાની તાકાત છે તેમાં કોઈ શંકા નથી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાનું દબાણ અલગ હોય છે એ જોતાં વૈભવ શરૂઆતમાં અપેક્ષા પ્રમાણેનો દેખાવ ના કરી શકે એવું બને કે પછી રવિ શાસ્ત્રીએ કહ્યું સામેની ટીમનાં છોતરાં ફાડી નાખે એવું પણ બને. શક્યતા બંને છે ને તેમાંથી કઈ શક્યતા સાચી પડશે એ છાતી ઠોકીને કોઈ ના કહી શકે પણ કઈ શક્યતા સાચી પડે છે એ જોવા માટે પણ તક તો આપવી પડે કે નહીં ? તક જ નહીં મળે તો એ પોતાની ક્ષમતા કઈ રીતે સાબિત કરશે ? સચિન તેંડુલકર, વિરાટ કોહલી સહિતના ક્રિકેટરોને નાની ઉંમરે તક મળી ત્યારે એ બધા પહેલા જ ધડાકે તિસમારખાં સાબિત નહોતા થયા પણ તેમનામાં રહેલી ક્ષમતાનો ચમકારો બધાંને ચોક્કસ મળી ગયેલો. વૈભવના કિસ્સામાં પણ એ ચકાસણી માટે તક મળવી જરૂરી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૩-૭-૨૦૨૬, સંકષ્ટી ચતુર્થી
ભારતીય દિનાંક ૧૨, માહે અષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ - ૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૩
પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
મીસરી રોજ ૧૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
નક્ષત્ર શ્રવણ સવારે ક. ૧૧-૪૬ સુધી, પછી ધનિષ્ઠા
ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૭ સુધી, પછી કુંભમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક. ૧૩-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૩ (તા. ૪)
ઓટઃ સવારે ક. ૦૭-૨૧, રાત્રે ક. ૨૦-૨૭
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - તૃતીયા. સંકષ્ટી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. (૨૧-૫૧), બુધ પશ્ચિમમાં લોપ થાય છે. પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૭. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૧૯.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, ગણેશ મંદિરોમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, સંકષ્ટી ઉપવાસ, ચંદ્રદર્શનનો મહિમા, શ્રી ગણપતિને ચુરમાના લાડુ ધરાવવા, શુક્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, પરદેશગમનનું પસ્તાનું, નવાં વસ્રો, આભૂષણ, નોકરી, વાહન, સવારી, દુકાન-રત્નધારણ, વિદ્યારંભ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું,ધાન્ય વેંચવું, બી વાવવું, વૃક્ષ રોપવા, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ અવ્યવહારુ સ્વભાવમાં સાવધાની રાખવી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ
ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# સના તકાઈચીને નાની બહેન તરીકે સંબોધ્યા મોદીએ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અહીં સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન તેમના જાપાની સમકક્ષ સના તાકાઈચીને પોતાની 'નાની બહેન' કહીને સંબોધિત કર્યા હતા અને તેમને દ્રષ્ટા અને લોકપ્રિય નેતા તરીકે બિરદાવ્યા હતા. મોદીએ હિન્દીમાં ટિપ્પણી કરી હતી, અને તકાઈચી, જેમણે ટેક ડિવાઇસ દ્વારા જાપાનીઝમાં તેનો એક સાથે અનુવાદ સાંભળ્યો હતો, તેમણે આનો ઉષ્માભર્યો સ્મિત સાથે જવાબ આપ્યો હતો. ભારત અને જાપાન ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી ધરાવે છે, અને બંને દેશ વચ્ચેની મિત્રતાનો લાંબો ઇતિહાસ છે, જે આધ્યાત્મિક સ્નેહ અને મજબૂત સાંસ્કૃતિક અને સભ્યતા સાથે સંકળાયેલા સંબંધોમાં મૂળ ધરાવે છે.

# બેંગ્લૂરુમાં ખડક ધસી પડતાં સાતનાં જીવ ગયા

બેંગ્લૂરુઃ કર્ણાટકની રાજધાની બેંગ્લૂરુમાં એક મોટી દુર્ઘટના સર્જાઇ છે. ગુરુવારે સવારે શહેરના સાઉથ તાલુકાના માદાપટ્ટના વિસ્તારમાં એક પથ્થરની ખાણમાં વિશાળકાય ખડક ધસી પડ્યો હતો. આ અકસ્માતમાં બિહારના રહેવાસી એવા સાત મજૂરનાં કાટમાળ નીચે દબાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત વહેલી સવારે એ સમયે થયો જ્યારે મજૂરો ખાણમાં પથ્થર તોડવા અને ખોદકામના કામમાં લાગેલા હતા.

# થાઈલૅન્ડમાં ૧૧ વર્ષના છોકરાએ નવ સાધુને ટ્રક નીચે કચડ્યા

બૅંગકોકઃ પીકઅપ ટ્રક ચલાવી રહેલા ૧૧ વર્ષના છોકરાએ થાઈ સાધુઓનાં જૂથને અડફેટે લેતાં નવ સાધુનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. આ ઘટના ગુરુવારે થાઈલૅન્ડમાં બની હતી.

૩૫ સાધુઓનું જૂથ પગપાળા ધાર્મિક યાત્રાએ જઈ રહ્યું હતું ત્યારે મૂકદાહાન પ્રાન્તમાં આ ઘટના બની હતી.

પાંચ સાધુનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને બાકીના ત્રણનું હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હોવાનું મૂકદાહાનના ગવર્નર વૉરાયાન બૂનારાટે કહ્યું હતું. ઘટનાની ૩૦ મિનિટ પહેલા જ સાધુઓનાં જૂથે યાત્રા આરંભી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર

ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો જ્યારે લગભગ ૨૬ તાલુકામા એક ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો હતો.

ગુરુવારે રાજ્યના કુલ ૧૫૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જોકે અમદાવાદ જિલ્લામાં હજુ પણ મેઘરાજાએ કૃપા વરસાવી નથી. શહેરના અમુક ભાગમાં મોડી સાંજે એકાદ બે ઝાંપટા આવ્યા હતા, પરંતુ દિવસ દરમિયાન બફારો અનુભવાયો હતો.

સમગ્ર સોરઠ પંથકમાં પડેલા વરસાદને લીધે ગીરનારની તળેટીમાં આવેલા ઐતિહાસિક અને પવિત્ર દામોદર કુંડમાં નવા નીરની આવક થતા શ્રદ્ધાળુઓમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી. ગીરનારનું વરસાદી પાણી સોનરખ નદી વાટે દામોદર કુંડમાં આવતા આ વિસ્તારની શોભામાં વધારો થયો છે. ચાતુર્માસના પવિત્ર માસમાં થયેલી આ જળવર્ષાથી ગીરનારની હરિયાળી પણ સોળે કળાએ ખીલી ઊઠી છે. આ તરફ, કેશોદ અને માંગરોળ તાલુકામાં પણ ભારે વરસાદને લીધે જૂનાગઢ-કેશોદ-માંગરોળ સ્ટેટ હાઇવે પર એકથી દોઢ ફૂટ પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો

સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પણ મેઘરાજા મનમૂકીને વરસ્યા હતા. ગીર સોમનાથના સૂત્રાપાડાના પશનાવડા, બાવાનીવાવ અને વાવડી સહિતના ગામોમાં ભારે વરસાદથી ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતા. જામનગરના કાલાવાડ પંથકના નિકાવા, ખરેડી અને ગુંદા સહિતના વિસ્તારોમાં પણ સતત બીજા દિવસે અનરાધાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે ખરેડીની નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. ભેંસાણ પંથકમાં પડેલા વરસાદને કારણે સ્થાનિક ગાલોળિયો નદીમાં પૂર આવતા દેવકી ગાલોળ પાસેનો હાઇવે ડાયવર્ઝન ધોવાઈ ગયો છે, જેનાથી રાજકોટ, જૂનાગઢ અને અમરેલીના અનેક ગામોનો સંપર્ક કપાઈ ગયો હતો.

રાજકોટ જિલ્લાના ઉપલેટા અને ધોરાજીમાં પણ સતત બીજા દિવસે ભારે વરસાદ ખાબક્યો હતો. ઉપલેટા તાલુકાના સાતવડી ડેમની સપાટી ૪૨ ફૂટે પહોંચી હતી, જે ૫૨ ફૂટે ઓવરફ્લો થવાની તૈયારીમાં છે. તાલુકાના મોટી પાનેલી, હરિયાસણ, ચરેલીયા અને ઢાંક સહિતના ગામોમાં બપોરથી જ ધોધમાર વરસાદ પડ્યો હતો. બીજી તરફ, માલિયાસણ ખાતે રાજકોટ-અમદાવાદ હાઇવે પર ઓવરબ્રિજ પર ગોઠણડૂબ પાણી ભરાઈ ગયા હતા, જેનાથી ટ્રાફિક વ્યવહાર પર સીધી અસર જોવા મળી હતી.

હવામાનની આ સ્થિતિ વચ્ચે તંત્ર પણ સાબદું બન્યું છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા, જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાઇટાઇડ એલર્ટ જાહેર કરાયું હતું. દરિયામાં ૮ થી ૧૦ ફૂટ સુધીના ઊંચા મોજા ઉછળવાની શક્યતાને પગલે વાડીનારથી ઓખા અને સલાયા સુધીના દરિયાકાંઠાના લોકોને સતર્ક રહેવા અને દરિયા કિનારાથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘમહેર વચ્ચે જનજીવન પ્રભાવિત થયું હોવા છતાં, જળાશયોમાં નવા નીરની આવકથી લોકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.

### રુદ્રપ્રયાગમાં

ચોમાસું બેઠું હતું અને આખા રાજ્યમાં બુધવારથી સક્રિય બનતા દહેરાદૂન સહિત અનેક વિસ્તારોમાં સતત વરસાદ પડી રહ્યો છે.

ઉત્તરાખંડના પાંચ જિલ્લા - નૈનિતાલ, દહેરાદૂન, હરિદ્વાર, પૌડી ગઢવાલ અને ઉધમસિંહ નગર ખાતે ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરાઇ છે.

ઉત્તરાખંડમાં અનેક ઠેકાણે ભારે વરસાદને લીધે વાહનવ્યવહાર ખોરવાયો હતો. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ દ્વારા નદીઓના જળસ્તર પર સતત નજર રખાઇ રહી છે. (એજન્સી)

### બીએમસીના પાપે

કરનારા મેનહોલ પર જાળી બેસાડવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે સવારના ૧૦ વાગ્યાની આસપાસ ફોન પર વાત કરતા કરતા ચાલી રહેલો પંચાવન વર્ષનો અસ્લમ ઈસામ શેખ ખુલ્લા મેનહોલમાં પડી ગયો હતો. ખૈરાણી માર્ગ પર ખાનગી કૉન્ટ્રેક્ટર તરફથી મેનહોલ પર બેસાડવામાં આવતી જાળીનું દેખરેખનું કામ શરૂ હતું ત્યારે મેનહોલનું ઢાંકણું ખૂલ્લું કરવામાં આવ્યું હતું. તે સ્થળે બૅરીકેડ્સ પણ લગાડવામાં આવ્યા નહોતો. તેથી સાકીનાકાના યાદવ નગરમાં રહેતા અસલમ શેખને ખુલ્લા મેનહોલનો અંદાજ આવ્યો નહોતો અને તે સંતુલન ગુમાવી બેસતા મેનહોલમાં પડી ગયો હતો.

ઘટનાની જાણ થતા પાલિકાના અધિકારી, કર્મચારી, ફાયર બ્રિગેડે, પોલીસ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને તેને બચાવી લેવા માટે યુદ્ધનાં ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગટરમાં અંદર ઝેરી ગૅસ હોવાની શકયતાને પગલે બચાવ કામગીરી દરમ્યાન ફાયર બ્રિગેડ ગટરમાંથી વાયુ કાઢવા માટે એક્ઝોસ્ટ બ્લોઅરનો ઉપયોગ કર્યો હતો. એ બાદ ફાયર બ્રિગેડના જવાનો બ્રીધિંગ ઑપરેટ્સ પહેરીને ગટરમાં ઉતર્યા હતા. શોધ દરમ્યાન તેની છત્રી અને ચપ્પલ મળી આવ્યા હતા પણ પાણીનો વેગ ઝડપી હોવાથી તે પાણી સાથે વહી ગયો હોવાનું જણાઈ આવ્યું હતું. લગભગ ચાર કલાકના અથાગ પ્રયાસ બાદ ફાયરબ્રિગ્રેડે રેસ્ક્યુ વૅન, ટ્રાયપૉડ અને દોરીની સીડીની મદદથી અસ્લમ શેખને બહાર કાઢવામાં આવ્યો હતો. તેનું મૃત્યુ થયું જણાઈ આવતા તેના મૃતદેહને પોસ્ટમૉર્ટમ માટે રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

મેનહોલમાં પડી જવાથી અસલમ શેખના મૃત્યુ માટે પાલિકાના સત્તાધારીની સાથે જ વિરોધપક્ષે પ્રશાસનને આડે હાથ લીધા હતા. ડેપ્યુટી મેયર સંજય ઘાડીએ દોષી સામે આકરા પગલા લેવાની માગણીની સાથે જ પાલિકા કમિશનર અશ્વિની ભીડેના રાજીનામાની પણ માગણી કરી હતી. પાલિકા પ્રશાસને આ પ્રકરણમાં મોટી કાર્યવાહી કરી છે, જેમાં 'એલ' વૉર્ડના આસિસ્ટન્ટ કમિશનર ધનાજી હર્લેકર સહિત ચાર અધિકારીઓને તપાસ થાય નહીં ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમ જ સંબંધિત કૉન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. તેમ જ પૂરા પ્રકરણની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની સ્થાપના કરીને સાત દિવસમાં અહેવાલ આપવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ અગાઉ ૨૦૧૭ માં ભારે વરસાદ દરમિયાન ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડો. દીપક અમરાપુરકરના ખુલ્લા મેનહોલમાં તણાઈ જવાથી મૃત્યુ થયા પછી ખુલ્લા મેનહોલને કારણે નિર્માણ થનારા જોખમો પર ખાસ ધ્યાન આપવાનો વખતોવખત હાઈ કૉર્ટે પાલિકાને આદેશ પણ આપ્યો હતો.

### એઆઈ - ચુકાદા

અસ્તિત્વ નહિ ધરાવતા, બનાવટી અને આભાસી સામગ્રી પર આધારિત ગણાવીને તેને રદબાતલ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે વકીલે એઆઇ દ્વારા તૈયાર કરાયેલી સામગ્રી કે ચુકાદાને ટાંકતા પહેલાં તે સાચા છે કે ખોટા તેની તપાસ કરવી જોઇએ. બૅન્ચે જણાવ્યું હતું કે ન્યાયાધીશ એઆઇ દ્વારા તૈયાર કરાયેલી આવી બનાવટી અને આભાસી સામગ્રીને આધારે ચુકાદો આપે, તો પણ તેને પણ જજ દ્વારા દાખવાયેલી 'ગંભીર ખામી' ગણાય. (એજન્સી)

### અમેરિકામાં હૉટેલની

પરિવાર લગભગ બે વર્ષ પહેલાં સારા ભવિષ્યની શોધમાં અમેરિકા ગયો હતો અને ત્યાં સ્થાયી થયો હતો. હિતેશભાઈ આ જ હોટલમાં કામ કરતા હતા અને તેમનો પરિવાર હોટલ પરિસરમાં રહેતો હતો. રવિવારે રાત્રે ૧:૩૦ વાગ્યાની આસપાસ હોટલમાં અચાનક આગ લાગી હતી. આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી, જેના કારણે પરિવાર તેમના રૂમમાં ફસાઈ ગયો હતો. ખતરાનો અનુભવ થતા તેમણે હોટલના ફ્રન્ટ ડેસ્ક પર ફોન કર્યો અને મદદ માગી હતી. અહેવાલો અનુસાર, ફ્રન્ટ ડેસ્કે તેમને સલાહ આપી હતી કે તેઓ રૂમના બાથરૂમમાં જતા રહે અને પાણી ચાલુ કરી દે અને ત્યાં સુરક્ષિત રહેવાનો પ્રયાસ કરે જેથી ધુમાડો અને આગથી બચી શકાશે. પરિવારે નિર્દેશોનું પાલન કરતા પોતાને બાથરૂમમાં બંધ કરી દીધા અને બચાવ ટીમોની રાહ જોવા લાગ્યા.

જોકે, આગને કાબૂમાં લેવામાં અને બચાવ કામગીરી શરૂ કરવામાં સમય લાગ્યો. આ સમય દરમિયાન ઓરડો ધુમાડાથી ભરાઈ ગયો અને હિતેશભાઈ, હિનાબેન અને તેમની પુત્રી ઈશાનીનું ગૂંગળામણથી મૃત્યુ થયું હતું.

આ દુઃખદ અકસ્માતના સમાચાર નડિયાદ પહોંચતા જ પરિવારના સંબંધીઓ અને સ્થાનિક રહેવાસીઓમાં શોકની લહેર ફેલાઈ ગઈ હતી. સ્થાનિક પોલીસે હાલમાં આગના કારણની તપાસ કરી રહ્યું છે. દરમિયાન, પરિવાર અને સમુદાયના સભ્યો મૃતકોના મૃતદેહને ભારત લાવવાની પ્રક્રિયા અંગે અધિકારીઓ સાથે સંપર્કમાં છે.

### અયોધ્યામાં

સભ્યોએ રામ મંદિરમાં દાનની કથિત ચોરીના મામલામાં ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સામે એફઆઇઆર નોંધાવવા માટે પોલીસમાં ફરિયાદ આપી છે.

જોકે ચંપત રાયના નિકટના સાથીદારોને કહ્યુ છે કે ચંરત રાય કહે છે કે અયોધ્યામાં મારી સેવા પતી ગઈ છે. ચંદા-ચોરને લીધે હું આ કલંક સાથે રહેવા માગતો નથી. હાલમાં એકાંતમાં રહેતા ચંપત રાયએ કહ્યું હતું કે મારા ટ્રસ્ટ સાથે દગો થયો છે. તીર્થ ક્ષેત્રના મહામંત્રી ચંપત રાય પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે ચંપત રાઈ અને તેની ટોળકીએ ગેરકાયદે રીતે બનાવટી દસ્તાવેજોના આધારે મંદિર હડપ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે સત્તાવાળાઓએ મારી ફરિયાદની ઉપેક્ષા કરી હતી. દરમિયાન અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટીએ ચંદા-ચોરીના આરોપી લવકુશ મિશ્રાની પત્નીને તેમના નામ પર ગેરકાયદે ઘર બાંધવા બદલ નોટિસ મોકલાવી છે. આ ઘર સોહવાલ તાલુકાના ભવાનીપુર ગામમાં બંધાઈ રહ્યું છે.

રામકોટના સદીઓ જૂના રામનિવાસ મંદિરના પંચપ્રમુખ હોવાનો હરિશંકર સફારીવાલાએ દાવો કર્યો હતો. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને ભૂતપૂર્વ વિધાનસભ્ય તેજનારાયણ પાંડે સાથે હરિશંકરે લખનઊમાં પત્રકાર પરિષદને સંબોધી હતી. પત્રકારોને સંબોધતા સફારીવાલાએ દાવો કર્યો હતો કે રામનિવાસ મંદિર રામજન્મભૂમિ સંકુલની બરાબર બાજુમાં આવેલું છે. અને તેને પંચ સમિતિ ચલાવે છે. સમિતિએ મંદિરનો વહીવટ ચલાવવા પુરોહીતની નિમણૂક કરી હતી.

મંદિર હડપ કરવાના કાવતરાનો આક્ષેપ કરતા સફારીવાલાએ દાવો કર્યો હતો કે મંદિર વેચી શકાય એવી સંપત્તિ ન હોવા છતાં ચંપત રાય અને તેમની ટોળકીએ પ્રોપર્ટી એગ્રિમેન્ટના નામે ખોટા દસ્તાવેજો બનાવ્યા હતા તેમણે વધુમાં કહ્યું હતું કે ચંપત રાયની ટોળકીએ બનાવટી કાગળિયા બનાવ્યા હતા અને અમારા નિમેલા પુરોહીત અને તેમના સંબંધીને ૬૦ લાખ રૂપિયા આપ્યા હતા. અને ૫.૮૦ કરોડ રૂપિયાની ડીલ બતાવી બનાવટી કાગળિયા જમા કરાવ્યા હતા.

તેમણે વધુમાં દાવો કર્યો હતો કે મંદિરની સમિતિને આ સંપત્તિ આપી દેવા કરોડો રૂપિયાની ઓફર કરાઈ છે. અમે કહ્યું હતું કે આ મંદિરના અમે કોઈ માલિક નથી. સમિતિ જ આની માલિક છે. આ મંદિર અને આસપાસની જમીન ૫૦ કરોડ રૂપિયાની છે, જેનો તાબો ગેરકાયદે કબજો જમાવનાર પાસે છે. અખિલેશ યાદવે સત્તાવાળાઓને નિષ્પક્ષ તપાસ કરવાનો અનુરોધ કર્યો હતો. દરમિયાન ચંપત રાઈ કે ટ્રસ્ટ તરફથી કોઈ ટિપ્પણી કરાઈ નથી. (એજન્સી)

### દિલ્હીમાં ભૂગર્ભમાં

દેશની રાજધાનીમાં આવા પ્રકારનું પ્રથમ ભૂગર્ભ સેન્ટર હશે. તેમાં લોકો કિરણોત્સર્ગથી પણ બચી શકશે. ચીફ ફાયર ઑફિસર અભિલાશ મલિકે જણાવ્યું હતું કે આ સેન્ટર શહેરના નહેરુ પ્લેસ, લક્ષ્મીનગર અને રોહિણી ખાતેના હાલના ડિઝાસ્ટર સેન્ટર ઉપરાંત દિલ્હી ફાયર સર્વિસીસ તેમ જ રેસ્ક્યૂ બટાલિયનનું માર્ગદર્શન કરવાનું કામ પણ કરશે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ અગ્નિશામક દળ મોટી દુર્ઘટનામાં, આગ ઓલવવામાં અને ઇમર્જન્સીમાં વિવિધ સરકારી એજન્સીઓનું સંકલન કરવામાં આગળ પડતો ભાગ ભજવે છે.

દિલ્હીની ફાયર સર્વિસીસ આવતા વર્ષ સુધીમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ), જીપીએસ અને જીઆઇએસ-આધારિત સિસ્ટમ્સથી સજ્જ એક સેન્ટ્રલાઇઝ્ડ કમાંડ ઍન્ડ કન્ટ્રોલ સેન્ટર ઊભું કરવાની યોજના ધરાવે છે. તેના પાંચ ઑપરેશનલ ઝોનમાં અલગ કમાંડ સેન્ટર્સ શરૂ કરાશે. દિલ્હી ફાયર સર્વિસીસે આગામી પચીસ વર્ષ માટે ઘડી કાઢેલી યોજનાનો આ સેન્ટર એક ભાગ જ છે. (એજન્સી)

### અમેરિકા-ઈરાન

વિદેશ ખાતાએ કહ્યું હતું કે કતાર અને પાકિસ્તાની મધ્યસ્થીકારોએ દોહા ખાતે અમેરિકા અને ઇરાનના પ્રતિનિધિમંડળ સાથે અલગ બેઠક કરી હતી. સ્વિટ્ઝરલૅન્ડની લેક લુસર્ને સમિટની વાત આગળ ધપાવીને ઈસ્લામાબાદ ખાતે થયેલા સમજૂતીપત્રના પાસાને લગતી બાબતો પરની ચર્ચામાં પ્રગતિ જોવા મળી હતી.

આગામી વાતચીતની તારીખ જાહેર કરાઈ નથી. ઇરાનના ભૂતપૂર્વ સર્વોપરી નેતા આયાતોલ્લા અલી ખામેનેઈની અંતિમયાત્રા પછી વાતચીત યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પાકિસ્તાને વધુમાં કહ્યું હતું કે બન્ને પક્ષો આગામી સમયમાં ચર્ચા ચાલુ રાખવા સંમત થયા હતા. ખામેનેઈના જનાના પછી બેઠક યોજાશે.

છેલ્લા ત્રણ દાયકાથી ઇરાનનું શાસન કરનાર ખામેનેઈ અમરિકા અને ઇઝરાયલે ઇરાન પર કરેલા હુમલાના પહેલા દિવસે એટલે કે ૨૮ ફેબ્રુઆરીએ જ શહીદ થયા હતા. દફનવિધિ તહેરાન અને કોમમાં પાંચ, છ અને સાત જુલાઈએ પાર પડાશે. કતારના વિદેશ મંત્રાલયે પણ આ નિવેદન વેબસાઈટ પર મૂક્યું હતું. (એજન્સી)

### એઆઇ, આર્થિક

ટૅક્નોલૉજી, નાગરિકોની આપ-લે સહિતના ક્ષેત્રે સહકાર વધારશે.

મોદીએ પ્રસારમાધ્યમને મોકલેલા નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત અને જાપાનના અર્થતંત્ર સમાન પ્રગતિપંથે છે. બન્ને દેશના સાંસ્કૃતિક મૂલ્યોથી લઇને આધુનિક ટૅક્નોલૉજી તેમ જ વિચારધારા અને અભિગમમાં પણ ઘણું સામ્ય છે. તેમણે જણાવ્યું હતું કે બન્ને દેશ વચ્ચેના સંબંધ અતૂટ વિશ્વાસ પર આધારિત છે. ભારત અને જાપાને આર્થિક સુરક્ષા માટે સંયુક્ત રૂપરેખા ઘડી છે. સૅમિકન્ડક્ટર્સ, ક્વૉન્ટમ, ઊર્જા ક્ષેત્રે પણ દ્વિપક્ષી સહકાર વધારાશે. મોદીએ જણાવ્યું હતું કે ભારત - જાપાન બાયો-ગૅસ ઇનિશિયેટિવ હેઠળ ભારતમાં એક હજાર બાયો-ગૅસ અને સેન્દ્રિય ખાતરના પ્લાન્ટ્સ ઊભા કરાશે. તેને લીધે ભારતના ગ્રામ્યજનોનું જીવનધોરણ સુધરશે અને ગામડાં સમૃદ્ધ બનશે.

મોદી અને સાનેઇ ટાકાઇચીની હાજરીમાં આર્થિક સુરક્ષા, સ્વચ્છ ઊર્જા, ક્રિટિકલ ટૅક્નોલૉજી, સંશોધન અને વિકાસ માટે દ્વિપક્ષી સમજૂતી કરાર અને અન્ય કરારો પર સહીસિક્કા કરાયા હતા. ભારતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા જાપાનનાં વડાં પ્રધાન સાનેઇ ટાકાઇચીએ જણાવ્યું હતું કે જાપાન દ્વારા ભારતમાં ૧૭ ક્ષેત્રે રોકાણ વધારાશે. અમે આશા રાખીએ છીએ કે મોદીએ શરૂ કરેલા 'વિકસિત ભારત' અભિયાનને લીધે ભારત ૨૦૪૭ સુધીમાં વિકસેલો અગ્રણી દેશ બની જશે. (એજન્સી)

# મહેસાણા અને અરવલ્લીમાં માત્ર તેર અને પંદર વર્ષના બે સગીર વિદ્યાર્થીના આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાવ જ નાની અને નાસમજ ઉંમરના બે સગીરના આપઘાતે ફરી માનસિક સ્વાસ્થ્ય અને બાળકો-યુવાનોમાં વધતી જતી નિરાશા તેમ જ તાણના મુદ્દાને ઉજાગર કર્યો છે. ગુજરાતના મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં અનુક્રમે ૧૩ અને ૧૫ વર્ષના બે વિદ્યાર્થીએ આપઘાત કરી લીધાની ઘટના નોંધાઈ હતી.

મહેસાણામાં પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ બનેલા ફ્લેટના છઠ્ઠા માળેથી એક સગીરાએ કૂદકો માર્યો હતો અને જીવન ટૂંકાવી દીધો હતો. વિદ્યાર્થિની આ ફ્લેટની રહેવાસી ન હતી, પરંતુ બાજુમાં આવેલી સોસાયટીમાં રહેતી હતી.

ઘટનાની જાણ થતા તેનો પરિવાર, પોલીસ અને સ્થાનિકો દોડી આવ્યા હતા. વિદ્યાર્થિનીએ આવું પગલું શા માટે ભર્યું તે અંગે પરિવારને કોઈ જાણ ન હોવાનું અને પરિવાર ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

અરવલ્લીની ઘટનામાં એસએસસીમાં અભ્યાસ કરતા ૧૫ વર્ષીય સગીરે અભ્યાસના ભારણ અને અસફળતાના ડરને કારણે આપઘાત કરી લીધો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અરવલ્લી જિલ્લાના હાથિયા ગામનો રહેવાસી આ વિદ્યાર્થી ધોરણ-૧૦ની પરીક્ષામાં ગણિત અને વિજ્ઞાનમાં નાપાસ થયો હતો. ત્યારબાદ જૂન મહિનામાં પૂરક પરીક્ષામાં પણ નાપાસ થતા તે નાસીપાસ થઈ ગયો હતો. આ તાણમાં તેણે ઘરમાં જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધો હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

બન્ને કેસમાં પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# ભયાનકઃ રાજસ્થાન અને મધ્ય પ્રદેશના સરપંચોનું ગરીબ બાળકોને અમદાવાદમાં ભીખ મંગાવવાનું રેકેટ પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ક્રાઈમ બ્રાન્ચ અને અમદાવાદ મહાનગરપાલિકાએ સહિયારા પ્રયાસો કરી અમદાવાદના ટ્રાફિક સિગનલ્સ, મોલ્સ કે જાહેર સ્થળો પર ભીખ માગતાં બાળકોને રેસ્ક્યુ કરવાનું એક અભિયાન હાથ ધર્યું હતું. જોકે આ અભિયાન દરમિયાન એક ભયાનક કહી શકાય તેવી હકીકત બહાર આવ્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર તેમના ધ્યાનમાં આવ્યું હતું કે રાજસ્થાન અને મધ્ય પ્રદેશના અમુક ગામના સરપંચ અથવા ગ્રામપ્રમુખ જ ગરીબ ઘરના બાળકોને ગુજરાત લાવી ભીખ મંગાવવાના કામમાં લગાડી રહ્યા છે.

પોલીસે અત્યાર સુધીમાં આ રેકેટ દ્વારા શહેરમાં કથિત રીતે તસ્કરી કરાયેલાં ૨૭૬ બાળકોની ઓળખ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બાળકોને સરકારી પ્રાથમિક શાળાઓમાં દાખલ કરવામાં આવશે અને તેમને ભોજન, આશ્રય અને પુનર્વસન પૂરું પાડવામાં આવશે, જ્યારે માત્ર પૈસા માટે નિર્દોષ બાળકોનું શોષણ કરનારાઓ સામે ફોજદારી કેસ કરવામાં આવશે, તેમ પણ જણાવ્યું હતું.

અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર ભિખારીઓ મોટેભાગે એક ઓર્ગેનાઈઝ્ડ નેટવર્કનો ભાગ હોય છે. મોટાભાગનાં બાળકો ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવ્યા હોય છે અને તેમનાં માતા-પિતા જ તેમને ભીખ માગવા મોકલે છે, જેથી આવક થાય. આવું રેકેટ ગામડામાં શરૂ થાય છે જ્યાં સરપંચની મદદ લેવામાં આવે છે. તેઓ આવા ગરીબ પરિવારના બાળકો વિશે રેકેટ ચલાવનારાઓને જણાવે છે.

ગુજરાતમાં રેકેટ ચલાવનારા સરપંચને બાળકો લાવવા માટે પૈસા આપે છે. જેમાંથી અમુક રકમ સરપંચ બાળકોના માતા-પિતાને આપે છે. આ સાથે બાળકોની ભીખની કમાણીમાંથી પણ તેમનો લગભગ ૨૦ ટકા જેટલો હિસ્સો હોય છે,

સૌથી વધારે ભીખ ધાર્મિક સ્થળો આસપાસ મળે છે. ત્યારબાદ ટ્રાફિક જંકશન, હોસ્પિટલ અને શોપિંગ મોલ્સ આસપાસ બાળકો ભીખ માગે છે. બાળકોને લોકેશન અંગે માહિતી મેળવ્યા બાદ ભીખ માગવા મોકલવામાં આવે છે. ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે તેમણે એવાં ગામડાઓ ઓળખી કાઢ્યા છે જ્યાંથી બાળકોને લાવવામાં આવે છે અને અમદાવાદમાં એવા લોકેશનને પણ ટ્રેસ કર્યા છે, જ્યાં તેમને કામે લગાડવામાં આવે છે. આ સાથે સરપંચો અને માતા-પિતાની સામે ગુનો નોંધવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હોવાનું પોલીસસૂત્રોએ જણાવ્યું હતું. ■

# મહિલાઓ અને બાળકોની ઓનલાઈન સુરક્ષા માટે ગુજરાત પોલીસનું ૨૮ દિવસનું રાજ્યવ્યાપી અભિયાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ દ્વારા મહિલાઓ અને બાળકોની ઓનલાઈન સુરક્ષાના હેતુ સાથે ૨૮ દિવસના રાજ્યવ્યાપી 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૧ જુલાઈથી શરૂ થયેલું આ અભિયાન ૨૮ જુલાઈ સુધી ચાલશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ટેકનોલોજી આધારિત પોલીસિંગ, સાયબર જાગૃતિ અને વહીવટી તંત્રના સમન્વય દ્વારા રાજ્યમાં વધુ સુરક્ષિત ડિજિટલ વાતાવરણનું નિર્માણ કરવાનો છે.

આ અભિયાન અંતર્ગત સાયબર ક્રાઈમ, ઓનલાઈન શોષણ, સાયબરસ્ટોકિંગ, નાણાકીય છેતરપિંડી અને આઈડેન્ટિટી થેફ્ટ જેવાં જોખમો સામે રક્ષણ મેળવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્યના પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસ આ અભિયાન દ્વારા સંભવિત ભોગ બનનારાઓની ઓળખ કરી, નાણાકીય નુકસાન અટકાવવા અને કોઈપણ સાયબર ફરિયાદ પર ૨૪ કલાકની અંદર પ્રાથમિક કાર્યવાહી કરી દેવામાં આવશે. અભિયાનને સફળ બનાવવા માટે ગુજરાત પોલીસ જુદી જુદી બેંકો, ટેલિકોમ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ અને સ્થાનિક સમુદાયના નેતાઓ સાથે મળીને કામ કરી રહી છે. સ્થાનિક સ્તરે 'શી ટીમ' અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ મેગા કેમ્પેઈન હેઠળ ૨૫ લાખ નાગરિકોને સાયબર સુરક્ષા વિશે શિક્ષિત કરવાનું અને ૨૦ લાખ વિદ્યાર્થીઓને 'સાયબર સેફ્ટી પ્લેજ' લેવા માટે પ્રોત્સાહિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, અંદાજે ૧૦ હજાર શાળાઓ અને ૧૫૦૦ જેટલી કોલેજોમાં જાગૃતિ સત્રો યોજવા તથા ૧ લાખ કિશોરીઓને ઓનલાઈન હેરાનગતિ અને ડિજિટલ પ્રાઈવસી અંગે માર્ગદર્શન આપવાની યોજના છે. ■

# સ્પોર્ટ્સ પ્રોફેસર ખેલાડી નીકળ્યો, વિદ્યાર્થીઓને નોકરીની લાલચ આપી લાખો ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષકો શિક્ષણ સાથે કારકિર્દી ઘડતરમાં માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીઓને આગળના જીવનની દિશા પણ બતાવે છે, પરંતુ અમદાવાદમાં એક પ્રોફેસરે વિદ્યાર્થીઓને નોકરી અને ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે સિલેક્શનના બહાને ખંખેરી નાખ્યાનો કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર ગુજરાત કોલેજમાં સ્પોર્ટ્સના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પ્રજ્ઞેશ બારહાટે ફરજ બજાવે છે. તેમણે કથિત રીતે વિદ્યાર્થીઓને એરફોર્સમાં નોકરી આપવા અને તેમ જ સ્ટેટ ક્રિકેટ એસોસિયેશનની ટીમમાં સિલેક્શનની લાલચ આપી હતી. આ માટે તેમણે વિદ્યાર્થીઓ પાસેથી લાખોની રકમ પણ લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ઈ-મેલ દ્વારા જાણકારી મળશે, તેમ જણાવ્યું હતું. જોકે લાંબા સમય સુધી કોઈ ઈ-મેલ આવ્યા ન હોવાથી વિદ્યાર્થીઓએ પ્રોફેસરને ફોન કર્યો હતો, પરંતુ તેમનો ફોન પણ સ્વિચ્ડ ઓફ આવતો હતો. પોતાની સાથે ફ્રોડ થયાની જાણ થતા વિદ્યાર્થીએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સાણંદના વિદ્યાર્થીએ પોતાની સાથે એક મિત્રના સિલેક્શન માટે ૯૯,૦૦૦ રૂપિયા પ્રોફેસરને આપ્યા હોવાનું પોલીસને જણાવ્યું હતું. વધુ તપાસમાં પોલીસે અન્ય બે વિદ્યાર્થી પાસેથી પણ ૧૫,૦૦૦ રૂપિયા પડાવ્યા હોવાની માહિતી મળી હતી. આ કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદમાં ૨૮ વર્ષ પહેલા ચોરી કરનારો આરોપી શહેરના જ વિસ્તારમાંથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૮ વર્ષ પહેલાં ટુ-વ્હીલર ચોરીના કેસમાં ફરાર એક આરોપીની આખરે શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અનિલ કોષ્ટિ (ઉ. વ.૫૧) નામના આ વ્યક્તિએ ૧૯૯૮માં નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ટુ-વ્હીલર ચોરીના કેસ બાદ પોલીસથી બચવા માટે શહેર છોડીને બીજે નાસી જવાને બદલે અમદાવાદમાં જ છુપાઈ રહેવાનું પસંદ કર્યું હતું. જો કે હવે ક્રાઈમ બ્રાન્ચે તેને નારોલ-લાંભા ભમરિયા ટર્નિંગ પાસેથી ઝડપી પાડીને આગળની કાર્યવાહી માટે નવરંગપુરા પોલીસને સોંપ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ચોરી જેવા ગુનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ સામાન્ય રીતે જે તે શહેર છોડી દેતા હોય છે કે જો કે આ આરોપી ગુનો કર્યા બાદ આરોપી ક્યારેય શહેરની બહાર ગયો નહોતો. તે છેલ્લાં ૨૮ વર્ષથી અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં રહેતો હતો અને હાલમાં તે રામોલ પોલીસ સ્ટેશન નજીકના વટવા-વિંઝોલ વિસ્તારમાં વસવાટ કરી રહ્યો હતો. આટલા લાંબા સમય સુધી પોલીસની નજરથી બચીને રહેલા અનિલ કોષ્ટિ સામે ૧૯૯૮માં શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ટુ-વ્હીલર ચોરીનો વધુ એક કેસ પણ નોંધાયેલો હોવાનું જ જાણવા મળ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેર અને અન્ય રાજ્યોમાંથી લાંબા સમયથી ફરાર આરોપીઓને શોધી કાઢવા માટે ચલાવવામાં આવી રહેલી સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત આ સફળતા મળી હતી. નોંધનીય છે કે આ અગાઉ પણ ક્રાઈમ બ્રાન્ચે ૧૯૮૮ના સાઇકલ-રિક્ષા ચોરીના કેસમાં વોન્ટેડ એક આરોપીને ઝડપી પાડ્યો હતો. ■

# અમદાવાદના સુભાષ બ્રિજને ત્રણ સેકન્ડમાં તોડી પડાયો, એક મહિનામાં નવું બાંધકામ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના રાણીપ અને શાહીબાગ વિસ્તારને જોડતો સાબરમતી નદી પર બનેલો સુભાષ બ્રિજ માત્ર ત્રણ સેકન્ડમાં કન્ટ્રોલ ડિમોલિશન પદ્ધતિથી ધ્વસ્ત કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૭૩માં બનેલો બ્રિજ ક્ષતિઓ દેખાતા સાતેક મહિનાથી બંધ હતો. આસપાસમાં ઘણી મહત્ત્વની કચેરીઓ આવેલી હોવાથી બ્રિજ પરથી લગભગ રોજના એક લાખ જેટલા વાહન પસાર થતા હોવાનું માનવામાં આવે છે. મળતી માહિતી અનુસાર નવા બ્રિજના બાંધકામની શરૂઆત એકાદ મહિનામાં થશે.

મનપાએ સુભાષ બ્રિજના ત્રણ સ્પાનનું ડિમોલિશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સૂત્રોના જણાવ્યા અનુસાર સમગ્ર સ્પાનનું માળખું કાળજીપૂર્વક નિષ્ણાતોની દેખરેખ હેઠળ નિયંત્રિત રીતે તોડી પાડવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે કામદારો, મશીનરી અને આસપાસના વિસ્તાર માટે ડિમોલિશન પ્રક્રિયા દરમિયાન સંપૂર્ણ સલામતી જાળવવામાં આવી હતી. અધિકારીઓએ ઉમેર્યું હતું કે બાકીનું ડિમોલિશન કાર્ય તમામ સલામતીનાં પગલાં અને પ્રોટોકોલ સાથે તબક્કાવાર હાથ ધરવામાં આવશે. દરમિયાન, સ્થળ પરથી કાટમાળ દૂર કરવાની કામગીરી પણ શરૂ થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં નોકરી શોધતા ઉમેદવારો માટે શિક્ષણ વિભાગ દ્વારા એઆઈ પ્લેટફોર્મ વિકસાવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા નોકરી શોધતા ઉમેદવારો માટે એક અત્યાધુનિક એઆઈ-આધારિત મફત પ્લેટફોર્મ વિકસાવવામાં આવી રહ્યું છે, જે વર્ચ્યુઅલ મોક ઇન્ટરવ્યૂ દ્વારા ઉમેદવારોને પર્સનલાઇઝ્ડ તૈયારી કરવામાં મદદ કરશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલું આ પ્લેટફોર્મ હાલમાં ટ્રાયલ તબક્કામાં છે અને આગામી થોડા મહિનાઓમાં વેબ પોર્ટલ તથા મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ થશે. આ સુવિધા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સહિતની અનેક ભાષાઓમાં કાર્યરત રહેશે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

આ પ્લેટફોર્મ સરકારી ભરતી, ખાનગી ક્ષેત્રની નોકરીઓ, યુપીએસસી-જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, તેમજ ડોક્ટર્સ અને એન્જિનિયર્સ જેવી વિશેષ પોસ્ટ માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. વર્ચ્યુઅલ ઇન્ટરવ્યુઅર્સ ઉમેદવારના પસંદ કરેલા ક્ષેત્ર મુજબ મોક ઇન્ટરવ્યૂ લેશે, જેથી તેમને સંભવિત પ્રશ્નો અને મૂલ્યાંકન પદ્ધતિ વિશે સમજ મળી શકે. આ ઉપરાંત, સરકાર સ્પીપા, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક કેમ્પસમાં એઆઈ-સક્ષમ વર્ચ્યુઅલ ઇન્ટરવ્યૂ સેન્ટર સ્થાપવાની પણ વિચારણા કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય શૈક્ષણિક લાયકાત અને ઇન્ટરવ્યૂ કૌશલ્ય વચ્ચેના અંતરને ઘટાડીને ઉમેદવારોની રોજગાર ક્ષમતામાં સુધારો કરવાનો છે. સરકારનું માનવું છે કે આ પ્લેટફોર્મ દ્વારા તૈયાર થતો રાજ્યવ્યાપી ડેટાબેઝ ઉદ્યોગોની જરૂરિયાતોને સમજવામાં અને ભવિષ્યની રોજગારલક્ષી યોજનાઓનું આયોજન કરવામાં પણ ખૂબ જ મદદરૂપ સાબિત થશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ■

# આણંદમાં મોલની અંદર યુવક પર પૂર્વ પત્ની અને તેના પરિવારે કર્યો જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ શહેરના સોજીત્રા રોડ પર આવેલા મોલમાં કામ કરતા સલીમ ખાન પઠાણ પર તેની પૂર્વ પત્ની અને તેનાં પરિવારજનો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના બહાર આવી હતી. સલીમ ખાન જ્યારે મોલમાં આવેલ તેના સ્ટોર પર ફરજ પર હતા, ત્યારે તેની પૂર્વ પત્ની મહેજબીન તેના પિતા અને ભાઈ સાથે ત્યાં પહોંચી હતી.

આ લોકોએ સલીમને સ્ટોરમાંથી ઘસડીને બહાર કાઢ્યો હતો અને લાકડાના બેટ તથા હેલમેટ વડે તેના પર નિર્દયતાથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ થયો હતો.

હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા સલીમને તાત્કાલિક જનરલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી તેની નાજુક હાલતને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે તેને એક ખાનગી હૉસ્પિટલમાં રિફર કરવામાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પીડિતના જણાવ્યા અનુસાર, મહેઝબીન સાથે તેનો છૂટાછેડા થઈ ગયા હોવા છતાં, તે અને તેનો પરિવાર છૂટાછેડાના પૈસાની માગણી કરી તેના પર સતત દબાણ કરી રહ્યા હતા.

સલીમ ખાને આરોપ લગાવ્યો હતો કે હુમલાખોરોએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેની સોનાની ચેઈન તેમજ મોબાઈલ ફોન પણ લૂંટી લીધા હતા. પીડિતે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવીને કડક કાર્યવાહીની માગ કરી હતી. હાલમાં પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી હતી અને આરોપીઓને પકડવા માટે તજવીજ હાથ ધરી હતી. ■

# સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે કોર્ટે ગુજરાત સરકારને કર્યા વેધક સવાલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ખૂબ જ વિવાદાસ્પદ નાસિરનગર ડિમોલિશન મામલે હાઈ કોર્ટે રાજ્ય સરકારને સવાલો કર્યા હતા. હાઈ કોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે શું તેઓ તેમના નાગરિકો માટે જવાબદાર નથી અને ટકોર કરી હતી કે મ્યુનિસિપલ કમિશનરથી ઘણા વરિષ્ઠ પદ ધરાવતા વ્યક્તિના સ્તરે તપાસ થવી જોઈતી હતી.

સુરત મનપા દ્વારા હાથ ધરાયેલા ડિમોલિશન બાદ બેઘર થઈ ગયા અમુક નાગરિકોએ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે સરકારને આ અંગે તેમનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. ડીસીપી સ્તરના અધિકારી સ્થળ પર હાજર હોવા છતાં, આ મામલે ફરિયાદ અને તપાસ ન થઈ તે અંગે હાઇ કોર્ટે પોલીસ કમિશનરને મૌખિક પ્રશ્નો પણ પૂછ્યા હતા. સુરત મ્યુનિસિપલ કમિશનરે પોતાના સોગંદનામામાં કોર્ટને જણાવ્યું હતું કે મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવામાં આવેલી પ્રારંભિક તપાસમાં જણાવવામાં આવ્યું છે કે સંબંધિત અધિકારીઓ સત્ય બહાર લાવી રહ્યા ન હોવાથી વધુ તપાસ જરૂરી છે. તેમાં ઉમેર્યું હતું કે ડિમોલિશન દરમિયાન સ્થળ પર હાજર રહેલા પાંચ અધિકારીને વિભાગીય કાર્યવાહી સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ અંગે રાજ્યનું વલણ શું છે? તપાસ કોર્પોરેશન દ્વારા, કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે. શું રાજ્ય સરકાર તેના નાગરિકો માટે જવાબદાર નથી? તેવા સવાલો કોર્ટે સરકારી વકીલને કર્યા હતા.

કોર્ટે જણાવ્યું હતું કે નાની મોટી બાબતોથી રાજ્ય સરકાર ચિંતિત હોય છે, જ્યારે આટલા મોટા પાયે ડિમોલિશન થયું છે ત્યારે રાજ્ય ચિંતિત નથી?. રાજ્યને ચોક્કસપણે જાણવામાં રસ હોવો જોઈએ કે આ ડિમોલિશન કેવી રીતે થયું. આ સાથે કોર્ટે એમ પણ જણાવ્યું કે આ એક વખતની ઘટના ન હોઈ શકે. જો તમારા અધિકારીમાં આવું કંઈક કરવાની હિંમત હોય (૧૦૦ ઘર તોડવા જેટલી)તો ભગવાન જાણે તમે અત્યાર સુધીમાં કેટલું કર્યું છે જે હજુ સુધી બહાર આવ્યું નથી. કોર્ટે એમ પણ પૂછ્યું કે શું કોઈ વ્યક્તિનું રહેઠાણ તોડી પાડવું એ દંડનીય ગુનો નથી. પોલીસ કમિશનરને આ ઘટના વિશે લેખિતમાં જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરવા અંગે કોર્ટે પ્રશ્ન કર્યો હતો. કોર્ટે એ પણ જાણવા માંગ્યું હતું કે ગેરકાયદે ડિમોલિશનને કારણે બેઘર બનેલા લોકોના પુનર્વસન માટે મનપા કમિશનરે શું યોજના બનાવી છે. કોર્ટે જણાવ્યું હતું કે ડિમોલિશન ગેરકાયદે થયાનું સ્પષ્ટ થઈ ગયું છે, આથી તેમના પુનર્વસનની વ્યવસ્થા મનપાની છે. મ્યુનિસિપલ કમિશનરે તેમના સોગંદનામામાં જણાવ્યું હતું કે આ પ્લોટ અમુક ખાનગી વ્યક્તિઓનો હતો જેમણે તૃતીય પક્ષો દ્વારા ડેવલપ કરવાની માંગણી કરી હતી, અને આ વર્ષે ૧૨ માર્ચે પ્લોટ માન્યતા પ્રમાણપત્ર માગવામાં આવ્યું હતું, જે નામંજૂર કરવામાં આવ્યું હતું.

જ્યારે ડેવલપરે સ્ટ્રીટ લાઇનનું ડિમાર્કેશન કરવાની વિનંતી કરી હતી, ત્યારે મનપાના કેટલાંક અધિકારીઓએ પોલીસ અધિકારીઓને ૩૦ મેના રોજ હાથ ધરવામાં આવનાર ડિમાર્કેશન વિશે જાણ કરી હતી. કમિશનરે જણાવ્યું હતું કે સીમાંકન દરમિયાન ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. (એજન્સી) ■

# અમદાવાદમાં આરોપીને પકડવા ગયેલા જેસીપી શરદ સિંઘલ પર છરીથી જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ક્રાઇમની ઘટનાઓના અહેવાલોની વચ્ચે શહેરના જોઇન્ટ કમિશનર ઓફ પોલીસ (જેસીપી)પર હુમલો થયો હોવાની ઘટનાએ ખળભળાટ મચી ગયો હતો.

અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં એક આરોપીને પકડવા ગયેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર હુમલો કરવાં આવ્યો હતો, જેમાં જેસીપી શરદ સિંઘલ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ મળ્યા હતા.

મળતી વિગતો અનુસાર, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં વોન્ટેડ આરોપી હાજર હોઇ તેને ઝડપી લેવા માટે પોલીસની ટીમ ચંડોળા તળાવ પહોંચી હતી.

આ જોઈને આરોપીએ પોલીસ પકડથી નાસવાના પ્રયાસ કર્યા હતા, જો કે પોલીસની પકડથી બચવા માટે આરોપીએ જેસીપી શરદ સિંઘલ પર છરી વડે હુમલો કરતા તેઓ ગંભીર ઇજાગ્રસ્ત થયા હતા. જેના વળતાં પ્રહારમાં પોલીસે ગોળીબાર કરતાં આરોપીને પગના ભાગે ગોળી વાગી હતી.

આ ઘટનામાં ઇજાગ્રસ્ત પોલીસ અધિકારી અને આરોપી બંનેને તાત્કાલિક સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તે ઉપરાંત આરોપી પાસેથી ચાર હથિયારો જપ્ત કરવામાં આવ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વડોદરા મનપામાં અનેક સિનિયર અધિકારીઓની સ્વૈચ્છિક નિવૃત્તિથી વહીવટી કટોકટીના એંધાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકામાં હાલ વહીવટી સ્તરે ઊથલપાથલની સ્થિતિ સર્જાઈ છે, જ્યાં એકસાથે પાંચ મહત્ત્વના અધિકારીએ સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજીઓ કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ યાદીમાં સામાન્ય વહીવટ વિભાગના ખાતાકીય વડા દેવાંગ ભટ્ટ ઉપરાંત રેવન્યુ અને વોર્ડ ઓફિસર કક્ષાના મનોજ ક્રિશ્ચિયન, મહેશ પટેલ, પ્રકાશ પરમાર અને પરાગ મોદી જેવા સિનિયર અધિકારીઓનો સમાવેશ થાય છે. આ અધિકારીઓની નિવૃત્તિ મંજૂર થતાની સાથે જ પાલિકાના આ મહત્ત્વના વિભાગો સંપૂર્ણપણે ઇન-ચાર્જ અધિકારીઓના ભરોસે આવી જશે, જેના કારણે વહીવટી કામગીરી પર ગંભીર અસર પડવાની દહેશત છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ અધિકારીઓની વિદાયની સાથે જ પાલિકાના કર્મચારી માળખામાં પણ મોટી ખાલી જગ્યાઓ જોવા મળી રહી છે. થોડા સમય પહેલાં જ કરાર આધારિત ૫૫૨ ક્લાર્કોની ભરતી કરવામાં આવી હતી, જેમાંથી આશરે ૨૫૦થી વધુ કર્મચારીઓએ ટૂંકા ગાળામાં જ રાજીનામાં આપી દીધાં હતાં. એક તરફ અનુભવી અધિકારીઓ સેવામાંથી મુક્ત થઈ રહ્યા છે અને બીજી તરફ નવા નિમાયેલા કર્મચારીઓ પણ કામના ભારણ કે અન્ય કારણોસર ટકી શકતા નથી, જેનાથી મહાનગરપાલિકાના રોજના વહીવટી કામકાજ પર નકારાત્મક અસરો સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. ■

# નવસારીમાં નવો નાખેલો વીજપોલ ધરાશાયી થતાં જુવાનજોધ યુવાનનું ઘટનાસ્થળે જ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં વરસાદની પધરામણી થઈ ચૂકી છે, ત્યારે નવસારીના માંગરોળ તાલુકાના દિનોદ ગામમાં એક દુર્ઘટના સર્જાય હતી. જેમાં ૨૨ વર્ષીય યુવકનું અકાળે અવસાન થયું હતું.

કોસાડી ગામના રહેવાસી સુફિયાનભાઈ મામુજી જ્યારે પોતાના બાઈક પર કામ અર્થે પસાર થઈ રહ્યા હતા, ત્યારે રસ્તાની બાજુમાં આવેલો વીજપોલ અચાનક તેમના પર ધરાશાયી થયો હતો.

આ દુર્ઘટનામાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, આ વીજ લાઇનનું કામ માત્ર એકાદ મહિના પહેલાં જ પૂરું કરવામાં આવ્યું હતું. ગ્રામજનો અને આગેવાનોએ આ ઘટના પાછળ જીઇબી દ્વારા કરવામાં આવેલી કામગીરીમાં નબળી ગુણવત્તા હોવાનો આક્ષેપ કર્યો હતો.

ટૂંકા ગાળામાં જ નવો પોલ પડી જવો એ કામની ગુણવત્તા અને આયોજન સામે ગંભીર સવાલો ઊભા કરે છે તેમ સ્થાનિકોએ જણાવ્યું હતું.

આ દુર્ઘટનાને લઈને વિસ્તારમાં ભારે શોક અને આક્રોશની લાગણી જોવા મળી રહી છે. મૃતકના પરિવારને ન્યાય અપાવવા માટે જવાબદાર કોન્ટ્રાક્ટર અને બેદરકારી દાખવનાર સંબંધિત વીજ વિભાગના અધિકારીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માગણી ઊઠી હતી. જો કે આ મામલે તંત્રનો સીધો સંપર્ક સાધી શકાયો નહોતો. ■

## સંસ્થા સમાચાર

### મુલુંડમાં રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના મંગલ આગમને યોજાશે ત્રિદિવસીય ‘ધ સોલ ફેસ્ટિવલ’

શ્રી મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટા ઉપાશ્રય)ની વિનંતીનો સ્વીકાર કરીને પધારી રહેલાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના મંગલ આગમન અવસરે શ્રી સંઘના સહયોગે, અર્હમ યુવા સેવા ગ્રુપ અને લુક એન્ડ લર્ન - મુલુંડના ઉપક્રમે ત્રિદિવસીય ‘ધ સોલ ફેસ્ટિવલ’નું આયોજન આગામી તા. ૩,૪,૫ જુલાઈ, ૨૦૨૬ના કરવામાં આવ્યું છે.

ધ સોલ ફેસ્ટિવલ અંતર્ગત ત્રીજી તારીખે પરમ ગુરુદેવના મંગલ પ્રવેશ બાદ ૮:૩૦ કલાકે સ્પેશિયલ પ્રવચન તેમજ સાંજે ૭:૩૦ કલાકે પોડકાસ્ટનો કાર્યક્રમ કાલિદાસ ઓડિટોરિયમમાં રાખવામાં આવ્યો છે. ચોથી તારીખે સવારના ૦૯:૦૦ કલાકે શ્રી સંઘના ઉપાશ્રયમાં સ્પેશિયલ પ્રવચન તેમજ સાંજના ૭:૩૦ કલાકે કાલિદાસ ઓડિટોરિયમમાં ગાયક કલાકારો દ્વારા ભક્તિ યોજાશે. પાંચમી તારીખે સવારે - ૯:૦૦ કલાકે શ્રી ઉવસગ્ગહરં જપ સાધના, કલશ પૂજન તેમજ લુક એન્ડ લર્નના બાળકો દ્વારા પરમ મહાનાદનો કાર્યક્રમ કાલિદાસ ઓડિટોરિયમમાં રાખવામાં આવ્યો છે. ■

# આધાર અપડેટ નહીં કરાવનારા રાજ્યના ૫.૫ લાખ વિદ્યાર્થીઓ લાભથી વંચિત નહીં રહે

મુંબઈ: મહારાષ્ટ્રના શાળા શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્યમાં સાડા પાંચ લાખ વિદ્યાર્થીઓએ હજુ સુધી તેમના આધાર આઈડી અપડેટ નથી કર્યા, પરંતુ એને કારણે એક પણ વિદ્યાર્થી સરકારી યોજનાના લાભોથી વંચિત નહીં રહે.

તેઓ વિધાનસભા પરિષદમાં ભાજપના વિધાન સભ્ય શ્રીકાંત ભારતીય દ્વારા વિદ્યાર્થીઓ માટે તેમના બાયોમેટ્રિક્સ અપડેટ કરવાની ફરજિયાત જરૂરિયાત અને તેમની શૈક્ષણિક પ્રગતિ પર વિલંબની સંભવિત અસર અંગેના લેખિત પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

ભૂસેએ જણાવ્યું હતું કે ‘એ વાત સાચી છે કે મે ૨૦૨૬ સુધીમાં શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૮ વર્ષ સુધીના લગભગ સાડા પાંચ લાખ વિદ્યાર્થીઓએ આધાર કાર્ડ અપડેટ નથી કર્યા. અલબત્ત એને કારણે કોઈ શૈક્ષણિક અવરોધો ન આવે એની સરકાર તકેદારી રાખી રહી છે.’

શ્રીકાંત ભારતીયે જાણવાની કોશિશ કરી હતી કે શું અપડેટેડ આધાર કાર્ડના અભાવે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મેળવવા, શિષ્યવૃત્તિ યોજનાઓ મેળવવા, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મેળવવા, પરીક્ષા ફોર્મ ભરવા અથવા બેંક ખાતાઓને લિંક કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે?

આ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના સરકારના પ્રયાસોની વિગતો આપતાં ભૂસેએ જણાવ્યું હતું કે ૨૧ એપ્રિલ, ૨૦૧૫ ના રોજના સરકારી ઠરાવ મુજબ શાળાઓમાં પ્રવેશ મેળવનારા દરેક બાળક માટે આધાર કાર્ડ બનાવવા અને લિંક કરવા માટે ૨૭ એપ્રિલથી ૨૬ જૂન સુધીનો ચોક્કસ સમયગાળો નક્કી કરવામાં આવ્યો હતો. આધાર અપડેટ કરવાની પ્રક્રિયા હાલમાં શાળાઓમાં આયોજિત ખાસ શિબિરો દ્વારા ચાલી રહી છે. જેમની પાસે આધાર નથી તેમના માટે આધાર નોંધણી સુનિશ્ચિત કરવા અને અન્ય લોકો માટે પ્રમાણીકરણ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે શાળા અને તાલુકા સ્તરે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.’ (પીટીઆઈ) ■

# કેતનની હત્યાના કાવતરાનું રિહર્સલ જયાં કરાયું એ સ્થળે પોલીસ સિયાને લઈ ગઈ

## સિયાએ ઘટનાને દિવસે પહેરેલાં કપડાં તેના ઘરેથી જપ્ત કરાયાં

પુણે: પુણેમાં ટ્રેકર અને રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન વિશાલ અગરવાલને લોહગડ કિલ્લા પરથી કેવી રીતે ધક્કો મારવો તેનું રિહર્સલ જ્યાં કરવામાં આવ્યું હતું ત્યાં પોલીસ સિયાને ગુરુવારે લઇ ગઇ હતી. એ સિવાય સિયાને પુણેના માર્કેટ યાર્ડ વિસ્તારમાં આવેલા તેના નિવાસે લઇ જવાઇ હતી, જ્યાં ઘટનાને દિવસે તેણે પહેરેલાં કપડાં જપ્ત કરાયાં હતાં.

૧૮ જૂન, ૨૦૨૬ના રોજ લોહગડ જિલ્લા પરથી કેતન અગરવાલને ધકેલીને મારી નાખવાનો સિયા અને ચેતન ચૌધરી પર આરોપ છે. કેતન અને સિયાનાં લગ્ન નવેમ્બર, ૨૦૨૬માં નિર્ધારિત હતાં. આ ઘટના બાદ સિયા અને ચેતનની ધરપકડ કરવામાં આવી હતી અને બંને ૩ જૂન સુધીની પોલીસ કસ્ટડીમાં છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે સિયા અને ચેતને લોહગડ કિલ્લા પરથી કેતનને કેવી રીતે ધકેલી દેવો તેનું રિહર્સલ લુલ્લાનગરમાં ટેકડી જેવી જગ્યા પર કર્યું હતું. સિયાને ગુરુવારે સવારે એ સ્થળે લઇ જવાઇ હતી અને તેણે એ સ્થળને ઓળખી કાઢ્યું હતું. રિહર્સલ મે મહિનામાં કરવામાં આવ્યું હતું અને પોલીસ ચોક્કસ તારીખ તથા અન્ય માહિતી મેળવી રહી છે.

અમે નોંધપાત્ર પ્રમાણમાં ટેક્નિકલ અને ડિજિટલ ડેટા એકત્રિત કર્યા છે, જેનું વિશ્લેષણ તેમ જ ક્રોસ-વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે.

સિયા અને ચેતનના સંબંધમાં કેતન અવરોધરૂપ લાગતો હોવાથી તેની હત્યા કરવામાં આવી હતી. પુણે ગ્રામીણ પોલીસે બુધવારે ચેતનને ક્રાઇમ સીન રિક્રીયેટ કરવા માટે લઇ ગઇ હતી. એ અગાઉ સિયાને રવિવારે કિલ્લા પર લઇ જવામાં આવી હતી. એ સમયે પોલીસ કેતન અગરવાલના વજનનું પૂતળું સાથે લઇ ગઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર કેતન અગરવાલના પિતાએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે તેના પુત્રએ સિયાનું અન્ય પુરુષ સાથે અફેર હોવાની શંકા વ્યક્ત કરી હતી. સિયા તેની સાથે વાતચીત કરતી વખતે ચેતનના નામનો ઉલ્લેખ કરતી હતી. (પીટીઆઇ) ■

### સિયા, તેના પ્રેમી પર પોલીગ્રાફ ટેસ્ટ કરવા કોર્ટમાં અરજી

સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરી પર પોલીગ્રાફ ટેસ્ટ કરવા માટે પોલીસે કોર્ટમાં અરજી કરી છે. પોલીગ્રાફ ટેસ્ટ જેને ‘લાઇ ડિરેક્ટર ટેસ્ટ’ પણ કહેવામાં આવે છે, જે સામાન્યપણે ચોક્કસ ઘટના સંબંધિત પ્રશ્નોના જવાબ આપતી વખતે વ્યક્તિના મનોવૈજ્ઞાનિક પ્રત્યાઘાતોનું માપન કરે છે. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે બંને પર પોલીગ્રાફ ટેસ્ટ કરવાની પરવાનગી મેળવવા માટે વડગાંવ માવડ કોર્ટમાં ગુરુવારે અરજી કરવામાં આવી છે. કોર્ટ પ્રથમ આરોપીઓને નોટિસ જારી કરશે અને આગળની કોઇ પણ પ્રક્રિયા અગાઉ તેમની સહમતિ લેવામાં આવશે, જે રેકોર્ડ કરાશે. જોકે પ્રક્રિયા હજી પૂરી થઇ નથી, એમ તેમણે કહ્યું હતું.

# કસ્ટડીમાં મારપીટને કારણે આરોપીનું મૃત્યુ: નવ પોલીસને જનમટીપની સજા

વાશિમ: વાશિમ જિલ્લા સેશન્સ કોર્ટે ૨૦૧૧માં કસ્ટડીમાં મારપીટને કારણે આરોપીના થયેલા મૃત્યુ મામલે નવ પોલીસ કર્મચારીને જનમટીપની સજા ફટકારી હતી. પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લાના રિસોડ પોલીસ સ્ટેશનના તત્કાલીન ઇન્ચાર્જ મહાદેવ માણિક ધાંડે સહિત આઠ પોલીસ કર્મચારીઓએ ૯ મે, ૨૦૧૧ના રોજ હિંગોલી જિલ્લાના સેનગાંવ તાલુકામાં વાઢોણા ખાતેની પારધી વસ્તીમાં રેઇડ પાડી હતી અને શકમંદ તરીકે બેંગ્યા પવાર નામના શખસની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ કસ્ટડીમાં ગુનો કબૂલવા માટે તેની મારપીટ કરાઇ હતી, જેમાં ઘવાયેલા પવારનું ૧૦ મે, ૨૦૧૧ના રોજ મૃત્યુ થયું હતું. આ મામલાની તપાસ બાદમાં સીઆઇડીને સોંપવામાં આવી હતી અને ૩૪ દિવસ તપાસ કરી હત્યા સહિત એટ્રોસિટીનો ગુનો પોલીસ કર્મચારીઓ પર દાખલ કરાયો હતો. આ મામલામાં સેશન્સ કોર્ટે રિસોડ પોલીસ સ્ટેશનના તત્કાલીન ઇન્ચાર્જ સહિત મહાદેવ ધાંડે સહિત પોલીસ કર્મચારીઓ મદન પવાર, શિવાજી ખિલ્લારી, પંજાબ માણિકરાવ પાટકર, રમેશ સીતારામ પવાર, પ્રકાશ તારમ, નાગોરાવ ખાંડકે, અશોક વૈદ્ય, વસંત જાધવને દોષી ઠેરવીને સજા ફટકારી હતી.

# ભાગલા પછી ભારત આવેલા લોકો શરણાર્થી નહીં, લડવૈયા હતા: આરએસએસ

નાગપુર: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે કહ્યું છે કે ૧૯૪૭ના ભાગલા પછી ભારત આવેલા લોકો શરણાર્થી નહોતા, પરંતુ સંઘર્ષ કરનારા લડવૈયા હતા જેમણે માતૃભૂમિ અને ધર્મ પ્રત્યેના પ્રેમને કાજે ખાસ્સી મુશ્કેલીઓ અને પીડા સહન કરી હતી. આ લોકોએ નવા બનેલા પાકિસ્તાનમાં ઘણી પેઢીઓથી બનાવેલી તેમની સંપત્તિ, જમીન અને વ્યવસાયો ત્યજી ભારત આવવાનું પસંદ કર્યું હતું.

ભાગવત બુધવારે નાગપુરમાં સિંધી સમુદાય દ્વારા સંચાલિત સંસ્થા સિંધુ એજ્યુકેશન સોસાયટીના ૭૫મા સ્થાપના દિવસ કાર્યક્રમમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા.આરએસએસના અગ્રણીએ વધુમાં જણાવ્યું હતું કે ભાગલા પછી લોકોએ સમજી વિચારી બીજી બાજુથી ભારત આવવાનું નક્કી કર્યું, કારણ કે તેઓ ભય વિના તેમના ધર્મનું પાલન કરી શકે એવી ભારતની ભૂમિમાં રહેવા માગતા હતા.

ભાગવતે વધુમાં જણાવ્યું હતું કે તેમને શરણાર્થી કહેવા એ ભૂલ હતી. આપણે બધા ભારતને એક રાખવાની લડાઈ હારી ગયા. પણ તેમણે શું પસંદ કર્યું? તેમણે કારકિર્દી પસંદ કરી નહીં, તેમણે સંપત્તિ પસંદ કરી નહીં. તેમણે દેશ પસંદ કર્યો, પોતાનો ધર્મ પસંદ કર્યો.

આરએસએસના અધ્યક્ષએ સિંધુ એજ્યુકેશન સોસાયટીની ૭૫ વર્ષની સફરનો ઉલ્લેખ કરી કહ્યું કે આવા સીમાચિહ્નો સંસ્થા દ્વારા કરવામાં આવેલા કાર્યની સમીક્ષા કરવાની અને તેના લક્ષ્યોને યાદ કરવાની તક પૂરી પાડે છે. (પીટીઆઈ) ■

# ૫૧થી વધુ ગુનામાં સંડોવાયેલો રીઢો આરોપી તેના સાથી સાથે પકડાયો

## આ વર્ષના ચોરી-ચેન સ્નેચિંગના ૧૧ કેસ ઉકેલાયા: ૧૦.૩૨ લાખના દાગીના હસ્તગત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ૫૧થી વધુ ગુનામાં સંડોવાયેલો રીઢો આરોપી ૩૨ જેટલા ગુનામાં સંડોવાયેલા તેના સાથી સાથે નવી મુંબઈના કોપરખૈરાણેથી પકડાઈ ગયો હતો. આરોપીનીઓની પૂછપરછમાં આ વર્ષે જ નોંધાયેલા ચોરી-ચેન સ્નેચિંગના ૧૧ ગુના ઉકેલાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નવી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓએ ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ યુસુફ રશીદ શેખ ઉર્ફે દીપક ઉર્ફે રાહુલ (૪૨) અને નૌશાદ મુસ્તાક આલમ ઉર્ફે સાગર (૩૨) તરીકે થઈ હતી. તેમની પાસેથી ૧૦.૩૨ લાખ રૂપિયાના સોનાના દાગીના અને બે બાઈક જપ્ત કરવામાં આવી હતી.

નવી મુંબઈના કોપરખૈરાણે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ચોરીની ઘટનાની તપાસમાં પોલીસે બન્ને આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓએ સાતમી જૂનની રાતે સેક્ટર-૧૨માં બોનકોડે પરિસરમાં આવેલી એક ઈમારતના બે ફ્લૅટમાં ચોરી હતી. ફરિયાદી પ્રમોદ વાદળના બંધ ફ્લૅટનું લૉક તોડી આરોપીએ ૧૫.૫૫ લાખના દાગીના અને રોકડ ચોરી હતી. બાદમાં પડોશમાં રહેતા સંજય નાગરેના ફ્લૅટમાંથી ૪૦ હજારની રોકડ ચોરી હતી.પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે બે શકમંદને ઓળખી કાઢ્યા હતા. બન્ને રેકોર્ડ પરના આરોપી હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું. આરોપી યુસુફ શેખ વિરુદ્ધ મુંબઈ, નવી મુંબઈ અને થાણેમાં ચોરી, બૅગ લિફ્ટિંગ, કાર ટેપ ચોરીના ૫૧ ગુના નોંધાયેલા છે. માર્ચમાં જામીન પર છૂટ્યા પછી તે ફરી ચોરીને રવાડે ચઢ્યો હતો. ■

આઠમાં પાનાનું ચાલુ

### પાલિકાની

સવાલ ઊભા કરી દીધા હતા. ચોમાસા દરમ્યાન વરસાદી પાણીને કારણે અનેક વખત રસ્તાઓ પરના ખુલ્લા મેનહોલ જોઈ શકાતા નથી અને તે રાહદારીઓની સાથે જ વાહનચાલકો માટે ગંભીર જોખમ બની જાય છે.

આ મુદ્દો વારંવાર બોમ્બે હાઈ કોર્ટ સમક્ષ આવ્યો છે. ૨૦૨૨માં એક અરજીની સુનાવણી કરતી વખતે કોર્ટે ખુલ્લા મેનહોલને ‘ડેથ ટ્રેપ’ તરીકે વર્ણવ્યા હતા અને ચેતવણી આપી હતી કે જો કોઈ મેનહોલમાં પડી જવાથી મૃત્યુ પામે તો નાગરિક અધિકારીઓને વ્યક્તિગત રીતે જવાબદાર ઠેરવી શકાય છે. હાઈ કોર્ટે પાલિકાને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા પણ કહ્યું હતું, જેમાં રક્ષણાત્મક ગ્રીલ અને ગુમ થયેલ અથવા ચેડા થયેલા મેનહોલ કવર તાત્કાલિક શોધવા માટેની ટેકનોલોજી વગેરેનો સમાવેશ થાય છે.

પાલિકાએ એ દરમ્યાન કોર્ટમાં એવો જવાબ પણ આપ્યો હતો કે તેઓ મેનહોલમાં રક્ષણાત્મક જાળી બેસાડી રહ્યા છે. કોર્ટે પાછળથી સવાલ પણ કર્યો હતો કે શહેરના માત્ર થોડા મેનહોલમાં જ કેમ રક્ષણાત્મક ગ્રીલ ફીટ કરવામાં આવ્યા છે? ત્યાર બાદ કોર્ટના નિર્દેશને અનુસરીને પાલિકાએ કહ્યું હતું કે તેણે છેલ્લા એક વર્ષમાં લગભગ ૯૯ ટકા મેનહોલને રક્ષણાત્મક ગ્રીલથી આવરી લીધા છે.

પાલિકાએ આપેલી માહિતી અનુસાર મુંબઈમાં એક લાખથી વધુ મેનહોલ કવર છે, જેમાં ગટર લાઈનો પર ૭૪,૬૮૨ અને વરસાદી પાણીના ગટર પર ૨૫,૦૦૦ થી વધુ કવરનો સમાવેશ થાય છે. પાલિકાના રેકોર્ડ દર્શાવે છે કે ૨૦૨૩ માં ૭૯૧ મેનહોલ કવર ચોરાઈ ગયા હતા, જ્યારે જાન્યુઆરી અને જૂન ૨૦૨૪ દરમિયાન ૨૨૦ ચોરીના બનાવો નોંધાયા હતા. ૨૦૧૭ માં ભારે વરસાદ દરમિયાન ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડૉ. દીપક અમરાપુરકરના ખુલ્લા મેનહોલમાં તણાઈ જવાથી મૃત્યુ થયા પછી ખુલ્લા મેનહોલથી ઉદ્ભવતા જોખમો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ ઘટનાને કારણે હાઇકોર્ટે શહેરમાં ખુલ્લી ગટર અને મેનહોલની આસપાસ સલામતીના પગલાં સુધારવા માટે શ્રેણી બદ્ધ નિર્દેશો આપ્યા હતા. ■

### વરસાદે

જ્યારે કોલાબામાં ૧૫૮ મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદ અને પવનને કારણે અનેક ઠેકાણે ૯૧થી વધુ ઝાડ તૂટી પડવાના અને શોર્ટ સર્કિટના બનાવ નોંધાયા હતા, જેમાં સાંતાક્રુઝ પશ્ચિમમાં રિલીફ રોડ પર રહેજા કોલેજની બાજુમાં ખાનગી બિલ્ડિંગના પરિસરમાં એક ઝાડની તપાસ કરવા માટે ત્યાં કર્મચારી ગયો તો ત્યારે ઝાડ તેના પર તૂટી પડ્યું હતું. આ ઘટનામાં આઠ લોકો જખમી થતા તેમને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જખમીમાં ૨૬ વર્ષનો નૂર આલમ, ૫૧ વર્ષનો રાજેશ કુડાળ, ૩૮ વર્ષનો વિનય કદમ, ૨૮ વર્ષનો સુલેમાન શેખ, ૪૬ વર્ષનો વિનોદ ભટ, ૨૮ વર્ષનો દેવર્ષી સિંહ, ૨૮ વર્ષનો જગદીશ નિકમ અને ૬૭ વર્ષના નિલાદ તુળેનો સમાવેશ થાય છે. તમામ લોકો પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હોય તેમની તબિયત સ્થિર છે. ■

### હાઈ કોર્ટનો

સુરક્ષા આપવા પગલાં લેવાયાં છે. કોર્ટે આગામી સુનાવણી ૭ ઑગસ્ટ પર રાખી છે. ઉલ્લેખનીય છે કે જસ્ટિસ પટેલ અને તેમના પરિવારને છેલ્લા ૧૦ મહિનાથી ધમકીભર્યા પત્ર મળી રહ્યા છે. હાલમાં જ તેમને ચેતવણી અપાઇ કે તેમના પરિવારને ખતમ કરવા માટે કોન્ટ્રેક્ટ અપાયો છે. ધમકી આપનારાઓએ એવી માગણી કરી છે કે જજે પોતાના ચુકાદા માટે યુટ્યુબ વીડિયોમાં માફી માગવી જોઇએ અને એવું કહીને ચુકાદો પાછો ખેંચી લેવો જોઇએ કે તે બળજબરીથી અને દબાણ હેઠળ આપવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

### ખુલ્લી ગટરમાં

યાદવ નગરના રહેવાસી અસલમ ઇશાક શેખ તરીકે કરી હતી.સાટમે માગ કરી હતી કે તાત્કાલિક એફઆઈઆર નોંધવામાં આવે અને કામની જવાબદારી સંભાળી રહેલા અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવે. માત્ર સસ્પેન્શન પૂરતું નથી અને આ ભૂલ માટે કથિત રીતે જવાબદાર અધિકારીઓ સામે સદોષ મનુષ્યવધનો કેસ નોંધવાની માગ કરી હતી. (પીટીઆઈ) ■

### રાજકોટના

માટે ગ્રાહકને લઈ ગયો ત્યારે કાર ગુમ હોવાનું જણાયું હતું. આસપાસના પરિસરમાં શોધખોળ કરવા છતાં કાર ન મળતાં પોલીસ ફરિયાદ કરાઈ હતી.

પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓને ઓળખી કાઢ્યા હતા. કાર દહિસર ટોલ નાકાથી ગુજરાત તરફ ગઈ હોવાનું ફૂટેજમાં દેખાયું હતું. આરોપીએ કારની નંબર પ્લેટ બદલી નાખી હતી, પણ અમુક નિશાનીઓ પરથી કારને શોધમાં આવી રહી હતી. ટેક્નિલ બાબતોનો અભ્યાસ કરતાં કાર ચોરનારા રાજકોટમાં હોવાનું જાણવા મળ્યું હતું.

લોકલ ક્રાઈમ બ્રાન્ચની મદદથી છટકું ગોઠવી પોલીસે બન્ને આરોપીને પકડી પાડવામાં આવ્યા હતા. તેમની પૂછપરછ પછી બિલિમોરાના ચિખલી ખાતેથી કાર તાબામાં લેવાઈ હતી. રાજકોટ કોર્ટમાંથી બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મુંબઈ લવાયેલા બન્ને આરોપીને બાન્દ્રા કોર્ટે પાંચમી જુલાઈ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ટેક્નોલૉજીમાં માહેર આરોપીએ સ્પેશિયલ ઉપકરણો અને કોડિંગનો ઉપયોગ કરીને કારની સિક્યોરિટી સિસ્ટમ હૅક કરી હતી. પછી સિક્યોરિટી ફીચર્સ નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા. ■

## મુંબઈની મરણ નોંધ

### હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરીબેન વિશ્રામભાઈ ભલ્લા (કચ્છ ગામ ભુવડ) હાલે મુલુંડના પુત્ર સ્વ. મણિલાલભાઈ (ઉં. વ. ૮૦) બુધવાર, ૧-૭-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે લતાબેનના પતિ. યોગેશ અને મયુરના પિતા. યોગીનીબેન અને ફાલ્ગુનીબેનના સસરા. મુસ્કાન, દૂર્વા અને પ્રબીરના દાદા. સ્વ. અરવિંદભાઈ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રૂક્ષ્મણીબેન જયસિંહભાઈ મૃગ, અ. સૌ. જ્યોતિબેન સતિષભાઈ કોઠારી અને મહેશભાઈ ભલ્લાના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૩-૭-૨૬ના શ્રી સારસ્વત વાડી, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ) સાંજના ૫.૩૦ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. પુર્ણિમા ભૂપેન્દ્ર દુતિયા તે સ્વ. ભૂપેન્દ્ર માધવજી દુતિયાના પત્ની. પ્રતીક તથા દિપકના માતુશ્રી. સોનલ તથા કવિતાના સાસુ. સારાંશ, નૈતિક, હિયા, વિધીના દાદી. સ્વ. નલિની નાનાલાલ સંપટના પુત્રી ૩૦-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના ૪-૭-૨૬ના શ્રી મુંબઈ પાટીદાર સમાજ, ફ્રેન્ચ બ્રીજ, હ્યુજીસ રોડ, ચોપાટી. સમય ૪ થી ૬.

**કપોળ**

ડેડાણવાળા હાલ કાંદિવલી સ્વ. ઈચ્છાલક્ષ્મી લલ્લુભાઈ મોદીના પુત્ર તરૂણભાઈ (ઉં. વ. ૭૭) ૧-૭-૨૬ ને બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તારામતીના પતિ. ગં. સ્વ. શીલા રજનીકાંત પારેખ, હર્ષા નિતીનકુમાર મહેતા અને રવિન્દ્રના મોટાભાઈ, દક્ષાના જેઠ. કૃપા નીરવકુમાર ગાંધી, મિલીન- ઉષાના મોટા પપ્પા. શ્વસુર પક્ષે નાગેશ્રીવાળા સ્વ. શાંતિલાલ કાલીદાસ સંઘવીના જમાઈ. મોસાળ પક્ષે રાજુલાવાળા સ્વ. પ્રેમજી દામોદર સંઘવીના ભાણેજ. સર્વે લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

રમણીકલાલ તુલસીદાસ કોટક જામનગર હાલ વાલકેશ્વર, સ્વ. તુલસીદાસ અને સ્વ. શ્રીમતી ડાહીબેન કોટકના પુત્ર. સ્વ. લાલજીભાઈ અને સ્વ. શ્રીમતી મણીબેન સેજપાલના પુત્ર બુધવાર, ૧-૭-૨૬ના સ્વર્ગસ્થ થયા છે. પત્ની: નલિની રમણીકલાલ કોટક, દીકરી અને જમાઈ: નયના અને દિગંત કાપડીયા, પ્રિતી અને સંદીપ મહેતા. પુત્ર અને વહુ: દીપક અને અર્ચના કોટક, પરાગ અને જ્યોતિ કોટક. પૌત્રી-પૌત્રી: જીત, વિનીત, ટુનિશા, ધ્રુવ, ફર્દેવેની. પ્રાર્થનાસભા શનિવાર, ૪-૭-૨૬ના ૫ થી ૬.૩૦. સ્થળ: ગ્રાઉન્ડ ફ્લોર, નવ કૃષ્ણકુંજ, ૨૧૨ વાલકેશ્વર રોડ, મુંબઈ-૬.

**જનોડ એકડા વીશા ખડાયતા**

મૂળ ગામ ઉજ્જૈન, હાલ બોરીવલી, ગોવિંદભાઈ કાંતિલાલ શાહ (ઉં.વ.૭૫)૨૧/૬/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ભારતીબેનના પતિ. તથા રાહુલભાઈ, દીપ્તિબેન, દિશાબેનના પિતા. જીનલબેન, તેજસકુમાર અને રવિકુમારના સસરા. પ્રાર્થનાસભા ૩-૭-૨૬ શુક્રવારના રોજ ૯ થી ૧૧. સ્થળ: વર્ધમાન હોલ, ડાઇમંડ સિનેમાની સામે, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક-વૈષ્ણવ**

સ્વ. હરસુખરાય ત્રિભુવનદાસ માલવિયા ગં.સ્વ. જસવંતીબેન હરસુખરાય માલવિયાના સુપુત્ર વિજય (ઉં.વ.૫૨) હાલ થાણે ૨૬-૬-૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સુજાતા વિજય માલવિયાના પતિશ્રી. મંજુષા અનિકેત પરબ અને વેદાંત વિજય માલવિયાના પિતાશ્રી. રાજકુમાર હરસુખરાઈ માલવિયા અને જ્યોતિબેન મુકેશકુમાર માંડવીયાના નાનાભાઈ. નિધિ-હાર્દિકના કાકા. શિવાંગ-મિત્તલના મામા. પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૬, શુક્રવાર સાંજે ૪ થી ૬. સ્થળ: પાવનધામ મહાવીરનગર, પાવનધામ માર્ગ, બી.સી.સી.આઈ. ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ મહુવા નિવાસી હાલ બોરીવલી, સ્વ. પરમાણંદદાસ વાલજી બોસમિયાના પુત્ર ધિરજલાલ પરમાણંદદાસ બોસમિયા (ઉં.વ.૭૭) તે સ્વ. અ.સો. અરુણાગૌરીના પતિ. નિયત, હિરેનના પિતા. શ્રદ્ધા, હિનાના સસરા. સ્વ. ચંદુલાલ, સ્વ. જ્યોતિન્દ્ર, વ્રજલાલ, નવીનચંદ્ર, સ્વ. પ્રતાપરાય, સ્વ. ચતુરાબેન દ્વારકાદાસ મણીયાર, સ્વ. નિર્મળાબેન પરશોત્તમ ગરાછ, ગં.સ્વ.વિજયાબેન રતિલાલ પડિયાના ભાઈ. સ્વ. શેઠ ભાઈલાલભાઈ લાલુભાઈ મકોડિયાના જમાઈ. ૧/૭/૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. જેમની પ્રાર્થનાસભા તા. ૩/૭/૨૬ શુક્રવારના ૫:૩૦ થી ૭. ઠે. શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ વેલફેર સેન્ટર, દત્તપાડા મેઈન રોડ, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ ઓસા હાલ પનવેલ, મનસુખલાલ લક્ષ્મીદાસ સાકરીયા (ઉં.વ.૮૦) તે પાર્વતીબેન લક્ષ્મીદાસ સાકરીયાના પુત્ર. સ્વ. જ્યોત્સનાબેનના પતિ. જયેશ, ભાવિન, લીનાબેન રાજાના પિતા. સ્વ. ચંપાબેન, સ્વ. ડાયાભાઈ, સ્વ. કિશોરભાઈ, શીરીષભાઈના ભાઈ. જીજ્ઞાબેન, શ્વેતાબેન, રવિકુમાર રાજાના સસરા. લવજી ખીમજી કાનાબારના જમાઈ. ૧/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૩/૭/૨૬ના શુક્રવારે સમય: સાંજે ૪ થી ૬. ઠે. શ્રી પુજ્ય સિંધી પંચાયત હોલ એટલાન્ટિક બેંકવેટ, વિશ્રરાણી નાકા, પનવેલ.

**વિશા દિશાવળ વણિક**

પાનસર હાલ મુંબઇ દાદર નિવાસી અમરીશ નવનીતલાલ શાહ (ઉં. વ. ૭૪) તે નવનીતલાલ ચીમનલાલ શાહના સુપુત્ર. નિકુંજ તથા સિદ્ધાર્થના મોટાભાઇ. અ. સૌ. ફાલ્ગુનીના જેઠ. હર્ષલ, નિરવ, સ્વપ્નિલનાં મોટા કાકા અને અ. સૌ ખુશ્બુના કાકા સસરા તા. ૨૯-૬-૨૬ સોમવારના નિકુંજવાસ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

ગં. સ્વ. સરોજબેન ચીમનલાલ શાહ (ઉં. વ. ૧૦૧) તે સ્વ. ચીમનલાલ હરીલાલ શાહના ધર્મપત્ની. રશ્મિકાન્ત, સ્વ. લતાબેન, મૃદુલાબેન, દેવીલાબેન તથા વિશ્વ ભારતીના માતુશ્રી. સ્વ. મીનાબેન, કિશોરભાઇ, મહેન્દ્રભાઇ તથા અનીલભાઇના સાસુ. તે ચિરાગ તથા હેતલના દાદી. મમતાબેનના દાદી-સાસુ. તે કેતન, જીગ્ના, મેહુલ, મેઘા તથા ધૃતિના નાની. તા. ૩૦-૬-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક ક્રિયા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક જ્ઞાતી**

ઇશ્વરીયા નિવાસી હાલ કાંદિવલી બળવંતરાય નાગજીભાઇ ધોળકીયા (ઉં. વ. ૮૭) તા. ૧-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નાગજીભાઇ ટીડાભાઇ ધોળકીયાના સુપુત્ર, સ્વ. હંસાબેનના પતિ. હેમાંગ, નીના મયૂરભાઇ ગગલાણી, દેવાંગી અતુલભાઇ માવાણીના પિતાશ્રી. રૂપાલી હેમાંગના સસરા. સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ. વિનોદરાય, સ્વ. જશવંતીબેન ઝવેરચંદ શાહ, સ્વ. ચંપાબેન કાંતિલાલ દેસાઇ, સ્વ. રમાબેન જયંતીલાલ પારેખના ભાઇ. સ્વ. હીરાબેન હીરાચંદ માંડવીયાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અનાવિલ**

ગામ વલસાડ અબ્રામા હાલ મલાડ કીર્તિભાઇ ધીરુભાઇ દેસાઇ (ઉં. વ. ૭૦) તા. ૧-૭-૨૬ બુધવારના અવસાન થયેલ છે. તે સ્વ. ધીરુભાઇ ભગવાનજી દેસાઇ તથા સ્વ. ઇન્દુબેનના પુત્ર. નીતાબેનના પતિ. જયના પિતા. કામનાના સસરા. પ્રવીરના દાદા. લૌકિક રિવાજ બંધ છે. ઠે. જય કિર્તીભાઇ દેસાઇ, એ-૬૦૫, ૬ઠ્ઠો માળ, ફ્લેમિંગો સીએચએસ, ડો. સ્વામી ક્લિનિક પાસે, નાહર નગર, રાજન પાડા, કોળી સમાજ હોલ, મલાડ (વેસ્ટ).

**ઘોઘારી લોહાણા**

સ્વ. કમળાબેન જીવનલાલ તન્નાના પુત્ર ઘનશ્યામભાઇ તે મધુબેનના પતિ. અલ્પેશભાઇ તથા મમતાબેનના પિતાશ્રી. ભરતભાઇ પોપટ તથા અમિષાબેનના સસરા. તે સ્વ. મંગળાબેન મોહનલાલ સેદાણીના જમાઇ. નરેશભાઇ મોહનલાલના બનેવી. જસુબેન રમણીકલાલ ગોટેચા તથા સુશીલાબેન હિંમતભાઇ વિઠ્ઠલાણીના ભાઇ. તા. ૨-૭-૨૬ અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૬ શુક્રવારના લોહાણા મહાજનવાડી, પાવીયમ રોડ, અંધેરી વેસ્ટ, સાંજે ૪થી ૬.

### પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

### જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પાટણ નિવાસી કેશુ શેઠનો પાડો કીર્તિકુમાર હિંમતલાલ શાહ (ઉં. વ. ૮૪) ૧-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તેઓ સ્વ. પ્રમિલાબેન કીર્તિકુમાર શાહના પતિ. સંદીપ, જીમિત અને મિતેશના પિતા. કેતકી, સેજલ અને પીનાના સસરા. કૃતિ, હર્ષ, રાજ, પાર્થ, મિતાલી અને વામાના દાદા. સ્વ. જયંતભાઈ, સ્વ. લતાબેનના ભાઈ. સ્વ. સૂરજમલ વસ્તાચંદ ચૌધરીના જમાઈની શત્રુંજય ભાવયાત્રા શુક્રવાર, ૩-૭-૨૬ના ૪ થી ૬. વિશ્વકર્મા હોલ, બજાજ રોડ, વિલે પાર્લે (પ.).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાઉના શ્રુતિ જીગર દેઢીયા (ઉં.વ.૩૯) ૩૦-૬-૨૬ અવસાન પામેલ છે. કાનન મનિષના પુત્રવધૂ. જીગરના પત્ની. હુમીશાના મમ્મી. અરૂણા નેમચંદના પુત્રી. ચૈતાલી, મયંકના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે.મૂ.જૈન સંઘની નારાયણજી શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઇ-૧૯. ટા. સાંજે ૪ થી ૫.૩૦.

છસરાના પ્રવિણ શીવજી ગાલા (ઉં.વ.૭૯) ૧-૭-૨૬ના અવસાન પામેલ છે. પાંચીબાઈ શીવજી મુરજીના પુત્ર.જયવંતીબેનના પતિ. નિમેશ, રાજેશના પિતા. વસંત, કાંતિ, ચંદ્રકાંત, અતુલ, ગજોડ વિમળા ખીમજી ઉમરશી નંદુના ભાઈ. ટોડા લક્ષ્મીબેન કુંવરજી ટોકરશીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ (પહેલે માળે), દાદર (સે.રે.). ટા. ૧૦.૩૦ થી ૧૨.૦૦.

કાંડાગરાના કલ્પના નવિન ગાલા (ઉં.વ.૫૬) ૩૦-૬-૨૬ના અવસાન પામ્યા છે. વેજબાઇ લાલજી દેવજીના પુત્રવધુ. સ્વ. નવિનના ધર્મપત્ની. વાપી ગજરાબેન મંગલભાઇ, બિદડા કસ્તુરબેન મણીલાલના પુત્રી. દિપ્તી, ઋતુ, ઉત્તમ, રિધ્ધીના માતુશ્રી. નગીનભાઇ ગુલાબભાઇ, મંજુલાબેનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન રૂબરૂ તુલ્ય. ઠે. ઉત્તમ ગાલા, ફ્લેટ નં. ૩, સહકાર શીલ્પ, બી વિંગ, આઝાદનગર-૩, વીરા દેસાઇ રોડ,અંધેરી (વે), મું.૫૮.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાગનેશ નિવાસી કાંદિવલી, જીજ્ઞેશ સિદ્ધાર્થ જોબાલિયા (ઉં.વ.૫૨) ૧-૭-૨૬ના દેહપરિવર્તન થયેલ છે. તે નિર્મળાબેન સિદ્ધાર્થ જોબાલિયાના સુપુત્ર. ખ્યાતિ જીજ્ઞેશ જોબાલિયાના પતિ. સ્તુતિ જીજ્ઞેશ જોબાલિયાના પિતા. અવની સંજય ટોલીયા તથા દેવલ જીગર પારેખના ભાઈ. સ્વ. મૃદુલા બિપિન બાપાલાલ શાહના જમાઈ. નીરજ બિપિન શાહના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ઉપલેટા નિવાસી હાલ મુલુંડ, શ્રીમતી પુષ્પાબેન તે ડૉ. પીયુષભાઈ રતીલાલ ટોલીઆના ધર્મપત્ની. શ્રેણિક, અદિતીના માતુશ્રી. ડૉ. નીપા અને ભરતના સાસુ. હિત- મોક્ષા અને તાન્યાના દાદી. જૂનાગઢ નિવાસી સ્વ. હરકુંવરબેન વીરચંદના પુત્રી. સ્વ. ચંપાબેન, સ્વ. અનિલાબેન, સ્વ. ડોલરભાઈ, વિમળાબેન તથા તરુણ ભાઈના બેન.૧-૭-૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૪-૭-૨૬ સમય: ૧૧ થી ૧. સ્થળ: વીણાનગર, જૈન ઉપાશ્રય, મુલુંડ વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઠળીયા નિવાસી હાલ મુલુંડ શાહ હરજીવનદાસ જાધવજીના સુપુત્ર સ્વ. નગીનદાસ હરજીવનદાસ શાહના ધર્મપત્ની હસુમતીબેન (ઉં. વ. ૮૩) તા. ૧-૭-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષભાઇ, બીપીનભાઇ, ભાવેશભાઇ, પ્રજ્ઞાબેન રાજેન્દ્ર શાહ ટાણાવાળાના માતુશ્રી. ભારતીબેન અને કવિતાબેનના સાસુ. રેખાબેન જયંતીલાલ શાહના જેઠાણી. તથા પિયર પક્ષે સ્વ. બાવચંદ મોહનલાલ શાહ ખદરપરવાળાની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેપલા નિવાસી હાલ ગામદેવી સ્વ. તલકચંદ હીરાચંદ શાહના સુપુત્ર હર્ષદભાઇ તલકચંદ શાહ (ઉં. વ. ૮૪) બુધવાર તા. ૧-૭-૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. સ્વ. રેખાબેન અને જયોતિબેનના પતિ. હેલીના પિતા. સ્વ. જયંતીભાઇ, સ્વ. પરમાણંદભાઇ, સ્વ. ચંપકભાઇ, સ્વ. અનોપબેન રતિલાલ ગાંધી, સ્વ. લીલાવતીબેન હકમચંદ શાહ, સ્વ. ધનીબેન વિનોદરાય શાહના ભાઇ. સ્વ. દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી અને ઘનશ્યામભાઇ લક્ષ્મણભાઇ બ્રહ્મભટ્ટના જમાઇ.મોસાળ પક્ષે બાલચંદ જી. દોશીના ભાણેજ. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

# ક્વીન 2 માટે કંગનાને કેવી છે તાલાવેલી...

**છેલ્લાં ૧૨ વર્ષમાં ડઝન ફ્લૉપ ફિલ્મો આપનારી અભિનેત્રીને સૌથી સફળ ફિલ્મની સિક્વલ સફળતાની સડક પર લાવશે એવી આશા તો છે...**

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


કંગના રનૌટની પહેલી ઓળખ બેશક હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની અફલાતૂન અભિનેત્રીની છે, પણ સાથે સાથે એ ભારતીય જનતા પક્ષની સંસદ સભ્ય તરીકે પણ જાણીતી છે. વિધિની વક્રતા જુઓ કે ૨૦૦૬થી ૨૦૧૪ સુધી ચિત્રપટ સૃષ્ટિમાં બહુત અચ્છે દિનનો અનુભવ કરનારી કંગના 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' ધૂંઆંધાર હિટ થયા પછી સફળતાને તરસી રહી છે.

સની દેઓલના સંવાદ 'તારીખ પે તારીખ...' જેવો સિનારિયો રહ્યો છે કંગનાનો... છેલ્લાં ૧૨ વર્ષમાં ફ્લૉપ પે ફ્લૉપ, ફ્લૉપ પે ફ્લૉપ, ફ્લૉપ પે ફ્લૉપ, ફ્લૉપ પે ફ્લૉપ મળતી રહી, પણ હિટ નથી મળી, માય ડિયર પ્રેક્ષક! મળી છે તો સિર્ફ ફ્લૉપ ફિલ્મો. કંગનાની કેટલીક ફિલ્મો તો કલેક્શનમાં ૧૦ કરોડ સુધી પણ નથી પહોંચી શકી એ હદે કંગાળ સાબિત થઈ છે.

હજી ૨૦ વર્ષ પહેલાં 'ગેંગસ્ટર' ફિલ્મથી અભિનયયાત્રા શરૂ કરનારી અભિનેત્રીની ઝોળી ચાર નૅશનલ એવૉર્ડ, પાંચ ફિલ્મફેર એવૉર્ડ, ત્રણ આઇફા એવૉર્ડ અને બીજા કેટલાક એવૉર્ડથી છલકાઈ રહી હોવા છતાં આજની તારીખમાં આ અફલાતૂન અભિનેત્રી પર ફ્લૉપ ઍક્ટ્રેસનું લેબલ લાગ્યું છે એ વાત વિચિત્ર તો જરૂર છે. અલબત્ત, પડદા પર એક વિલક્ષણ અભિનેત્રી સિદ્ધ થયેલી કંગનાએ એક વ્યક્તિ તરીકે જાહેર જીવનમાં લક્ષણનો દુકાળ હોય એવી છાપ અનેક વાર ઊભી કરી છે. પર્સનલ અને પ્રોફેશનલ લાઇફ (અંગત અને વ્યવસાયિક જીવન)માં આવો જબરદસ્ત વિરોધાભાસ બહુ જવલ્લે જ જોવા મળે છે.

સોશ્યલ મીડિયામાં તાજેતરમાં વાઇરલ થયેલા નાનકડા વીડિયો (શૉર્ટ્સ) અને કેટલાક ફોટોગ્રાફ્સ સાથે કંગનાએ 'ક્વીન ૨'નું શૂટિંગ આટોપી લીધું હોવાની ઘોષણા કરી છે. આ ફિલ્મ કંગનાની ૨૦૧૪માં આવેલી વિકાસ બહલ દિગ્દર્શિત 'ક્વીન'ની સિક્વલ છે. 'ગેંગસ્ટર'ની ધમાકેદાર શરૂઆત પછી 'લાઇફ ઇન... આ મેટ્રો', 'ફૅશન', 'તનુ વેડ્સ મનુ'થી કંગના પાંચમાં પુછાવા લાગી હતી, પણ અવ્વલ દરજ્જાની અભિનેત્રીનો થપ્પો હજી નહોતો લાગ્યો. એવામાં આવી 'ક્વીન'.

આ ફિલ્મમાં કંગનાનું પાત્ર રાની મેહરા નામની યુવતીનું હતું. લગ્ન લેવાનાં હોય છે એની પહેલાં એનો મંગેતર વિજય (રાજકુમાર રાવ) લગ્ન કરવાની ના પાડે છે. અણધારી અવસ્થામાં સપડાઈ ગયેલી રાની નથી રોકકળ કરતી કે નથી કકળાટ કરતી અને 'હાય હાય હવે મારું શું થશે' એવા નિસાસા તો જરાય નથી નાખતી. લગ્ન પછી ફરવા જવાના બનાવેલા પ્લાનને કેન્સલ કર્યા વિના એકલી હનીમૂન પર નીકળી પડે છે અને એક સશક્ત-મજબૂત મનોબળ ધરાવતી રાની તરીકે પાછી ફરે છે. રૂપાંતરથી આશ્ચર્યચકિત થયેલો વિજય ન્યુ એન્ડ કૉન્ફિડન્ટ રાની સાથે લગ્ન કરવા ઉત્સુક છે, પણ હવે ના પાડવાનો વારો રાનીનો છે. 'કંડિશન્સ અપ્લાઇડ'વાળા જીવનમાં નહીં પણ મારી મરજીની હું માલિક બની એ આગળ વધવા માગે છે.



૧૨ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ બૉક્સ ઑફિસ પર ૬૦ કરોડનો વકરો કરી જોરદાર સફળતાને વરી. સાથે સાથે કંગના અવ્વલ અદાકારા સાબિત થઈ. ફિલ્મને મોડર્ન ક્લાસિકનું લેબલ લાગ્યું અને કંગના ટૉપ ઍક્ટ્રેસ તરીકે સ્વીકારવામાં આવી.

'ક્વીન'ની સિક્વલ 'ક્વીન ૨' કંગનાનું વેરવિખેર થઈ ગયેલું રાજપાટ ફરી સ્થાપવામાં મદદરૂપ થશે એવી ગણતરી મૂકવામાં આવી રહી છે. પહેલી ફિલ્મમાં તરછોડાયા બાદ રાનીની સફર દર્શકોને આકર્ષવામાં સફળ રહી હતી. 'ક્વીન ૨'માં રાનીના જીવનનાં નવાં પ્રકરણ શું અને કેવાં હશે એનું કુતૂહલ સિને દર્શકોમાં જરૂર હશે. આ કુતૂહલ જ એમને થિયેટર સુધી ખેંચી લાવવામાં નિમિત્ત બનશે એવી આશા અસ્થાને નથી. એ જળવાઈ રહે અને કોઈ રસક્ષતિ ન થાય એ માટે સિક્વલની કથા અંગે મોઢા પર તાળાં મારી દેવામાં આવ્યાં છે. હા, કંગના કેટલીક સન્નારીઓ સાથે ગરબા-દાંડિયા રમી હોય એવો શૉર્ટ વીડિયો ઇન્સ્ટાગ્રામ પર શૅર કરી દર્શકોને આચમની કરાવવામાં આવી છે.


બીજી તરફ, સિક્વલનું નામ 'રાની ફોરએવર' રાખવામાં આવશે એવી અટકળો વહેતી થઈ છે. એક અન્ય રસપ્રદ દલીલ એ કરવામાં આવી છે કે કંગનાને એકંદરે સિક્વલ ફળી છે. વિગતોથી વાત સ્પષ્ટ કરીએ. મોહિત સૂરી દિગ્દર્શિત 'રાઝ ૨' (૨૦૦૯)માં કંગના હતી. ૨૦૦૨માં આવેલી 'રાઝ'ની આ સિક્વલને સફળતા મળી હતી. ઇન્દ્ર કુમાર દિગ્દર્શિત 'ડબલ ધમાલ' (૨૦૧૧)માં કંગનાએ કામ કર્યું હતું. ૨૦૦૭ની 'ધમાલ'ની સિક્વલ પણ બૉક્સ ઑફિસ પર સફળ રહી હતી. કંગનાએ ૨૦૧૨માં 'શૂટઆઉટ એટ વડાલા' ફિલ્મ કરી હતી. ૪૯ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મનોવકરો૮૩ કરોડ હોવાનાઆધારભૂત અહેવાલ છે. સંજય ગુપ્તા દિગ્દર્શિત આ ફિલ્મ 'શૂટઆઉટ એટ લોખંડવાલા' (૨૦૦૭)ની પ્રિક્વલ હતી. રાકેશ રોશન - રિતિક રોશનની 'ક્રિશ૩' (૨૦૧૨) ૧૦૦ કરોડના બજેટમાં બની હતી અને ૩૯૦ કરોડનો વકરો ઘરભેગો કરવામાં સફળ રહી હતી. આ ફિલ્મ 'ક્રિશ' સિરીઝની ત્રીજી ફિલ્મ હતી. કંગનાની ખૂબ ગાજેલી ફિલ્મમાં 'તનુ વેડ્સ મનુ' (૨૦૧૧)નો સમાવેશ છે. એની સિક્વલ 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' (૨૦૧૫)માં આવી અને મૂળ ફિલ્મ કરતાં વધુ સફળતા એને મળી. બંને ફિલ્મમાં માધવન - કંગના લીડ રોલમાં હતાં. ટૂંકમાં સિક્વલ કંગના માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. એક મજેદાર વાત એ પણ છે કે ફ્લૉપના ઢગલામાં એક ફિલ્મ ઍવરેજ સાબિત થઈ હતી - 'મણિકર્ણિકા: ઝાંસીની રાણી' (૨૦૧૯). કંગના આ ફિલ્મની સિક્વલ બનાવવા માગે છે અને એ દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.


'ક્વીન'ની સિક્વલ 'ક્વીન ૨' કંગના માટેની સિક્વલની સફળતાનો સિલસિલો જારી રાખશે કે... પ્રેક્ષક માઈબાપજાણે! ■

# એક ચહેરે પે કઈ ચેહરે... ડૉ. જેકિલ એન્ડ મિ. હાઈડ

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

હમણાં કેતન અગ્રવાલ નામના યુવાનની હત્યા એની જ થનારી પત્ની સિયા ગોયલ દ્વારા થઇ ત્યારે લોકો એમના પ્રી-વેડિંગ ફોટોશૂટ વગેરે જોઇને છક્ક થઇ ગયા કે આટલી ભણેલ, સો-કોલ્ડ સારા ઘરની, સુંદર દેખાતી છોકરી પોતાના પ્રેમી ચેતન સાથે મળીને ઠંડે કલેજે પોતાના ભાવિ પતિની આવી રીતે હત્યા કરે અને એ પણ ૧ નહીં, ૨-૨ વાર બિન્દાસ કાતિલાના કોશિશ કરીને? શું સિયાની ડબલ પર્સનાલિટી હશે? લોકોના મનમાં સવાલ ઉઠે છે કે મીઠડી મુસ્કુરાતી સિયા પ્રેમી ચેતન સાથે મળીને મર્ડર પ્લાન કરતી હશે ત્યારે કેવી દેખાતી હશે? યારોં, એટલે જ કહેવાય છે હર ઇન્સાન મેં કઇ ઇન્સાન બસે હોતે હૈ.... જેમ કે- ડૉ. જેકિલ એન્ડ મિસ્ટર હાઇડ!




નવલકથા... ફિલ્મ

માત્ર ૪૪ની આયુમાં, સ્કોટલેંડના રોબર્ટ લૂઈ સ્ટીવન્સને ૧૮૮૬માં ૧૦૦ પાનાંની લઘુનવલકથા 'ધ સ્ટ્રેન્જ કેસ ઑફ ડૉ. જેકિલ એન્ડ મિ. હાઇડ' નામે અમર રચના આપી. કોઈ પણ માણસના બે જુદા સ્વભાવ કે પર્સનાલિટી વિશે 'જેકિલ અને હાઇડ' આજેય તરત જ યાદ આવે. એના પરથી ૧૯૩૧થી ૨૦૨૩ સુધી ૮થી ૧૦ હોલિવૂડની ફિલ્મો બની છે, બાકી ભાષાઓમાં તો અનેક...



લંડનના પ્રતિષ્ઠિત ડો. હેનરી જેકિલની આ કથા છે, પણ કેન્દ્રમાં મિત્ર ને વકીલ ગેબ્રિયલ અટરસન છે. એક રાત્રે અટરસન લંડનની શેરીમાં વિચિત્ર ઘટના જુએ છે. એક નાની બાળકી દોડતી આવતી હોય છે અને સામેથી આવતો માણસ બાળકી સાથે જોરથી અથડાઈ જાય છે. સામાન્ય રીતે માણસ બેબીને ઊભી કરે, માફી માંગે કે મદદ કરે, પણ આ માણસ નિર્દયતાથી બાળકીના શરીર પર પગ મૂકી જાણે કશું બન્યું જ ન હોય એમ ચાલવા લાગે છે. બાળકીની ચીસો સાંભળીને લોકો ભેગા થઈ જાય છે. સદ્ભાગ્યે બાળકી ગંભીર રીતે ઘાયલ થતી નથી. અટરસનને એ માણસ પર સખત ગુસ્સો આવે છે ને એને રોકે છે. બાળકીના પરિવારને વળતર ચૂકવવા કહે છે. પેલો તરત જ 'હા' કહીને પાસેના જર્જર ડરામણા મકાનના પાછલે દરવાજેથી અંદર જઇને ૧૦૦ પાઉન્ડનો ચેક લાવે છે. ચેક પરની સહી જોઈને અટરસન ચોંકે છે, કારણ કે સહી એના મિત્ર ડૉ. જેકિલની છે!

અટરસનના મનમાં તરત સવાલ ઉઠ્યો: આવું કેમ? શું આ અજાણ્યો માણસ ડૉ. જેકિલને બ્લેકમેલ કરે છે?' પછી અટરસન ચેકની તપાસ કરાવે છે, ચેક તો ખરો નીકળે છે, પણ અટરસનની શંકા વધે છે. એ ડૉ. જેકિલને મળે છે ને પેલા માણસ વિશે પૂછે છે. જેકિલ વાત ટાળતા એટલું જ કહે છે: ડોન્ટ વરી.... ગમે ત્યારે એ માણસ સાથેના સંબંધ વિશે એ કહેશે... જેનું નામ છે- એડવર્ડ હાઇડ...

શંકાશીલ વકીલ અટરસન નક્કી કરે છે કે આ હાઇડ કોણ છે? એનો ડૉ, જેકિલ સાથે શું સંબંધ છે? એ વાત જાણવી જ રહી.

થોડા મહિના બાદ સમાજના અત્યંત આદરણીય ને વૃદ્ધ સજ્જનની નિર્દયતાથી હત્યા થાય છે. તપાસની વિગત સાંભળીને અટરસનને તરત જ સમજાઈ જાય છે કે હત્યારો બીજો કોઈ નહીં, પણ મિ. હાઇડ છે!

તપાસમાં અટરસનને ખબર પડે છે કે ડૉ. જેકિલે એના વિલમાં એવું લખેલું કે 'જો એમનું મૃત્યુ થાય અથવા અચાનક ગાયબ થઈ જાય, તો એમની બધી મિલકત એડવર્ડ હાઇડને મળશે'. આ વાંચીને અટરસનને ખાતરી થાય છે કે હાઇડ કોઈ રીતે જેકિલ પર કાબૂ મેળવી રહ્યો છે.

...પછી હાઇડ અચાનક ગાયબ થઈ જાય છે. જેકિલ ફરી સામાન્ય જીવન જીવે છે. લાગે છે કે હવે બધુ શાંત થઇ ગયું છે, પણ આ શાંતિ લાંબી ટકતી નથી. એક દિવસ અચાનક જેકિલ ખુદને ઘરમાં પૂરી દે છે. નોકરો ગભરાઈ જાય છે. અટરસનને બોલાવીને કહેવામાં આવે છે કે ઘરમાં કંઈક ભયંકર ને અજીબ બની રહ્યું છે, એ દરવાજો ઉઘડતો નથી.. આખરે અટરસન ઘરનાં નોકર સાથે મળીને દરવાજો તોડી નાખે છે.

ઓરડામાં પ્રવેશતાં જ એક ભયાનક દૃશ્ય દેખાય છે. જમીન પર હાઇડનો મૃતદેહ છે. એણે ઝેર પીધું છે, પરંતુ ડૉ. જેકિલ ક્યાંય દેખાતા નથી. એ જીવતા છે કે મરી ગયા, તેની કોઈ ખબર પડતી નથી. ઓરડામાં અમુક પત્રો તથા કબૂલાત લખેલી હોય છે. ડૉ. જેકિલ લખે છે:

'દરેક મનુષ્યમાં સારા અને ખરાબ બંને સ્વભાવ સાથે રહે છે. બહારથી માણસ ભલે સજ્જન દેખાતો હોય, પરંતુ તેના મનમાં દબાયેલી અનેક ઇચ્છાઓ ને વિકૃત વૃત્તિઓ પણ હોય છે. જો આ બંને સ્વભાવને અલગ કરી શકાય તો માણસ સંપૂર્ણ સારો અથવા સંપૂર્ણ ખરાબ બની શકે.' એટલે એમણે એક ખાસ રસાયણ તૈયાર કર્યું. એ દવા પીતા જ તેમના શરીરમાં કમાલના ફેરફાર થયા. એમની અંદર છુપાયેલું દુષ્ટ સ્વરૂપ એક અલગ જ વ્યક્તિ બની બહાર આવ્યું. એ હતો 'એડવર્ડ હાઇડ'.

શરૂઆતમાં જેકિલને આ બધું રોમાંચક લાગ્યું. હાઇડના રૂપમાં તે કોઈ પણ પાપ કે ગુનો કરી શકતા અને પછી ફરી જેકિલ બની સમાજમાં માન-સન્માનથી જીવી શકતા, પણ ધીમે ધીમે સ્થિતિ બદલાતી ગઈ. હાઇડ વધુ બળવાન બનતો ગયો ને જેકિલનું નિયંત્રણ ઓછું થવા લાગ્યું. એક સમય એવો આવ્યો કે દવા લીધા વિના પણ તે અચાનક હાઇડ બની જતા. હવે નિર્ણય જેકિલનો નહોતો, હાઇડનો હતો. તેમની અંદરનું કાળું ડિબાંગ વ્યક્તિત્વ જ તેમના પર હાવી થઈ ગયું હતું.

જેકિલને હવે ખાતરી થઈ ગઇ કે એક દિવસ હાઇડ કાયમ માટે તેમના પર કબજો જમાવી દેશે. એટલે તેમણે પોતાના અનુભવો લખી રાખ્યા, જેથી દુનિયાને ખબર પડે કે આવું કેવી રીતે બન્યું!

આ નાનકડી નવલકથા પરથી અનેક ફિલ્મો, નાટકો, ટીવી સિરિયલો, કોમિક્સ બન્યાં. ઘણી ફિલ્મ કે સિરિયલમાં આ કથા વડે એક પ્રશ્ન સતત ગુંજે છે કે શું માણસની મૂળ પ્રકૃતિ અંતે વિનાશ તરફ છે? ઇતિહાસમાં થયેલાં યુદ્ધ, હત્યાકાંડ, અત્યાચાર, રક્તપાત અને સત્તાની લાલસા જોતા એ સાચું છે?

લેખક સ્ટીવન્સનની આ કથા જાણે આખી માનવજાતને ચેતવણી આપે છે કે આપણી અંદર રહેલી દુષ્ટ વૃત્તિને જો બેફામ છોડી દેવામાં આવે તો પરિણામ વિનાશ જ હોય. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તન-મન-ધનથી રહો તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# રાજકુમારઃ મલ્ટીસ્ટારરના મોટાભાઈ


## હિન્દી ફિલ્મોના સંવાદોના શહેનશાહની આજે ૩૦મી પુણ્યતિથિ છે અને જન્મશતાબ્દીનું વર્ષ છે એ નિમિત્તે શબ્દાંજલિ


**ચિનોય સેઠ, જિનકે અપને ઘર શીશોં કે હોં વો દૂસરોં પર પત્થર નહીં ફેંકા કરતે - વક્ત (૧૯૬૫).**

---

**હમ તુમ્હે મારેંગે ઔર ઝરૂર મારેંગે. લેકિન વો બંદૂક ભી હમારી હોગી, ગોલી ભી હમારી હોગી ઔર વક્ત ભી હમારા હોગા - સૌદાગર (૧૯૯૧).**

---





પ્રારંભિક ફિલ્મોથી જોવા મળેલી ખુમારી છેવટ સુધી જળવાઈ રહી

પહેલી ફિલ્મ 'રંગીલી' (૧૯૫૨) અને અંતિમ ફિલ્મ 'ગોડ એન્ડ ગન' (૧૯૯૫) પણ સિને રસિકોના સ્મરણપટ પર અંકિત થયેલા ડાયલોગ મહારથી અને સ્ટાઈલિશ એક્ટરની ઈમેજ મુખ્યત્વે ૧૯૬૫થી ૧૯૯૧નાં વર્ષો દરમિયાન વિકસી. 'જાની' જેવા હુલામણા નામથી હૃદયસ્થ થયેલા રાજકુમારના અભિનય કૌશલમાં બુલંદી નહોતી, પણ 'બુલંદી' સહિત ઘણી ફિલ્મોમાં એમની ડાયલોગ ડિલિવરી, એમના સંવાદનું કૌવત, એની ખુમારી અને અન્ય નામવંત અભિનેતાઓની હાજરીમાં અમિટ છાપ છોડી જનારા કુલભૂષણ પંડિત (રાજકુમારનું પડદા બહારનું અસલી નામ)ની આજે ૩૦મી પુણ્યતિથિ છે અને એમની જન્મશાતબ્દીનું વર્ષ (૮ ઓક્ટોબર - ૧૯૨૬) ચાલી રહ્યું છે એ નિમિત્તે હિન્દી ચિત્રપટ સૃષ્ટિના અનોખા જણની કેટલીક મજેદાર વાતો જાણીએ....

હિન્દી ફિલ્મોના રસિકો અને અભ્યાસુઓ એ દલીલ સાથે જરૂર સહમત થશે કે 'જાની' રાજકુમાર એટલે ડાયલોગના બેતાજ બાદશાહ. એમની ડાયલોગ ડિલિવરી ઉપરાંત એની ભાષાનું કૌવત અને એમાં રહેલું ચબરાકિયાપણું એને અવિસ્મરણીય બનાવવામાં નિમિત્ત બન્યું છે. આ સંવાદના સંમોહનની જાળ રૂપેરી પડદાની બહાર વાસ્તવિક દુનિયામાં પણ વિસ્તરી હતી. એના અનેક ઉદાહરણ (જેમકે 'ધરમ કાંટા'ના શૂટિંગ દરમિયાન રાજેશ ખન્ના અને જિતેન્દ્રને સેટ પર જોઈ 'ઈતને સારે એક્સ્ટ્રા યહાં ક્યા કર રહે હૈં') પ્રચલિત છે. અલબત્ત, એને સત્તાવાર સમર્થન મળવું મુશ્કેલ હોવાથી અને ગોસિપના ગુરુઓ પછી એમાં ઉમેરણ કરી દેતા હોવાથી સચ - જૂઠ કા પતા હી નહીં ચલતા. એટલે આપણે ચિત્રપટમાં જોવા સાંભળવા મળેલા યાદગાર સંવાદો પૂરતા સીમિત રહીએ.

પ્રાણ સાથે જેમ 'બરખુરદાર' અને ઓમ પ્રકાશ સાથે 'હે ભગવાન' જોડાઈ ગયા હતા એ જ રીતે રાજકુમાર સાથે 'જાની' શબ્દ જોડાઈ ગયો હતો. ખુમારીભર્યા તેમ જ વર્ચસ્વ સ્થાપિત કરતા અનેક ડાયલોગ રાજકુમારની ઓળખ બની ગયા એ સાચું છે. જેમ કે 'અપના તો ઉસૂલ હૈ, પેહલે બાત, ફિર મુલાકાત ઔર ફિર અગર ઝરૂરત પડે તો લાત' (તિરંગા).... ' હમ કો મિટા સકે યે ઝમાને મેં દમ નહીં. હમસે ઝમાના ખુદ હૈ, ઝમાને સે હમ નહીં. ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર સે પેહલે, ખુદા બંદે સે ખુદ પૂછે, બતા તેરી રઝા ક્યા હૈ? (બુલંદી) .... ' હમ તુમ્હેં ઐસી મૌત મારેંગે... તુમ્હારી આનેવાલી નસ્લોં કી નીંદ ભી ઉસ મૌત કે ખૌફ સે ઉડ જાયેગી' (દિલજલે).

આ સાથે સાથે એમના એવા પણ કેટલાક સંવાદ છે જેમાં ઋજુતા, હળવાશ - કુમાશ, પ્રેમ છલકાય છે અને એ પણ યાદગાર બની ગયા છે. સૌથી પહેલા યાદ આવે 'પાકીઝા'નો ડાયલોગઃ

'બરસાત કી રાત થી. ઈત્તફાક સે આપકે કમ્પાર્ટમેન્ટ મેં ચલા આયા. આપકે પાંવ દેખે. બહોત હસીન હૈ. ઈન્હેં ઝમીં પર મત રખિયેગા, મૈલે હો જાએંગે...'

'હીર રાંઝા'નો આ સંવાદ પણ સ્નેહની સરવાણી જેવો છેઃ

'ઉસસે કેહના કી તુમ મેરા એક ખ્વાબ હો, જો ચમકતા હૈ દિલ મેં વો મેહતાબ હો ' ... આ ઉપરાંત , 'દિલ એક મંદિર', 'દિલ અપના ઔર પ્રીત પરાઈ'માં પણ મૃદુ સંવાદો છે. જોકે એ હકીકત છે કે 'પાકીઝા' કે બીજા એકલદોકલ સંવાદને બાદ કરતાં તેમના મુલાયમ સંવાદ કરતા ખુમારી - ખુદ્દારી દર્શાવતા ડાયલોગ્સ વધુ લોકપ્રિય થયા છે.

રાજકુમારની કારકિર્દીની એક એવી ખાસિયત છે જેના વિશે ભાગ્યે જ વાત થઈ છે. એમની ફિલ્મ સફરનો પ્રારંભ થયો 'રંગીલી' જેના સંગીતકાર હતા ગોવાના પ્રખ્યાત ટ્રમ્પેટ વાદક અને મ્યુઝિક એરેન્જર ચિક ચોકલેટ. ત્યારબાદ પણ તેમની કેટલીક ફિલ્મો આવી, પણ અભિનેતા ન તો કોઈના ધ્યાનમાં આવ્યા કે ન કોઈની નજરમાં વસ્યા. ૧૯૫૭માં આવી મેહબૂબ ખાનની 'મધર ઈન્ડિયા'. ફિલ્મનું ફોક્સ અને દમદાર પાત્ર હીરોઈન નરગિસનું હતું, પણ નરગિસના પીડા અનુભવતા અને દ્રઢ મનોબળ ધરાવતા ખેડૂત પતિના રોલમાં એ દર્શકોની અનુકંપા મેળવવામાં સફળ રહ્યા. ફિલ્મની ફાંકડી સફળતાને પગલે ફિલ્મમેકરોની નજરે ચડ્યા અને ઈન્ડસ્ટ્રીના દરવાજા તેમને માટે ફટાક કરતાં ખૂલી ગયા. બે વર્ષમાં એમની ડઝનેક ફિલ્મો આવી પણ વિશેષ ધ્યાન ખેંચનારી અને આવકાર મેળવનારી ફિલ્મો હતી 'પૈગામ', 'શરારત' અને 'ઊજાલા'. આ ત્રણેય ફિલ્મમાં રાજકુમાર સોલો હીરો નહોતા. 'પૈગામ'માં દિલીપ કુમાર, 'શરારત'માં કિશોર કુમાર અને 'ઉજાલા'માં શમ્મી કપૂરની હાજરી હતી. એક ઈન્ટરવ્યૂમાં જાનીએ કહ્યું હતું કે રોલ પસંદ ન પડે તો પૈસા કે લંબાઈની ફિકર કર્યા વિના છોડી દેતા. ભૂમિકા પ્રભાવી લાગે તો જ સ્વીકારતા. 'મધર ઈન્ડિયા'થી ફિલ્મો મળવાનો સિલસિલો શરૂ થયો અને 'ઉજાલા'ના યશ પછી એકથી વધુ હીરોવાળી મલ્ટીસ્ટારર ફિલ્મ માટે એમની પસંદગીને પ્રાધાન્ય આપવાની શરૂઆત થઈ. રાજકુમારએ ત્રીસથી વધુ મલ્ટીસ્ટારર ચિત્રપટમાં કામ કર્યું હોવાની નોંધ છે. ફિલ્મના એક અભ્યાસુએ ધ્યાન દોર્યું છે કે 'રાજકુમાર સ્ટાઈલિશ એક્ટર હોવાને કારણે બલરાજ સાહનીના ઢાંચામાં ન ઢળી ગયા.'


સ્ટાઈલિશ એક્ટરનો સ્ટેમ્પ હોવા છતાં રાજકુમારએ મુન્શી પ્રેમચંદની 'ગોદાન' નવલકથા પર આધારિત એ જ ટાઈટલ ધરાવતી ફિલ્મમાં સંજોગોના શિકાર બનેલા એક સીધાસાદા - પ્રામાણિક ખેડૂતની ભૂમિકા પણ કરી અને પ્રભાવી સાબિત થયા. ગમતા રોલમાં જ કામ કરવાની દલીલને સમર્થન મળે છે. ૧૯૭૦ના દાયકામાં 'હીર રાંઝા', 'લાલ પત્થર', 'પાકીઝા', '૩૬ ઘંટે', 'હિન્દુસ્તાન કી કસમ' વગેરે ફિલ્મોએ એમનું સ્થાન મજબૂત બનાવ્યું. જોકે,૧૯૮૦ -૧૯૯૦ના દાયકામાં આવેલી ફિલ્મોમાંથી નજરમાં વસી ગયેલી ફિલ્મો જૂજ હતી - 'બુલંદી', 'કુદરત', 'સૌદાગર'... યાદી ટૂંકી છે. કમનસીબે અભિનેતાને ગળાનું કેન્સર થયું. 'બેતાજ બાદશાહ, 'જવાબ' જેવી ફિલ્મોમાં રાજકુમારનો અવાજ તરડાયેલો લાગે છે. જોકે, આ ફિલ્મની સૌથી યાદગાર બાબત એના ડાયલોગ્સ જ હતા ('હમ ઉન બાદશાહોં મેં સે હૈ જિન પર કિસી ભી દૌર કા અસર નહીં હોતા') એ સ્વીકારવું જ રહ્યું. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# હાલ કૈસા હૈ જનાબ કા... ઈન્ટરવલ કે બાદ!

## ૨૦૨૬ના બાકી છ મહિનામાં સ્ટાર્સ- ફ્રેન્ચાઇઝ અને મોટા પડદા વચ્ચેનો જંગ
















૨૦૨૬ના પહેલાં છ મહિના પૂરા થઈ ગયા છે અને હવે બાકીના છ મહિનામાં કઈ ફિલ્મ્સ દર્શકોની રાહ જોઈ રહી છે તેની ચર્ચા કરવાનો સમય છે. વર્ષની શરૂઆતમાં આપણે પહેલાં છ મહિનામાં આવનારી કેટલીક મહત્ત્વાકાંક્ષી ફિલ્મ્સ પર નજર કરી હતી. (અહીં ઓટીટી પ્લૅટફૉર્મ્સ પર રિલીઝ થતી વેબ સિરીઝનો સમાવેશ નથી કર્યો, કારણ કે મોટા ભાગની સિરીઝની રિલીઝ ડેટ તેમના આગમનના થોડા સમય પહેલાં જ જાહેર કરવામાં આવે છે.) તો ચાલો, હવે મનોરંજન દેવની કૃપાથી વર્ષના બીજા ભાગમાં આવનારી ફિલ્મ્સની સફર શરૂ કરીએ...

બોલિવૂડ અને હોલિવૂડ બન્ને તરફથી એવી ફિલ્મ્સ આવી રહી છે જે માત્ર રિલીઝ નથી, પરંતુ ઇવેન્ટ બની શકે એવી સંભાવના ધરાવે છે. આ ફિલ્મ્સને જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે આજે બન્ને ઇન્ડસ્ટ્રીઝ નવી વસ્તુઓ પર નહીં, પરંતુ લોકો પહેલાંથી ઓળખતા હોય એવી દુનિયા, પાત્રો અને બ્રાન્ડ્સ પર વધારે વિશ્વાસ મૂકી રહી છે.

સૌથી પહેલાં બોલિવૂડની વાત કરીએ. વર્ષના બીજા ભાગની સૌથી મહત્ત્વની ફિલ્મ્સમાંની એક છે 'આલ્ફા'. યશરાજ ફિલ્મ્સે છેલ્લા કેટલાંક વર્ષોમાં પોતાનું સ્પાય યુનિવર્સ ઊભું કર્યું છે. હવે 'આલ્ફા' દ્વારા પ્રથમ વખત મહિલા કેન્દ્રિત સ્પાય ફિલ્મ પર મોટો દાવ લગાવવામાં આવ્યો છે. આલિયા ભટ્ટ અને શર્વરી મુખ્ય ભૂમિકામાં છે. એ જોવું રસપ્રદ રહેશે કે સ્પાય ફિલ્મ્સ માટે 'ધુરંધર' પછી તેના બદલાયેલા ફૉર્મ્યુલા સાથે પણ દર્શકો એટલો જ ઉત્સાહ બતાવે છે કે નહીં.

સપ્ટેમ્બરમાં આવનારી 'મિર્ઝાપુરઃ ધ મૂવી' વર્ષનો સૌથી રસપ્રદ પ્રયોગ સાબિત થઈ શકે છે. 'મિર્ઝાપુર' પાસે પહેલેથી જ મજબૂત ચાહકવર્ગ છે. હવે જોવાનું એ રહેશે કે મોબાઇલ અને ટીવી સ્ક્રીન પર સફળ રહેલાં પાત્રો માટે લોકો થિયેટરમાં ટિકિટ ખરીદે છે કે નહીં. આ ફિલ્મની સફળતા કે નિષ્ફળતા ભવિષ્યમાં અન્ય વેબ શોઝ માટે પણ રસ્તો બનાવી શકે છે.

ઑક્ટોબરમાં આવનારી 'દૃશ્યમ ૩' એવી ફિલ્મ છે જેના વિશે કદાચ સૌથી ઓછી શંકા છે, કારણ કે આ ફ્રેન્ચાઇઝની તાકાત તેના સ્ટાર્સ કે ઍક્શન સિક્વન્સ નથી, પરંતુ તેની સ્ટોરી છે. વિજય સાલગાંવકરનું પાત્ર વર્ષોથી દર્શકોને પોતાનીસાથે જોડી રાખવામાં સફળ રહ્યું છે. આજના સમયમાં જ્યારે ઘણી ફિલ્મ્સ માત્ર સ્કેલ પર ભાર મૂકે છે, ત્યારે 'દૃશ્યમ' જેવી ફિલ્મ યાદ અપાવે છે કે સારી થ્રિલર હજુ પણ દર્શકોને ખેંચી શકે છે.

જોકે વર્ષના બીજા ભાગની સૌથી મોટી ચર્ચા કદાચ 'રામાયણ ભાગ ૧'ને લઈને થવાની છે. ભારતીય સિનેમામાં પૌરાણિક કથાઓ પર ઘણી ફિલ્મ્સ અને સિરિયલ્સ બની છે, પરંતુ આ પ્રોજેક્ટનો સ્કેલ કંઈક અલગ જ છે. આંતરરાષ્ટ્રીય સ્તરના વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, મોટા કલાકારો અને ભારતીય સંસ્કૃતિના સૌથી લોકપ્રિય ગ્રંથોમાંથી એક પર આધારિત આ ફિલ્મ માટે અપેક્ષાઓ ખૂબ ઊંચી છે.

વર્ષના અંતમાં આવનારી 'કિંગ' પણ ખાસ ધ્યાન ખેંચે છે. શાહરુખ ખાન આજે પણ એવા થોડાક સ્ટાર્સમાં સામેલ છે, જેમની ફિલ્મની જાહેરાત જ એક ઇવેન્ટ બની જાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં વારંવાર એવો સવાલ પૂછાયો છે કે શું સ્ટારડમ હજુ પણ બોક્સ ઑફિસ પર કામ કરે છે? 'કિંગ' કદાચ તેનો જવાબ આપી શકે.

હવે હોલિવૂડ તરફ નજર કરીએ. જુલાઈમાં આવનારી 'ધ ઓડિસી' સૌથી વધુ ચર્ચાતી ફિલ્મ્સમાંની એક છે. દિગ્દર્શક ક્રિસ્ટોફર નોલાન આજે એવા ફિલ્મમેકર બની ગયા છે કે લોકો માત્ર ફિલ્મની સ્ટોરી માટે નહીં, પરંતુ તેમની ફિલ્મ જોવાનો અનુભવ લેવા માટે પણ ટિકિટ ખરીદે છે.

આ જ સમયગાળામાં 'સ્પાઇડર-મેન : બ્રાન્ડ ન્યૂ ડે' પણ આવશે. સ્પાઇડર-મેન દુનિયાના સૌથી લોકપ્રિય સુપરહીરોમાંનો એક છે, પરંતુ આજે પડકાર માત્ર સુપરહીરો બતાવવાનો નથી. દર્શકો હવે સારી ઇમોશનલ સ્ટોરી અને મજબૂત પાત્રો પણ ઇચ્છે છે. સ્પાઇડર-મેનની ફિલ્મ્સ અત્યાર સુધી એ સંતુલન જાળવવામાં સફળ રહી છે એટલે આ નવી ફિલ્મ પર પણ સૌની નજર રહેશે.

નવેમ્બરમાં 'ધ હંગર ગેમ્સઃ સનરાઇઝ ઓન ધ રીપિંગ' આવશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં હોલિવૂડમાં એક રસપ્રદ ટ્રેન્ડ જોવા મળ્યો છે. જૂની લોકપ્રિય ફ્રેન્ચાઇઝને ફરી જીવંત કરવામાં આવી રહી છે, પરંતુ માત્ર નોસ્ટેલ્જિયા નહીં, નવી પેઢીના દર્શકોને પણ કંઈક નવું આપવું પડે છે. આ ફિલ્મ માટે પણ એ જ પડકાર રહેશે.

ડિસેમ્બરમાં તો બૉક્સ આફિસ પર મોટી ટક્કર જોવા મળી શકે છે. એક તરફ 'જુમાનજી' ફ્રેન્ચાઇઝનો નવો ભાગ હશે, 'ડ્યુન'નો પણ ત્રીજો ભાગ હશે અને સામે હશે 'એવેન્જર્સ : ડૂમ્સડે'. ખાસ કરીને 'એવેન્જર્સ : ડૂમ્સડે' માટે અપેક્ષાઓ ખૂબ મોટી છે. 'એન્ડગેમ' પછી માર્વેલ સ્ટુડિયોઝ માટે કદાચ આ સૌથી મહત્ત્વની ફિલ્મ છે.

ટૂંકમાં, બોલિવૂડ હોય કે હોલિવૂડ, હાલમાં કોઈ પણ અજાણ્યા રસ્તા પર ચાલવા તૈયાર નથી. આમ છતાં સિનેમાની સૌથી મોટી ખાસિયત એ છે કે તે હંમેશાં આશ્ચર્યચકિત કરે છે. દર વર્ષે કોઈ નાની ફિલ્મ મોટી સફળતા મેળવી લે છે અને કોઈ બહુ મોટી ફિલ્મ અપેક્ષા મુજબ ચાલતી નથી. લેટ્સ સી! ■

**લાસ્ટ શૉટ**

*ડિસેમ્બરમાં 'ડ્યૂન'એ પહેલેથી જ IMAX સ્ક્રીન્સનો મોટો હિસ્સો પોતાના નામે કરી લીધો હોવાથી ડિઝનીએ 'એવેન્જર્સઃ ડૂમ્સડે' માટે 'ઇન્ફિનિટી વિઝન' નામના નવા પ્રીમિયમ ફૉર્મેટને લૉન્ચ કર્યું છે.*

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## 'આલ્ફા' જંગલમાં અટવાઈ જશે?




ફિલ્મ પોસ્ટર મુજબ 'એલ્ફા' એવી આ ફિલ્મ 'આલ્ફા' આમ તો યશરાજના સ્પાય યુનિવર્સની પહેલી લેડી સ્પાય છે. સ્પાયને તો શું ખેતર, કે શું બિલ્ડિંગ કે શું જંગલ... જેવું કામ એવી પરિસ્થિતિનો તેણે સામનો કરવો પડે. પરંતુ આ તો જે રીયલ સ્પાય છે એની વાત છે. આજે રિલીઝ થયેલી સ્પાય ફિલ્મ 'આલ્ફા'ની વાત અલગ છે. 'આલ્ફા'ને બે સમસ્યાનો સામનો કરવાનો છે. એક તો જોઈતા શો ટાઈમ અને ટિકિટની મનપસંદ કિંમત. આ બંને મામલામાં તેને તકલીફ પડી શકે છે. આથી આ તકલીફ દૂર કરવા યશરાજે સિનેમા વિતરકોને અત્યારથી જ સાવધાન કરી દીધા છે.

યશરાજે આ અઠવાડિયાની શરૂઆતમાં વિતરકોને એક ઈમેલ મોકલ્યો હોવાનું અમારે કાને પડ્યું છે. એમાં બે-ત્રણ શરતો રાખી છે. પહેલી શરત તો 'આલ્ફા'નો સહુથી પહેલો શો શુક્રવારે સવારે સાડા નવ પહેલાં શરૂ ન થવો જોઈએ. આ શરત હવે મોટાભાગના પ્રોડ્યુસરો રાખવા માંડ્યા છે, કારણ કે જો ટ્રેલર-ટીઝરમાં દમ ન હોય તો વહેલી સવારનો શો લગભગ ખાલી જતો હોય છે.

બીજી શરત એ છે કે તેમને યોગ્ય સંખ્યામાં સ્ક્રીન આપવા. આ શરત એટલા માટે મૂકવી પડી છે કે ધાર્યા કરતાં ઊલટું અક્ષય કુમારની 'વેલકમ ટુ ધ જંગલ' ખૂબ સારો દેખાવ કરી રહી છે. થિયેટરમાં ઓડિયન્સ દ્વારા શૂટ કરેલાં આ ફિલ્મનાં દૃશ્યો સોશ્યલ મીડિયામાં ખૂબ વાયરલ થયાં છે. આ માઈન્ડલેસ કોમેડી પહેલાં વીકનો સારો દેખાવ હોવાથી બીજાં વીકમાં 'આલ્ફા'ને નડશે જ એમાં શંકા નથી એટલે યશરાજે પાંચ સ્ક્રીનનાં મલ્ટિપ્લેક્સમાં બે સ્ક્રીન આપવાની વિનંતી કરી છે. અને ત્રીજી શરત ટિકિટનાં ભાવ 'વેલકમ' જેટલાં જ રાખવાનું પણ કહ્યું છે.

વિચારો, એક સમયે પોતાનું 'રાજ' ચલાવતા 'યશરાજે' પોતાની આટલી મહત્ત્વની ફિલ્મ માટે વિનંતીઓ કરવી પડે છે!

## હવે એ ત્રીજી વખત 'હેરાફેરી' નહીં !



પ્રિયદર્શન

'હેરાફેરી ૩' બનવાની જાહેરાત થઇ છે ત્યારથી આજ સુધી એની સાથે જોડાયેલો વિવાદ પૂર્ણ થવાનું નામ જ નથી લેતો.

શરૂઆતમાં પરેશ રાવળે ફિલ્મ અધવચ્ચે છોડી દીધી. તેમનાં કહેવા અનુસાર તેમને સ્ક્રિપ્ટ સાથે પ્રોબ્લેમ છે. આવી નાની વાત સામાન્ય રીતે સામસામે બેસીને સોલ્વ થઇ જતી હોય છે, પરંતુ એમ ન થતાં મામલો અદાલત સુધી પહોંચી ગયો હતો. પછી અદાલત બહાર સમાધાન થયું. પરેશભાઈ પણ ફિલ્મમાં પરત આવી ગયા. પણ ફિરોઝ નડિયાદવાલાએ એક એવી જાહેરાત કરી કે બધાં હલી ગયા. ફિરોઝભાઈએ કહ્યું કે પ્રિયદર્શન હવે આ પ્રોજેક્ટનો ભાગ નથી. પ્રિયદર્શને પણ આ વાત કન્ફર્મ કરતાં કહ્યું છે કે ફિરોઝે જે કહ્યું તે સાચું છે, પરંતુ પ્રિયદર્શન આટલે સુધી ન અટક્યા. તેમણે એક ધડાકો કરતાં એમ પણ ઉમેર્યું કાયદાકીય ગૂંચવાડા અને અમુક લોકોના ઈગો પ્રોબ્લેમ્સને કારણે આ ફિલ્મ ક્યારેય નહીં બને...!

'હેરાફેરી'ના અખંડ ચાહકો માટે આ ખૂબ નિરાશાજનક સમાચાર છે. છેવટે દર્શકો માટે સ્ટાર્સ અને પ્રોડ્યુસર ડાયરેક્ટરે પોતાના પર્સનલ ઇગોને બાજુમાં રાખીને ફિલ્મ બનાવવા જેવી હતી. હવે જોવાનું એ રહે છે કે શું પ્રિયદર્શનની કાગવાણી સાચી પડે છે કે નહીં.

## 'જંગલ'માં આ 'પ્રાણી'ઓ કેમ ન દેખાયા?



સંજય દત્ત

જ્યારે 'વેલકમ ટુ ધ જંગલ'ની અનાઉન્સમેન્ટ થઇ હતી ત્યારે જ ખબર પડી ગઈ હતી કે આમાં ઢગલાબંધ કલાકારો છે, પરંતુ જ્યારે તેનું ટીઝર આવ્યું અને પછી ટ્રેલર આવ્યું ત્યારે ત્રણ-ચાર ચહેરાઓ એમાંથી ગાયબ દેખાયા. સહુથી પહેલાં તો મીકા સિંઘ ગુમ થયા હોવાનું જણાયું. આ ફિલ્મમાં તેમનાં વડ્ડે પ્રા દલેર મહેંદી તો છે પણ એ કેમ ન દેખાયા એ જાણવાની ટ્રાય કરી ત્યારે ખબર પડી કે એમને ફિલ્મમાંથી ક્યારે ડ્રોપ કરાયા એમની એમને પણ ખબર ન હતી.

બીજું નામ છે 'ફેમિલી મેન' ફેઈમ શારીબ હાશ્મીનું. એમનું ફિલ્મમાં ન દેખાવાનું કારણ 'ફેમિલી મેન'ની તારીખો સાથે આ ફિલ્મની તારીખોની અથડામણ હતી. રાહુલ દેવને પણ આ જ કારણસર ફિલ્મની જાહેરાત બાદ તેમાંથી દૂર થઇ જવું પડ્યું હતું.

ટેલેન્ટેડ કલાકાર ઈમામુલહકને પોતાના રોલ વિષે કોઈ સ્પષ્ટતા ન હતી. તેમનાં કહેવા પ્રમાણે જ્યારે તેમને ખબર જ ન હોય કે તેમણે ફિલ્મમાં શું કરવાનું છે તો તે એ ફિલ્મ શા માટે કરે? એટલે તે પણ ગયા.

જોકે આ બધામાં સહુથી મોટું નામ સંજય દત્તનું હતું. સંજય દત્ત પણ પેલી એનાઉન્સમેન્ટમાં હતા, પરંતુ બાદમાં ટીઝર, ટ્રેલર અને ફિલ્મમાંથી ગાયબ થઇ ગયા. કારણ? સંજય દત્તે જાતે ખરાબ તબિયતનું કારણ આપીને ફિલ્મમાંથી રજા લઇ લીધી હોવાનું કાને પડ્યું છે. શું એ જ કારણ હોઈ શકે કે પછી આટલા બધાં સ્ટાર્સમાં પોતે ક્યાંક ખોવાઈ જશે એનો ભય સંજુબાબાને લાગ્યો?

આમ જુઓ તો 'ધુરંધર'માં પોતાના અભિનયને મળેલી સફળતા પછી આવો ડર સંજય બાબાએ નહીં, પણ આ ફિલ્મના અન્ય કલાકારોને રાખવો જોઈતો હતો ! ■

**કટ એન્ડ ઓકે...**

*પોતાની ફિલ્મ 'વારાણસી'નાં એક યુદ્ધ દૃશ્ય માટે એસ. એસ. રાજામૌલી ૩૫૦૦ જુનિયર આર્ટિસ્ટ સાથે શૂટિંગ કરવાની તૈયારી કરી રહ્યા છે...*

*(આડ-નોંધઃ આવાં દૃશ્ય તો આજકાલ AI પણ સસ્તામાં કરી શકે છે !)*

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# ઉર્વશી રૌતેલા

## ફિલ્મોમાં શોભાની પૂતળી, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય

'ગ્લોબલ સ્ટાર' તરીકે જાણીતી બોલિવૂડની અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ હાલમાં જ આખી દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે, એ માટે તેની કોઇ ફિલ્મ કે કોઇ એડ-ફિલ્મ કારણ નથી, પણ લકઝરિયસ લાઇફસ્ટાઇલ જીવતી આ અભિનેત્રીએ હાલમાં જ રૂ. ૯૦ કરોડ (જી હા... આપે બરાબર જ વાંચ્યું છે રૂ. ૯૦ કરોડ!)માં બે કાર ખરીદી છે. ભારતમાં અંબાણી પરિવાર પાસે પણ નથી એવી એક નહીં પણ બે - બે કાર ઉર્વશીએ ખરીદી છે. ઉર્વશીએ બુગાટી ટર્બિલોન હાઇપર કાર ખરીદી છે. આ એક કારની કિંમત રૂ. ૪૫ કરોડ છે. ઉર્વશીને ફાસ્ટ કારનો ખૂબ જ શોખ છે. જોકે, આ બે કાર ખરીદવાની સાથે જ ઉર્વશી ક્રિસ્ટીયાનો રોનાલ્ડો, નેમાર જુનિયર અને ડ્રેક જેવા સ્પોર્ટસમેનની યાદીમાં સામેલ થઇ ગઇ છે. આ કાર બહુ ઓછી સંખ્યામાં બનાવવામાં આવે છે.

માત્ર ૧૫ વર્ષની ઉંમરે મોડેલિંગના ક્ષેત્રમાં આવીને ૨૦૦૯માં તેણે 'મિસ ટીન ઇન્ડિયા'નું ટાઇટલ મેળવ્યું હતું. ત્યારપછી તેણે પાછું વળીને જોયું નથી અને આજે ૩૨ વર્ષની ઉંમરે ઉર્વશી રાષ્ટ્રીય નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતાના એક પછી એક સોપાન સર કરતી જાય છે. ૨૫ ફેબ્રુઆરી ૧૯૯૪ના ઉત્તર પ્રદેશના રાજપૂત પરિવારના મીરાં અને મનવરસિંહ રૌતેલાના ઘરે જન્મેલી ઉર્વશી કોટયરમાં શાળાનું અને પછી દિલ્હીમાં કોલેજનું શિક્ષણ લીધું છે. ૨૦૦૯માં 'મિસ ટીન ઇન્ડિયા'નું ટાઇટલ મેળવ્યા પછી તે સતત આગળ વધતી રહી છે. ૨૦૧૧માં તેણે 'ઇન્ડિયન પ્રિન્સેસ'નું ટાઇટલ મેળવ્યું, તે જ વર્ષે 'મિસ ટૂરિઝમ ક્વિન ઓફ ધ યર'નું ટાઇટલ મેળવ્યું. આ સ્પર્ધા ચીનમાં યોજાઇ હતી.

સૌંદર્ય સમ્રાજ્ઞીઓ મોટે ભાગે બોલિવૂડ ફિલ્મમાં અભિનયની કારકિર્દી શરૂ કરે છે એ રીતે ૨૦૧૧માં તેને બોલિવૂડની ફિલ્મ 'ઇશકઝાદે' ઓફર કરવામાં આવી, પણ તેને 'મિસ યુનિવર્સ' સ્પર્ધા પર વધારે ધ્યાન આપવું હતું એટલે તેણે એ ફિલ્મ નકારી કાઢી.



૨૦૧૨માં રૌતેલાએ 'આઇ એમ શી મિસ યુનિવર્સ ઇન્ડિયા'ની સાથે 'મિસ ફોટોજેનીક'નું બિરુદ મેળવ્યું હતું. તે સમયે તેની ઉંમર તેને નડી હતી અને નાની ઉંમરને કારણે તે 'મિસ યુનિવર્સ'માં ભાગ ન લઇ શકી. ૨૦૧૫માં તેણે 'મિસ યુનિવર્સ-૨૦૧૫'માં ભારત વતી ભાગ લીધો હતો. પણ તે ટાઇટલ જીતી શકી નહોતી. જોકે, આને પગલે તેની બોલિવૂડની કારકિર્દી શરૂ થઇ ગઇ. ૨૦૧૩માં સની દેઓલ સાથેની ફિલ્મ 'સિંઘ સાબ ધ ગ્રેટ'માં મુખ્ય અભિનેત્રી તરીકે તે ચમકી-ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ ગઇ હતી, પણ ઉર્વશી રૌતેલાના સૌંદર્યના ખૂબ જ વખાણ થયા હતા. ૨૦૧૪માં તે યો યો હની સિંહના આંતરરાષ્ટ્રીય વીડિયો આલબમ 'લવ ડોઝ'માં ચમકી હતી અને તેના પગલે તેને ખ્યાતિ મળી હતી. ત્યાર પછી તેણે દક્ષિણમાં કન્નડ ફિલ્મ 'ઐરાવત'માં કામ કર્યું. આ ફિલ્મમાં ઉર્વશીના અભિનય કરતાં નૃત્યશૈલીના વધુ વખાણ થયાં હતાં. એક બાજુ હિન્દી ફિલ્મો અને બીજી બાજુ મિકા સિંહ અને વિદ્યુત જામવાલ સાથેના વીડિયો આલ્બમે તેને લોકપ્રિયતા અપાવી હતી.

હિન્દી ફિલ્મોમાં ઉર્વશીને એક શોભાની પૂતળી તરીકે જ રજૂ કરવામાં આવતી હતી. બીજી બાજુ તેને સાઉથની ફિલ્મોમાં એક-એક આઇટમ સોંગ કરવા માટે કરોડો રૂપિયા મળતા હતા. બોલિવૂડની ફિલ્મોમાં 'હેટ સ્ટોરી-ફોર', 'પાગલપંતી', 'વર્જિન ભાનુપ્રિયા', 'જાટ' જેવી ફિલ્મોમાં તે દેખાઇ હતી.

હાલમાં જ એટલે કે ૨૦૨૫માં છેલ્લે તે તેલુગુ ફિલ્મ 'ડાકુ મહારાજ'માં દેખાઇ હતી અને ૩૨ કલાકારવાળી હાલમાં રજૂ થયેલી અક્ષય કુમારની 'વેલકમ ટુ ધ જંગલ'માં તે નાનકડી ભૂમિકામાં છે, પણ હિન્દી ફિલ્મોમાં તે મોટે ભાગે 'આઇટમ ગીત'માં દેખાય છે, તો દક્ષિણની ફિલ્મોમાં તે તેલુગુ, તમિળ અને કન્નડ ભાષાની ફિલ્મોમાં ચમકે છે.

આમ જુઓ તો એ ફિલ્મો કરતાંય મોડેલિંગની દુનિયામાં વિશ્વપ્રસિદ્ધ છે અને અનેક આંતરરાષ્ટ્રીય બ્રાંડ માટે તે કામ કરી ચૂકી છે. ૨૦૧૮માં આંદામાન અને નિકોબાર આઇલેન્ડની સરકારે તેને 'યંગેસ્ટ મોસ્ટ બ્યૂટીફૂલ વુમન ઇન ધ યુનિવર્સ'ના ટાઇટલથી નવાજી હતી. ૨૪ ઓકટોબર-૨૦૨૦નાં 'આરબ ફેશન વીક' હેઠળ દુબઇસ્થિત 'આરબ ફેશન કાઉન્સિલ' દ્વારા અમિરાતના વિમાનમથકના 'રનવે' પર ફેશન વોક કરનારી પ્રથમ ભારતીય બની હતી. મોરોક્કોમાં ૨૦૨૨માં યોજાયેલી લકઝરી નેટવર્કના આંતરરાષ્ટ્રીય એવોર્ડસમાં તેની પસંદગી 'ગ્લોબલ આઇકન' તરીકે થઇ હતી.

આ બધા વચ્ચે ઉર્વશીએ પોતાની જ એક એપની શરૂઆત કરી છે. આ એપ દ્વારા તે પોતાના ચાહકો અને પ્રશંસકો સાથેનો સંપર્ક જાળવી રાખે છે અને પોતાની માહિતી તે પૂરી પાડતી રહે છે.

વચમાં થોડો સમય માટે તેનું નામ યુવા ભારતીય ક્રિકેટર-વિકેટકીપર રિષભ પંત સાથે સંકળાયું હતું. પણ પછી એ બહાર આવ્યું હતું કે એ માત્ર અફવાઓ જ હતી.

આમ, ફિલ્મોમાં માત્ર શોભાની પૂતળી તરીકે રજૂ થતી ઉર્વશી રૌતેલા આંતરરાષ્ટ્રીય બ્રાંડ તરીકે વધુ લોકપ્રિય છે અને તેમાં તે સતત આગળ વધતી રહે છે અને તે સમાચારોની હેડલાઇન બનતી રહે છે. અનેક બ્યૂટી પ્રોડકટ્સની સાથે સંકળાયેલી ઉર્વશી એક અભિનેત્રી તરીકે નામના મેળવી શકી નથી, પણ તે 'આઇટમ ગર્લ' તરીકે અને જાહેરાતની દુનિયામાં ખૂબ જ નામના ધરાવે છે.

---

**OTTનું હોટસ્પોટ**

## ૪ જુલાઈથી ૧૦ જુલાઇ શું જોશો ?

ફિફા વર્લ્ડ કપ, વિમ્બલ્ડન અને આઇસીસી વિમેન્સ વર્લ્ડ કપની રોમાંચક મેચો અત્યારે રમતના શોખીનો માટે 'ઝી ફાઇવ' પર ૨૦ જુલાઇ સુધી ફિફા વર્લ્ડ કપની મેચોનું પ્રસારણ ચાલી રહ્યું છે. એક તરફ આઇસીસીની વિમેન્સ વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઇનલ, સેમિ અને ફાઇનલનું પ્રસારણ થશે, જે 'સોની લીવ' પર અને 'સોની સ્પોર્ટસ' પર લાઇવ જોઇ શકાશે તો બીજી તરફ વિમ્બલ્ડનની ફાઇનલ સુધીની સફર ૧૨ જુલાઇ સુધી જોવા મળશે.

એ સિવાય આગામી અઠવાડિયાના આકર્ષણ આ મુજબ છેઃ

નેટફ્લિક્સઃ ૧૦ જુલાઇએ અહીં સન્ની દેઓલ, અક્ષય ખન્ના, દિયા મિર્ઝા અને સંજીદા શેખ અભિનિત 'ઇક્કા' રજૂ થશે. આજથી બરાબર ૨૯ વર્ષ પહેલાં 'બોર્ડર' માં સન્ની દેઓલ અને અક્ષય ખન્ના સાથે દેખાયા હતા. આ જ ચેનલ પર ૧૦ જુલાઇથી ઇનોલો હોમ્સ નામની સિરીઝની ત્રીજી સિઝન શરૂ થઇ રહી છે.

એમેઝોન પ્રાઇમ વીડિયોઃ એમેઝોનને ભારતમાં ૧૦ વર્ષ પૂરાં થઇ રહ્યાં છે. ત્યારે ચોથી જુલાઇથી? છઠ્ઠી જુલાઇ સુધી અનેક આકર્ષણ રજૂ થશે, પણ શું ? તે એમેઝોન પર સસ્પેન્સ રખાયું છે. આ દરમિયાન કઇ કઇ ફિલ્મો રજૂ થશે એ ચોથી જુલાઇએ જ જાણ થશે.

જિયો હોટસ્ટારઃ આ ઓટીટી ચેનલ પર આજે (ત્રીજી જુલાઇએ) રાજકુમાર હિરાની નિર્મિત 'પ્રીતમ એન્ડ પેડ્રો' રજૂ થશે. આ ફિલ્મ દ્વારા હિરાનીનો પુત્ર વીર હિરાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી રહ્યો છે. તેની સાથે અર્શદ વારસી અને વિકાંત મેસ્સની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ દ્વારા રાજકુમાર હિરાની પણ ઓટીટી પર પદાર્પણ કરી રહ્યા છે.

---

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૮૭)

**આ કલાકારોને દાદા સાહેબ ફાળકે એવોર્ડ કઈ શ્રેણીમાં મળ્યા છે?**

૧) બી આર ચોપરા

૨) નૌશાદ

૩) આશા પારેખ

૪) ભૂપેન હઝારીકા

૫) વી કે મૂર્તિ

૬) વિનોદ ખન્ના

૭) કવિ પ્રદીપ



### ક્વિઝ (૧૮૬)

**આ ગીતો કઈ ફિલ્મના છે?**

૧) નૈના બરસે રીમ ઝીમ રીમ ઝીમ પિયા તોરે આવન કી આસ

૨) નૈનો મેં બદરા છાંયે બીજલી સી ચમકે હાયે ઐસે મેં બલમ મોહે

૩) નૈનો મેં સપના સપનો મેં સજના,સજના પે દિલ આ ગયા

૪) નૈન મિલે ચૈન કહા દિલ હૈ વહી તું હૈ જહાં યે ક્યા કિયા સૈંયા સાવરે

૫) નૈન લડ જઈ હૈ તો મનવામાં કસક હોઈબે કરી પ્રેમ કા છૂટી હૈ

૬) નૈન મિલા કર ચૈન ચુરાના કિસકા હૈ યે કામ હમસે પૂછો હમકો પતા

૭) નૈનો મેં દર્પન હૈ દર્પન મેં કોઈ દેખું જિસે સુબહ શામ બોલો જી બોલો

**જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'**

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दिलचस्प | પ્રિય |
| दिलावर | મશ્કરી |
| दिल्लगी | દેવાળું |
| दिवाला | ઉદાર |
| दिलदार | આકર્ષક |

### જાણવા જેવું

દીના પાઠકએ કાયમ વૈવિધ્યપૂર્ણ રોલ કરવાને પ્રાધાન્ય આપ્યું હતું. તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત થયેલા વી. શાંતારામે તેમને 'જલ બિન મછલી નૃત્ય બિન બિજલી'માં રાજમાતાની ભૂમિકા આપી હતી. 'કોશિશ'માં સંજીવ કુમાર - જયા ભાદુરી મૂક - બધિરના રોલમાં હોવાને કારણે સૌથી વધુ સંવાદ દીનાબહેનના ફાળે જ આવ્યા હતા.

### ગુજરાત મોરી મોરી રે

ફિલ્મો અને ટેલિવિઝન સિરિયલો બનાવનારા મેકર કેતન મહેતાની કઈ ગુજરાતી ફિલ્મમાં નસીરુદ્દીન શાહ અને સ્મિતા પાટીલ હતાં?

અ) ડોક્ટર રેખા  બ) ભવની ભવાઈ
ક) શેતલને કાંઠે  ડ) જીવન સંધ્યા

### નોંધી રાખો

*મનમોહન દેસાઈએ 'છલિયા' પછી 'ચાંદી કી દીવાર'ની પટકથા તૈયાર કરી હતી જેમાં તેઓ દિલીપ કુમારને લેવા માગતા હતા.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ■ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| ૧૦ | | | | ■ | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ■ |
| ■ | ૧૪ | ■ | ૧૫ | ■ | ■ | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | | ■ | ■ | | ■ | | ■ |
| ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ |
| ૨૪ | ■ | | ■ | | ■ | ૨૫ | | | |
| | ■ | ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | | ■ | ૩૦ | | | | ■ | ૩૧ | |

**આડી ચાવી**

૧. અમૃત (૨)
૨. બ્રહ્મા (૪)
૫. --- નો ઘડો ફૂટ્યા વગર ન રહે (૨)
૭. બુદ્ધિ (૨)
૮. (વ્યસનની) ઉત્કટ ઈચ્છા (૩)
૧૦. છેવટની હદ, અવધિ (૪)
૧૧. વાઘ-સિંહ ---માં રહે (૨)
૧૨. કબર (૨)
૧૭. હોઠ --- તો ઉત્તર ઝાઝા (૨)
૧૮. --- અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ (૨)
૧૯. જે --- જગતગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો (૨)
૨૧. રંગમાં --- (૨)
૨૫. ચન્દ્ર (૪)
૨૬. દરકાર, કાળજી (૩)
૨૮. સાચું (૨)
૨૯. મર્યાદા, સીમા (૨)
૩૦. સલાહ સંપ, સમાધાન (૪)
૩૧. કરોડ (૨)

**ઊભી ચાવી**

૧. ઈંદ્રરાજા (૪)
૨. આબરૂ (૩)
૩. પાનખર ઋતુ (૪)
૪. તલ (૨)
૬. પ્રથમ (૩)
૭. ઘર, રહેઠાણ (૩)
૯. પ્રતિઘોષ (૩)
૧૩. ફળદ્રુપ (૩)
૧૪. વિરહ (૩)
૧૫. ---માં સાંભરે સોની (૨)
૧૬. ---માં સાંભરે રામ (૨)
૨૦. મિલન (૩)
૨૧. તકરાર, પંચાત (૪)
૨૨. આધાર વગરનું (૩)
૨૩. છળપ્રપંચ કરનારું (૪)
૨૪. મૂર્તિ (૩)
૨૫. ચંદન (૩)
૨૭. લીન, આસક્ત (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ શ | ક્ત | ■ | ૩ વ | ૪ દી | ■ | ૫ શ | ૬ રા | ૭ પ |
| ૮ ખા | મિ | ■ | ૯ ત | હે | વા | ર | ■ | ૧૦ ગિ | રિ |
| ■ | ૧૧ યા | ત્રી | ■ | મ | ■ | ■ | ૧૨ જા | ■ | ચા |
| ૧૩ દા | નો | ■ | ૧૪ વા | ■ | ૧૫ વા | મ | ન | ■ | ર |
| ■ | ■ | ૧૬ જ | રિ | ૧૭ યા | ન | ■ | ૧૮ વ | ણિ | ક |
| ૧૯ અ | ક્ષ | ય | ■ | ૨૦ દ | ર | ૨૧ કા | ર | ■ | ■ |
| રા | ■ | ૨૨ વા | સ | વ | ■ | ષ્ટ | ■ | ૨૩ ઈ | લા |
| જ | ■ | રો | ■ | ■ | ૨૪ હે | ■ | ૨૫ પ્ર | જા | ■ |
| ૨૬ ક | ૨૬અ રો | ■ | ૨૭ ઝ | ૨૭અ વે | રા | ત | ■ | ૨૮ જ | ૨૯ મા |
| ૩૦ તા | મ | સી | ■ | ૩૧ દી | ન | ■ | ૩૨ વ | ત | ની |

### ઓળખાણ પડી?

ગુલઝાર દિગ્દર્શિત કઈ યાદગાર ફિલ્મમાં દિલીપ કુમાર એક અલપઝલપ રોલમાં નજરે પડ્યા હતા એની ઓળખાણ પડી?

અ) અંગુર
બ) કોશિશ
ક) મૌસમ
ડ) મેરે અપને



### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૧૯૯૦ના દાયકામાં રોમેન્ટિક રોલ કરનારી આગવી અભિનેત્રી કાજોલએ કઈ ફિલ્મમાં નેગેટિવ રોલ કરી એવોર્ડ મેળવ્યો હતો?

અ) ઇશ્ક  બ) દિલવાલે  ક) બેખુદી  ડ) ગુપ્ત

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મોના અનેક ટોચના ઍક્ટર સાથે કામ કરનારી મુમતાઝની મીના કુમારી સાથે કઈ ફિલ્મ હતી એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) અપરાધ  બ) મેરે અપને  ક) મિસ મેરી  ડ) દુશ્મન

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | | | ૫ | | ૪ | ૭ | |
| ૫ | ૬ | ૭ | | | | | ૨ | |
| | | | | | | | | |
| ૮ | ૫ | | | ૨ | ૭ | | | ૧ |
| ૩ | | | ૧ | | ૫ | | | ૪ |
| ૧ | | | ૩ | ૮ | | | ૯ | ૭ |
| | | | | | | | | |
| | ૮ | | | | | ૯ | ૧ | ૫ |
| | ૪ | ૨ | | ૭ | | | ૩ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૪ | ૩ | ૭ | ૫ | ૯ | ૮ | ૨ |
| ૩ | ૭ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૬ | ૪ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૬ | ૯ | ૭ | ૩ | ૧ |
| ૭ | ૩ | ૮ | ૧ | ૪ | ૨ | ૬ | ૫ | ૯ |
| ૪ | ૨ | ૬ | ૫ | ૯ | ૭ | ૩ | ૧ | ૮ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૩ | ૪ | ૨ | ૭ |
| ૬ | ૯ | ૫ | ૭ | ૨ | ૧ | ૮ | ૪ | ૩ |
| ૨ | ૪ | ૭ | ૮ | ૩ | ૬ | ૧ | ૯ | ૫ |
| ૮ | ૧ | ૩ | ૯ | ૫ | ૪ | ૨ | ૭ | ૬ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दिक्कत | મુશ્કેલી |
| दिगंत | ક્ષિતિજ |
| दिनकर | સૂર્ય |
| दिनांक | તારીખ |
| दिमाग | ભેજું |

**ગુજરાત મોરી મોરી રેઃ** સંજીવ કુમાર

**ઓળખાણ પડી?** હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય

**માઈન્ડ ગેમ :** ઔર પ્યાર હો ગયા

**ચતુર આપો જવાબ  માથું ખંજવાળો :** લાલ પથ્થર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભરત કજરિયા (૪) ભારતી બુચ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) લજિતા ખોના (૧૬) મીનળ કાપડિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ખુશરૂ કાપડિયા (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) વિણા સંપટ (૨૪) અરવિંદ કામદાર (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અંજુ ટોલિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) મનીષા શેઠ (૩૪) ફાલ્ગુની શેઠ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી બુચ (૩૭) નિતીન જયંતીલાલ બજરિયા (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પુષ્પા પટેલ (૪૪) પ્રવીણ વોરા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) નંદુભાઈ એ. ગોઠી (૪૮) મહેશ સંઘવી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૮૫ જવાબ ૧) પ્રોડ્યૂસર-ડિરેક્ટર, ૨) મ્યુઝિક કંપોઝર, ૩) એક્ટ્રેસ, ૪) ગાયક, ૫) સિનેમેટોગ્રાફર, ૬) એક્ટર ૭) ગીતકાર

ક્વિઝ ૧૮૬ ૧) વો કૌન થી, ૨) મેરા સાયા, ૩) હિમ્મતવાલા, ૪) બસંત બહાર, ૫) ગંગા જમુના, ૬) આમને સામને, ૭) આરોપ

મેયરના સામે જ અધિકારી મેનહોલમાં પડ્યો હતો

# પાલિકાની બેદરકારીનો અંત ક્યારે આવશે?

## હાઈ કોર્ટના આદેશની ઐસીતૈસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પહેલા જ ભારે વરસાદ દરમ્યાન મેયર રિતુ તાવડે માટુંગામાં ગાંધી માર્કેટમાં નિરીક્ષણ માટે નીકળ્યા હતા એ દરમ્યાન પાલિકાના અધિકારી મેનહોલમાં પડી ગયા હોવાની ઘટના હજી તાજી છે ત્યાં ગુરુવારે મુંબઈમાં સાકીનાકા વિસ્તારમાં ગુરુવારે ખુલ્લા મેનહોલમાં પડી જવાથી પંચાવન વર્ષના અસ્લમ શેખનું મૃત્યુ થયું હતું. ખુલ્લા મેનહોલને મુદ્દે સ્થાનિક નાગરિકો સાથે જ હાઈ કોર્ટે પણ વારંવાર ખુલ્લા મેનહોલને 'મૃત્યુના જાળ' કહીને પાલિકા પ્રશાસનને ઠપકો આપી ચૂકી છે, છતાં પાલિકા પ્રશાસનની બેદરકારીને કારણે ગુરુવારે સાકી નાકા વિસ્તારમાં ખુલ્લા મેનહોલમાં પડી જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

ગયા અઠવાડિયામાં માટુંગામાં ગાંધી માર્કેટમાં પાણી ભરાયેલા વિસ્તારોના નિરીક્ષણ દરમ્યાન મેયર રિતુ તાવડે સાથે આવેલા પાલિકાના એક અધિકારી વરસાદી પાણી નીચે ખુલ્લા મેનહોલમાં પડી ગયા હતા અને તેમને તાત્કાલિક બચાવી લેવામાં આવ્યા હતા, પરંતુ આ ઘટનાએ પાલિકાની ચોમાસાની તૈયારી સામે જ

(જુઓ પાનું ૪) ▶▶

### કમિશનરના આદેશની અવગણના?

સાકીનાકીની દુર્ઘટના બાદ 'એલ'વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે, ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ૧૮ મેના પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ તમામ આસિસ્ટન્ટ કમિશનર, ડેપ્યુટી કમિશનર સહિત તમામ સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સાથે ચોમાસા પહેલાની તૈયારીરૂપે એક મહત્ત્વની બેઠક કરી હતી, જેમાં તેમણે તમામ આસિસ્ટન્ટ કમિશનરોને તેમના વિસ્તારમાં આવેલા મેનહોલ પર જાળી બેસાડી દેવાની અને તમામ મેનહોલ તપાસીને જાળી બેસાડી છે કે નહીં તેની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. ચોખ્ખા શબ્દોમાં નિર્દેશ હોવા છતાં સંબંધિતો તેનો અમલ કર્યો નહોવાનું પ્રાથમિક સ્તરે જણાઈ આવ્યું છે. ■

## 'એલ' વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર સહિત ચાર સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાકીનાકામાં મેનહોલમાં પડીને પંચાવન વર્ષની વ્યક્તિના મૃત્યુ પ્રકરણમાં પાલિકા પ્રશાસને આસિસ્ટન્ટ કમિશનર સહિત ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તેમ જ આ પ્રકરણમાં એડિશનલ કમિશનરની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની સ્થાપના કરવામાં આવી છે. આ સમિતિને સાત દિવસમાં તપાસનો અહેવાલ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકાના સ્યુએજ ઓપરેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ગુરુવારે કુર્લા-સાકીનાકામાં ખૈરાણી માર્ગ પર મેનહોલ પર સંરક્ષણ જાળી બેસાડવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે તેમાં પડીને પંચાવન વર્ષના અસલમનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણની પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ નોંધ લઈને 'એલ'વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર ધનાજી હેર્લેકર સહિત મેઈન્ટેન્સ ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ સબ એન્જિનિયર એન્જિનિયર દીપક ચૌગુલે, સિનિયર એન્જિનિયર અભિજિત ચૌગુલે સહિત સ્યુએજ ઓપરેશન ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ એન્જિનિયર ઉત્તમ પાટીલની તપાસ પૂરી થાય નહીં ત્યાં સુધી સસ્પેન્ડ કર્યા છે.'એલ'વોર્ડ પરિસરમાં કુર્લા-સાકીનાકામાં ખૈરાણી રોડને લાગીને સ્યુએજ ઓપરેશન ડિપાર્ટમેન્ટ મારફત સુરક્ષા જાળ બેસાડવાની કામગીરી શરૂ કરી હતી. આ કામ ચાલી રહ્યું હતું ત્યારે કૉન્ટ્રેક્ટરે સુરક્ષાના કોઈ પણ પગલાં લીધા ન હોવાનું ઘટના સ્થળે જણાઈ આવ્યું હતું. કામ ચાલી રહ્યું હતું બરોબર એ જ સમયે અસલમ ઈસાક શેખ મોબાઈલ પર વાત કરતા રસ્તા પરથી જઈ રહ્યો હતો ત્યારે મેનહોલ પાસ ઊભા રહેલા વ્યક્તિએ તેનો બોલાવીને થોભવા કહ્યું હતું પણ તે સંતુલન ખોઈ બેસતા મેનહોલમાં પડી ગયો હતો. ■

### ■ તમામ વોર્ડમાં ૧૦૦ ટકા મેનહોલની તપાસ કરાશે

આ ઘટના બાદ ભવિષ્યમાં આવી દુર્ઘટના બને તે માટે પ્રતિબંધાત્મક ઉપાયયોજના તરીકે મેનહોલના કામ કરતા સમયે ચારે બાજુએ બેરીકેડ્સ લગાવવાનો આદેશ ફરી એક વખત આપવામાં આવ્યો છે. તેમ જ આગામી આઠ દિવસમાં પાલિકામાં આવેલા તમામ મેનહોલની ૧૦૦ ટકા તપાસ કરવાનો કરવાનો અને તેની સુરક્ષિતતાની ખાતરી કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. આ બાબતનો અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ તમામ એડિશનલ કમિશનર, સાતેય ઝોનના ડેપ્યુટી કમિશનર, ૨૬ પ્રશાસકીય વિભાગના કમિશનરને આપવામાં આવ્યો છે.

### ■ તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિ

સુરક્ષાના નિયમો બાબતના બેદરકારી દાખવનારા સંબંધિત કૉન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરવાનો આદેશ પણ કમિશનરે આપ્યો છે. આ ઘટના શેના કારણે ઘટી? તે માટે આ પ્રકરણની ઊંડાણમાં તપાસ કરવા માટે અને મુંબઈ મહાનગરપાલિકાની હદમાં આવી ઘટનાનું પુનરાવર્તન થાય નહીં તે માટે એડિશનલ કમિશનર (પશ્ચિમ ઉપનગર)ની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય તપાસ માટે સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિમાં પાલિકાના ડેપ્યુટી કમિશનર (સામાન્ય પ્રશાસન), ઝોન સાતના ડેપ્યુટી કમિશનર અને પાયભૂત સુવિધાના ડેપ્યુટી કમિશનરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તપાસનો અહેવાલ સાત દિવસમાં રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ■

### ■ કમિશનર રાજીનામું આપે: શિવસેના

મુંબઈના નાયબ મેયર અને શિંદેસેનાના નગરસેવક સંજય ઘાડીએ સાકીનાકામાં ઘટના સ્થળની મુલાકાત લીધા બાદ પાલિકાની કાર્યપદ્ધતિ સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. દુર્ઘટના માટે જવાબદાર અધિકારી સામે આકરા પગલા લેવાની માગણી સાથે જ તેમણે કમિશનરના રાજીનામાની માગણી પણ કરી હતી. સંજય ઘાડીએ કહ્યું હતું કે કમિશનરે રાજીનામું આપવું જોઈએ. મેનહોલની સુરક્ષા જાળીનો કૉન્ટ્રેક્ટ પૂરો થયો હોઈ નવેસરથી જાળી બેસાડવા બાબતે તેમણે પત્ર લખીને કમિશનર સમક્ષ માગણી કરી હતી. છતાં કમિશનરે તેના પ્રત્યે દુર્લક્ષ કર્યું હતું. તેથી સાકીનાકામાં એક વ્યક્તિનો જીવ ગયો તે માટે નૈતિક જવાબદારી સ્વીકારીને કમિશનરે રાજીનામું આપી દેવું જોઈએ. ■

## ખુલ્લી ગટરમાં પડી જવું એ સદોષ મનુષ્ય વધ

### વિધાનસભાના અધ્યક્ષે આવી ઘટનાને ગંભીર ગણાવી

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે ગુરુવારે મુંબઈની ખુલ્લી ગટર (મેનહોલ)માં પડી જવાથી એક વ્યક્તિના મૃત્યુને ગંભીર મામલો ઠેરવી એને સદોષ મનુષ્યવધ ગણાવી હતી. એક સભ્ય દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાના જવાબમાં તેમણે રાજ્ય સરકારને દિવસની કાર્યવાહી પૂર્ણ થાય તે પહેલાં આ ઘટના પર ગૃહમાં વિગતવાર નિવેદન રજૂ કરવા જણાવ્યું હતું.

ગુરુવારે બપોરે શહેરમાં ભારે વરસાદ વચ્ચે ખુલ્લા મેનહોલમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના પૂર્વીય ઉપનગરોના ચાંદિવલી વિસ્તારમાં બની હતી, જ્યાં પાણી ભરાઈ જવાથી ખુલ્લું મેનહોલ નજરે નહોતું પડ્યું. તેમણે જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડ અને નાગરિક આપત્તિ વ્યવસ્થાપન ટીમની સઘન શોધખોળ બાદ વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો.

ભાજપના વિધાનસભ્ય અમિત સાટમે વિધાનસભામાં આ ઘટના ઉઠાવી અને જવાબદારો સામે તાત્કાલિક ફોજદારી કાર્યવાહી કરવાની માગ કરી.

સાટમે ગૃહને જણાવ્યું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડ્રેનેજના કામ દરમિયાન આ ઘટના ખૈરાની રોડ પર બની હતી. તેમણે મૃતકની ઓળખ સાકીનાકાના

(જુઓ પાનું ૪) ▶▶

## વરસાદે સતત ચોથા દિવસે મુંબઈને ઘમરોળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને સતત ચોથા દિવસે વરસાદે ઘમરોળી નાંખ્યું હતું. ગુરુવારે સવારે મુંબઈમાં ફરી એકવાર મુશળધાર વરસાદ પડ્યો હતો. શહેરના કેટલાક વિસ્તારોમાં ૨૦૦ મીમીથી (આઠ ઈંચ)થી વધુ વરસાદ પડ્યો હતો, જેના કારણે અનેક ઠેકાણે પાણી ભરાઈ ગયા હતા. રસ્તા પર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતા.

મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન પણ ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડી રહી હતી. બપોર બાદ વરસાદે થોડો વિરામ લીધો હતો. જોકે સાંજ બાદ ફરી વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગે રવિવાર સુધી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગડમાં ભારે વરસાદની આગાહી કરી છે.

મુંબઈ અને તેના પડોશી જિલ્લાઓમાં આ અઠવાડિયામાં સતત ચોથા દિવસે પણ ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. ભારતીય હવામાન વિભાગ દ્વારા ગુરુવારે સવારે સાત વાગ્યે રેડ અલર્ટ સાથે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આખી રાત ભારે વરસાદ પડયો હોવાને કારણે વહેલી સવાર સુધીમાં મોટાભાગના વિસ્તારોમાં ૨૦૦ મિ.મી.થી પણ વધુ વરસાદ વરસી ગયો હતો.

પાલિકાના હવામાન મથકોના ડેટા મુજબ બુધવાર સવારના આઠ વાગ્યાથી ગુરુવાર સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ભાંડુપ અને સાંતાક્રુઝમાં સૌથી વધુ ૨૩૯ મીમી વરસાદ નોંધાયો, ત્યારબાદ પવઈમાં ૨૩૪ મીમી, અંધેરીમાં ૨૨૫ મીમી, પરેલ અને માનખુર્દમાં ૨૨૨ મીમી, મરોલમાં ૨૧૦ મીમી અને શિવડી અને વડાલામાં ૨૦૮ મીમી વરસાદ નોંધાયો. ગુરુવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધીમાં સાંતાક્રુઝમાં ૨૦૫ મીમી વરસાદ નોંધાયો હતો

(જુઓ પાનું ૪) ▶▶




## રાજકોટના હાઈટેક યુવાનોએ ચાવીનું સિગ્નલ ક્લોન કરી કાર ચોરી

### સ્પેશિયલ ઉપકરણો અને કોડિંગનો કર્યો ઉપયોગ: રાજકોટમાં પકડાયેલા આરોપીએ કાર છેક નવસારી નજીક સંતાડી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટેક્નોલૉજીમાં માહેર ગુજરાતના બે યુવાને સ્પેશિયલ ઉપકરણો અને કોડિંગનો ઉપયોગ કર્યા બાદ ચાવીનું સિગ્નલ ક્લોન કરીને મુંબઈના ખાર વિસ્તારમાંથી ૪૫ લાખ રૂપિયાની કાર ચોરી હતી. રાજકોટ શહેરમાંથી પકડાયેલા બન્ને આરોપીએ ચોરીની કાર છેક ૩૦૦ કિલોમીટર દૂર નવસારી નજીકના બિલિમોરા ખાતે સંતાડી રાખી હતી.

ખાર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ દીપ રમણીકભાઈ આઘેર (૨૮) અને રાહુલ ભરતભાઈ ઘિયાલ (૨૯) તરીકે થઈ હતી. રાજકોટના પુનીતનગરમાં રહેતા દીપ વિરુદ્ધ વિવિધ રાજ્યોમાં પાંચ ગુના નોંધાયેલા છે, જ્યારે રાજકોટના જ કાલાવાડ રોડ ખાતે રહેતા રાહુલ સારઠાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસમાં ફરાર આરોપી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ખાર પશ્ચિમમાં એસ. વી. રોડ પર આવેલા ટોયોટા શો-રૂમના ડિલિવરી ઇન્ચાર્જે આ પ્રકરણે પચીસ જૂને ફરિયાદ નોંધાવી હતી. ટેસ્ટ ડ્રાઈવ માટે ઉપયોગમાં લેવાતી અંદાજે ૪૫ લાખ રૂપિયાની ફોર્ચ્યુનર ૨૪ જૂનની રાતે આઠ વાગ્યાની આસપાસ શો-રૂમ નજીક રસ્તા પર પાર્ક કરવામાં આવી હતી. બીજી સવારે ફરિયાદી ટેસ્ટ ડ્રાઈવ

(જુઓ પાનું ૪) ▶▶

ભૂતપૂર્વ જજ ગૌતમ પટેલને ધમકી

## હાઈ કોર્ટનો તપાસનો અહેવાલ ગોપનીય રાખવાનો કેન્દ્ર, મુંબઈ પોલીસને આદેશ

મુંબઈ: દાઉદી વોહરા સમુદાયના ઉત્તરાધિકારીના વિવાદ પર ૨૦૨૪માં આપેલા ચુકાદાના સંદર્ભમાં ભૂતપૂર્વ ભૂતપૂર્વ જજ ગૌતમ પટેલને મળેલી જાનથી મારી નાખવાની ધમકીના કેસની તપાસનો અહેવાલ ગુરુવારે કેન્દ્ર અને મુંબઈ પોલીસે બોમ્બે હાઇ કોર્ટમાં સુપરત કર્યો હતો. બાદમાં હાઇ કોર્ટે આ અહેવાલ ગોપનીય રાખવાનો આદેશ આપ્યો હતો.

તપાસની વિગતો જાહેર નહીં કરવાનું યોગ્ય રહેશે, એમ એક્ટિંગ ચીફ જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને જસ્ટિસ ગૌતમ અંખડે જણાવ્યું હતું.

મુંબઈ પોલીસ કમિશનર દ્વારા સુપરત કરાયેલા અહેવાલમાં જસ્ટિસ પટેલ અને તેમના પરિવારને મળેલી ધમકી અંગે બે બિનદખલપાત્ર કરાયા હોવાનું જણાવાયું છે.

વિદેશ મંત્રાલયે પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે જસ્ટિસ પટેલ અને તેમના પરિવારને ધમકી તથા તેમની પુત્રી પર હુમલાની ધમકી સંબંધમાં પોલીસ

(જુઓ પાનું ૪) ▶▶

ચેમ્બુર દુર્ઘટના

## એન્જિનિયર્સ એસોસિએશન સસ્પેન્શનના આદેશ સામે આક્રમક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચેમ્બુરમાં મંગળવારે બસ પર પીપળાનું ઝાડ તૂટી પડતા ૧૧ વર્ષના વિદ્યાર્થીના થયેલા મૃત્યુ પ્રકરણમાં પાલિકા પ્રશાસન દ્વારા એમ-પશ્ચિમ વોર્ડના ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે મુંબઈ મ્યુનિસિપલ એન્જિનિયર એસોસિએશને પાલિકાના રોડ ડિપાર્ટમેન્ટના એન્જિનિયરોના સસ્પેન્શનને 'સસ્પેન્શન વીધાઉટ જસ્ટિફિકેશન' ગણાવીને પાછું ખેંચવાની માગણી કરી છે. પાલિકા કમિશનર અશ્વિની ભીડેને લખેલા પત્રમાં એસોસિએશનના પ્રતિનિધિ નવનાથ ઘાડગેએ ગુરુવારે જણાવ્યું હતું કે ઘટના સ્થળના નિરીક્ષણમાં જણાય છે કે ભારે વરસાદને કારણે ઝાડ ઉખડી ગયું હતું. શહેરમાં અન્ય વૃક્ષો ઉખડી ગયા હતા. તો પછી ચેમ્બુરના ઝાડ માટે અધિકારીઓ કેવી રીતે જવાબદાર ગણાય.

સસ્પેન્ડ કરવામાં આવેલા અધિકારીઓને તેમની બાજુ પણ રાખવા દેવામાં આવી નથી અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે બુધવારે મોડી રાત્રે પાલિકાએ ગાર્ડન એન્ડ ટ્રી ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ સહિત રોડ ડિપાર્ટમેન્ટના સબ-એન્જિનિયર અને આસિસ્ટન્ટ એન્જિનિયરને સહિત ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. ■

## સચિન આહીર બાદ વિધાન પરિષદના વધુ એક સભ્ય શિંદે જૂથમાં જોડાયા

મુંબઈ: રાજ્યના રાજકારણમાં હાલ મોટી ઊથલપાથલ જોવા મળી રહી છે. અન્ય પક્ષોના નેતાઓ એક પછી એક એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાઈ રહ્યા છે. થોડા દિવસો પહેલાં ઠાકરે જૂથના એમએલસી અને 'માતોશ્રી ના નજીકના સચિન આહિરે શિંદે જૂથમાં જોડાઈને ખળભળાટ મચાવ્યો હતો. તેમને વિધાન પરિષદના ઉપસભાપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દરમિયાન, હવે અન્ય એક એમએલસી શિંદે જૂથમાં જોડાયા છે.અમરાવતી શિક્ષક મતદાર સંઘ ના એમએલસી કિરણ સરનાઈકે એકનાથ શિંદેની ઉપસ્થિતિમાં શિવસેનાને પોતાનું સત્તાવાર સમર્થન જાહેર કર્યું છે. આ પ્રસંગે બોલતા સરનાઈકે કહ્યું, 'એકનાથ શિંદે અને મહાયુતિ સરકાર જે ગતિ અને ક્ષમતાથી કામ કરી રહ્યા છે તેનાથી પ્રભાવિત થઈને મેં શિવસેનાને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે.'એકનાથ શિંદેએ સરનાઈકનું સ્વાગત કરતા કહ્યું કે, 'રાજ્યમાં શિવસેના દ્વારા કરવામાં આવેલા કામને જોઈને કિરણ સરનાઈકે સમર્થન આપ્યું છે. મહાયુતિ સરકાર શિક્ષકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે પ્રતિબદ્ધ છે અને સરનાઈકે તેમને ન્યાય અપાવવામાં મદદ કરવાના ઉદ્દેશ્યથી આ નિર્ણય લીધો છે.




# મેક્સિકોને જિતાડવા લોકોએ મૅચની પાછલી રાતે હરીફ ખેલાડીઓને સૂવા ન દીધા!

મેક્સિકો સિટીઃ ફિફા વર્લ્ડ કપના લીગ રાઉન્ડમાં જર્મની જેવી ધરખમ ટીમને હરાવનાર ઇક્વેડૉરના ખેલાડીઓ બુધવારે વર્લ્ડ કપના સહ-યજમાન મેક્સિકોને પણ કદાચ હરાવશે એવી સંભાવના ચર્ચાતી હતી, પરંતુ મામલો અણધાર્યો જ હતો. મેક્સિકોએ ઇક્વેડૉરને નૉકઆઉટ રાઉન્ડમાં ૨-૦થી હરાવીને પ્રી-ક્વૉર્ટરમાં પ્રવેશ કર્યો એ પહેલાં અભૂતપૂર્વ ઘટના બની હતી.

કેટલાક અહેવાલો અને વીડિયો અનુસાર મેક્સિકો સિટીમાં રમાયેલી મેક્સિકો અને ઇક્વેડૉર વચ્ચેની મૅચની પાછલી રાતે (મધરાતથી વહેલી સવાર સુધી) ઇક્વેડૉરના ખેલાડીઓની સેન્ટા ફે ખાતેની વેસ્ટિન હૉટેલની બહાર અસંખ્ય ફૂટબૉલક્રેઝી ભેગા થયા હતા. આ ફૅન્સનો એકમાત્ર આશય ઇક્વેડૉરના ખેલાડીઓની ઊંઘ બગાડવાનો હતો. તેમણે અવાજનું પ્રદૂષણ હદ બહારનું કરવા કોઈ કસર બાકી નહોતી રાખી. તેમણે ડ્રમ સહિતના વાજિંત્રો મોટા અવાજે વગાડ્યા હતા, ફટાકડા ફોડ્યા હતા અને વાહનોના હૉર્ન સતત વગાડ્યાં હતાં. મોટા અવાજે ગીતો ગાઈને પણ તેમણે ઇક્વેડૉરને પરેશાન કર્યા હતા.

ઇક્વેડૉરના ફૂટબૉલ ફેડરેશને આ ઘટના સંબંધમાં ફિફા સમક્ષ સત્તાવાર ફરિયાદ કરી હતી. ફેડરેશનનું કહેવું હતું કે 'ઇક્વેડૉરના ખેલાડીઓ રાતે સૂઈ નહોતા શક્યા એટલે ભારે થાકને કારણે તેમના પર્ફોર્મન્સ પર વિપરીત અસર થઈ હતી. આ ગેરવર્તન રમતના સિદ્ધાંતોની વિરુદ્ધમાં કહેવાય. ફૂટબૉલ જગતમાં સમાનતા અને એકતા હોવી જોઈએ એવું બધા કહેતા હોય છે'. ■

# ઇંગ્લૅન્ડ છેલ્લી મિનિટોમાં જીત્યું, બેલ્જિયમનો નાટ્યાત્મક વિજયઃ અમેરિકા પણ પ્રી-ક્વૉર્ટરમાં

ઍટલાન્ટા/સૅન ફ્રાન્સિસ્કો ફિફા વર્લ્ડ કપમાં બુધવારે ઇંગ્લૅન્ડને કેપ્ટન હૅરી કેને છેલ્લી ૧૫ મિનિટમાં ઉપરાઉપરી બે ગોલ કરીને ડીઆર કૉન્ગો સામે ૨-૧થી રોમાંચક અને યાદગાર વિજય અપાવ્યો હતો. ત્યાર બાદ ગુરુવારે બેલ્જિયમે છેલ્લી મિનિટોના લાગલગાટ બે ગોલની મદદથી સેનેગલને હરાવ્યું હતું અને ત્રીજું યજમાન અમેરિકા એની નૉકઆઉટ મૅચમાં બોસ્નિયાને ૨-૦થી હરાવીને આસાનીથી પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગયું હતું.

ઇંગ્લૅન્ડ સામેની નૉકઆઉટ મૅચ શરૂ થઈ ત્યાં સાતમી જ મિનિટમાં સિપેંગાએ ડીઆર કૉન્ગોને પહેલો ગોલ અપાવી દીધો હતો. ત્યાર બાદ કૉન્ગોના ડિફેન્ડરોએ ઇંગ્લૅન્ડના ખેલાડીઓને સતત અંકુશમાં રાખ્યા હતા. કૉન્ગોની મજબૂત સંરક્ષણ દીવાલને લીધે ઇંગ્લૅન્ડને સેકન્ડ હાફમાં પણ ખૂબ સંઘર્ષ કરવો પડ્યો હતો. કૉન્ગો આ મૅચ ૧-૦થી જીતીને અપસેટ કરવાની તૈયારીમાં જ હતું ત્યાં ૭૫મી મિનિટમાં ઇંગ્લૅન્ડને કેપ્ટન હૅરી કેને ગોલ અપાવીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. હૅરી કેને એક વાર કૉન્ગોનું ડિફેન્સ તોડ્યું એટલે ગોલપોસ્ટ સુધીનો માર્ગ તેના માટે જાણે મોકળો થઈ ગયો હતો.

હૅરી કેને ૧૧ મિનિટ પછી (૮૬મી મિનિટમાં) વધુ એક ગોલ કર્યો હતો જે મૅચ-વિનિંગ સાબિત થયો હતો. ઇંગ્લૅન્ડ ૨-૧થી જીતી ગયા બાદ હવે પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં વર્લ્ડ કપના સહ યજમાન મેક્સિકો સામે રમશે. આ વખતના વર્લ્ડ કપમાં હૅરી કેનના કુલ પાંચ ગોલ થયા છે. નોર્વેના હાલૅન્ડના નામે પણ પાંચ ગોલ છે. આ બંને ખેલાડી સૌથી વધુ ૬-૬ ગોલ કરનાર મેસી અને ઍમ્બપ્પેની ખૂબ નજીક આવી ગયા છે.


હૅરી કેનના આ ટૂર્નામેન્ટમાં કુલ પાંચ ગોલ થયા છે

બેલ્જિયમ અને સેનેગલની મૅચ વધુ રોમાંચક અને વિવાદાસ્પદ રહી હતી. સેનેગલને હબીબ ડિઆરાએ અને ઈસ્માઈલ સારે અનુક્રમે ૨૪મી અને ૫૧મી મિનિટમાં ગોલ અપાવીને ૨-૦થી સરસાઈ અપાવી હતી. ત્યાં સુધી રોમેલુ લુકાકુ જેવા વિશ્વવિખ્યાત ખેલાડી સહિતની બેલ્જિયમની ટીમ પાસે કોઈ જવાબ નહોતો.

જોકે સેનેગલ ૨-૦થી જીતવાની તૈયારીમાં જ હતું ત્યાં ૮૬મી મિનિટમાં લુકાકુએ ગોલ કરીને મૅચનો સિનારિયો બદલી નાખ્યો હતો અને બેલ્જિયમ માટે મૅચ જીવંત કરી મૂકી હતી. ફક્ત ત્રણ મિનિટ પછી કેપ્ટન ટીલમાન્સે ગોલ કરીને સ્કોર ૨-૨ની બરાબરીમાં લાવી દીધો હતો. હરીફ ખેલાડીઓને પુશ કરવાના અને નીચે પાડવાના વારંવાર બનાવો બનતાં મૅચ ખૂબ લંબાઇ હતી અને મુખ્ય મૅચની ૯૦ મિનિટ બાદ એક્સ્ટ્રા ટાઇમ લાગુ થયા બાદ (કુલ ૧૨૫મી મિનિટમાં) પેનલ્ટી એરિયામાં સેનેગલના ખેલાડીના ગંભીર ફાઉલને પગલે બેલ્જિયમને પેનલ્ટી કિક મળી હતી જેમાં કેપ્ટન ટીલમાન્સે આસાનીથી ગોલ કર્યો હતો અને મુખ્ય મૅચનો બેલ્જિયમના ૩-૨ના વિજય સાથે અંત આવ્યો હતો.

### અમેરિકા પણ જીતીને આગળ વધ્યું

૨૩મા વર્લ્ડ કપનું મુખ્ય યજમાન અમેરિકા ગુરુવારે બોસ્નિયા ઍન્ડ હરઝેગોવિનાને ૨-૦થી હરાવીને પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગયું હતું જેમાં એનો મુકાબલો સોમવારે બેલ્જિયમ સામે થશે. બોસ્નિયા સામે પહેલો ગોલ બલોગને ૪૫મી મિનિટમાં અને બીજો ગોલ ટિલમૅને ૮૨મી મિનિટમાં કર્યો હતો. બલોગને ૪૫મી મિનિટમાં જે ગોલ કર્યો હતો ત્યાર પછી સેકન્ડ હાફમાં તેને એક ફાઉલ બદલ રેડ કાર્ડ બતાવીને મૅચમાંથી કાઢી નાખવામાં આવ્યો હતો. જોકે ટીલમેનના ગોલથી અમેરિકા છેવટે જીતી ગયું હતું. ■

# રાહુલ દ્રવિડના દીકરાની ફટકાબાજી, બેંગ્લૂરુની ટીમને જિતાડી

બેંગ્લૂરુઃ મહાન ક્રિકેટર રાહુલ દ્રવિડનો ૨૦ વર્ષનો દીકરો સમિત દ્રવિડ કર્ણાટકની સ્થાનિક ક્રિકેટમાં એક પછી એક ધમાકેદાર ઇનિંગ્સથી પોતાની ઓળખ બનાવી રહ્યો છે અને એવો એક કિસ્સો બુધવાર, પહેલી જુલાઈએ બન્યો જેમાં તેણે એવી જોરદાર ફટકાબાજી કરી કે સોશ્યલ મીડિયા પર તેની ખૂબ ચર્ચા થવા લાગી છે.

કર્ણાટક સ્ટેટ ક્રિકેટ અસોસિયેશન (કેએસસીએ) ટી-૨૦ ટ્રોફીમાં કલ્યાણી બેંગ્લૂરુ બ્લાસ્ટર્સ નામની ટીમ વતી રમતા સમિતે ૨૩ બૉલમાં ૩૨ રન બનાવ્યા હતા જેમાં છ ચોગ્ગા સામેલ હતા.

આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૨,૬૦૦થી પણ વધુ ચોગ્ગા ફટકારનાર રાહુલ દ્રવિડે તેના પુત્રને એવી સઘન પ્રૅક્ટિસ કરાવી છે કે તે નાનપણથી જ દમદાર બૅટિંગ કરી રહ્યો છે. સમિતે ટૂંકી ઇનિંગ્સમાં બૉલ ચારેય દિશામાં મોકલ્યો હતો અને હરીફ ટીમના ફીલ્ડર્સને ખૂબ દોડાવ્યા હતા. સમિતે રોહન પાટીલ સાથે બીજી વિકેટ માટે ૭૦ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી.

સમિત દ્રવિડે ૩૨ રનની આ ઇનિંગ્સમાં બૅકફૂટ કટ, પુલ શૉટ, કવર ડ્રાઇવ અને લૉફ્ટેડ શૉટની ઝલક આપી હતી. તેની બૅટિંગમાં ક્યારેક તેના પિતા રાહુલ દ્રવિડની બૅટિંગ ટેક્નિક પણ જોવા મળી હતી. સમિત અને બીજા બૅટ્સમેનોએ ભેગા થઈને ટીમનો સ્કોર ૨૦ ઓવરમાં ૭/૨૦૩ સુધી પહોંચાડ્યો હતો. હુબલી ટાઇગર્સ ટીમ ૨૦૪ રનના લક્ષ્યાંક સામે છેલ્લા બૉલ સુધી ચાલેલી મૅચમાં સાત વિકેટે ૨૦૧ રન કર્યા હતા અને કલ્યાણી બેંગ્લૂરુ ટીમનો બે રનથી વિજય થયો હતો. ■

# 'વૈભવને કેમ નથી રમાડતા? સંજુ સૅમસનને બેસાડી દો'

**▶ સૂર્યવંશીના ચાહકોનું સોશ્યલ મીડિયા પર આક્રમણઃ રવિ શાસ્ત્રી કહે છે કે વૈભવને આયરલૅન્ડમાં જ રમાડવો જોઈતો હતો**

મૅન્ચેસ્ટરઃ આઇપીએલ-૨૦૨૬માં સૌથી વધુ ૭૨ છગ્ગા અને ૬૩ ચોગ્ગા સહિત હાઇએસ્ટ ૭૭૬ રન બનાવનાર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને આયરલૅન્ડમાં બન્ને ટી-૨૦માં ન રમાડવામાં આવ્યો અને બુધવારે ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટી-૨૦માં પણ ડેબ્યૂ કરવાનો મોકો ન અપાયો એટલે વૈભવના ચાહકો નારાજ તેમ જ ગુસ્સે છે. ભૂતપૂર્વ ક્રિકેટર રવિ શાસ્ત્રીએ રસપ્રદ ટિપ્પણી સાથે વૈભવની ફેવર કરી છે.

એક તરફ દિનેશ કાર્તિકે સંજુ સૅમસનની તરફેણમાં 'તે ટી-૨૦ વર્લ્ડ કપમાં પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ બન્યો હતો એ કોઈએ ન ભૂલવું જોઈએ' એવું કહ્યું છે ત્યારે બીજી તરફ ચેતેશ્વર પુજારા કહે છે કે 'વૈભવને રમાડવો જ જોઈએ, પણ સંજુ સૅમસન કે અભિષેક શર્મા કે ઇશાન કિશનના ભોગે નહીં.' કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓ કહે છે કે 'વૈભવ હજી ઘણો નાનો છે, તેણે થોડી રાહ જોવી પડશે.'

જોકે છેલ્લી ત્રણ ટી-૨૦માં પાંચ રન, શૂન્ય અને એક રનના નિરાશાજનક પર્ફોર્મન્સ બદલ સૅમસનને હટાવીને તેના સ્થાને વૈભવને રમાડવાની તેના ચાહકોની જોરશોરથી માગણી કરી રહ્યા છે એવામાં રવિ શાસ્ત્રી વૈભવને તાબડતોબ ડેબ્યૂનો મોકો દેવાની તરફેણમાં છે.

રવિ શાસ્ત્રીનું કહેવું છે કે 'વૈભવને આયરલૅન્ડમાં જ રમાડવો જોઈતો હતો. તે એવો જોરદાર ફટકો મારે છે કે ક્યારેક બૉલ સ્ટેડિયમની છત પર ગયો હોત, કારણકે ત્યાં મેદાન નાનું હતું. મને તો લાગે છે કે ઇંગ્લૅન્ડમાં ટીમ મૅનેજમેન્ટ તેને કદાચ મોકો નહીં આપે. હું એટલું જરૂર કહીશ કે વૈભવનું બને એટલું જલદી ડેબ્યૂ થવું જોઈએ. આઇપીએલમાં તેણે બધાની ધુલાઈ કરી હતી, એકેય બોલરને નહોતો છોડ્યો.'

રવિ શાસ્ત્રીનું એવું પણ કહેવું છે કે 'વૈભવ સૂર્યવંશી ટીમ ઇન્ડિયા માટે એક્સ-ફૅક્ટર સાબિત થઈ શકે, કારણકે તે એટલી બધી તૂફાની શરૂઆત કરતો હોય છે જેને લીધે મિડલ ઑર્ડરના બૅટ્સમેનોને પર રાહત મળી શકે અને ટીમ મોટો સ્કોર બનાવી શકે.'

એક તરફ અભિષેક શર્માએ આયરલૅન્ડની બે અને ઇંગ્લૅન્ડની એક મળીને કુલ ત્રણ ઇનિંગ્સમાં ૧૦૮ રન બનાવ્યા છે, જ્યારે સંજુ સૅમસન માત્ર છ રન બનાવી શક્યો છે. સૅમસનના સ્થાને બીજા ઓપનિંગ બૅટ્સમૅન તરીકે વૈભવને ટીમમાં ગોઠવી દેવાની માગણી વૈભવના અનેક ચાહકો તરફથી થઈ છે.

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની બીજી મૅચ શનિવાર, ત્રીજી જુલાઈએ ભારતીય સમય અનુસાર સાંજે ૭.૦૦ વાગ્યાથી રમાશે અને એમાં વૈભવને આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરવાની તક મળશે એવી ઘણાને આશા છે. ■

# ઇઝરાયલના હુમલામાં પૅલેસ્ટિનના ગોલકીપરનું મૃત્યુ

ઇઝરાયલના સૈનિકોએ બુધવારે ગાઝા પર કરેલા હુમલામાં પૅલેસ્ટિનની એક ક્લબના ૩૨ વર્ષીય ગોલકીપર સલીમ અલ-અસકારનું મૃત્યુ થયું હતું. આ ઘટના ગાઝાના અલ-કરારા વિસ્તારમાં બની હતી જ્યાં ખેલકૂદ સાથે સંકળાયેલા કેટલાક ખેલાડીઓ અને અધિકારીઓના ઘર નિશાન બન્યા હતા. સલીમ ગૅસ સિલિન્ડર ફરી ભરવા માટે સાઇકલ પર જઈ રહ્યો હતો ત્યારે તે આ હુમલાનો શિકાર થયો હતો. તેના પાંચ મહિના પહેલા લગ્ન થયા હતા અને તેની પત્ની ગર્ભવતી છે. ■

### વર્લ્ડ કપમાં આજે કઈ મૅચ?

પોર્ટુગલ વિ. ક્રોએશિયા
મળસ્કે ૪.૩૦
ઑસ્ટ્રેલિયા વિ. ઇજિપ્ત
રાત્રે ૧૧.૩૦
આર્જેન્ટિના વિ. કેપ વર્ડે
મધરાત બાદ ૩.૩૦

# 'ક્યા કર રહા હૈ યાર...' અભિષેકે કેમ ઇશાનને આવું કહ્યું?

**▶ નવા વર્લ્ડ નંબર-વને પાછલા સર્વોચ્ચ ક્રમાંકિત સામે ઘેરો અફસોસ વ્યક્ત કર્યો**

ચેસ્ટર-લી-સ્ટ્રીટઃ ઇશાન કિશન ટી-૨૦નો નવો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન બન્યો એને ૨૪ કલાક પણ નહોતા થયા ત્યાં તે પોતાના બીજા જ બૉલ પર પોતાની જ ભૂલને કારણે રનઆઉટ થઈ ગયો હતો. નવાઈની વાત એ છે કે ઇશાને નંબર-વન પર જેનું સ્થાન લીધું છે એ સાથી ખેલાડી અભિષેક શર્મા સાથેની ગેરસમજને લીધે તેણે વિકેટ ગુમાવવી પડી હતી અને આ આંચકો મળતાં અભિષેકે ઇશાનને કહ્યું, 'ક્યા કર રહા હૈ યાર, ઇશાન...'

ઇશાન કિશન સતત બીજી મૅચમાં સાથી બૅટ્સમૅન સાથેની ગેરસમજને લીધે રનઆઉટ થયો છે. ૨૮મી જૂને બેલફાસ્ટમાં આયરલૅન્ડ સામેની મૅચમાં સંજુ સૅમસન અને અભિષેકે શૂન્યમાં વિકેટ ગુમાવી ત્યાર પછી પાંચમી ઓવરમાં ઇશાન ૧૨ રનના પોતાના સ્કોર પર તિલક વર્મા સાથેની ગેરસમજમાં રનઆઉટ થયો હતો.

આઇસીસી દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલા નવા ક્રમાંકો મુજબ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં હવે ઇશાન કિશન વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન છે. તેણે અભિષેક શર્માનું સ્થાન લીધું છે.

બુધવારે વરસાદને લીધે અનિર્ણીત રહેલી ઇંગ્લૅન્ડ સામેની મૅચમાં ઇશાન મોટું જોખમ ઉઠાવીને સિંગલ દોડવા માગતો હતો. અભિષેકે તેને પાછો મોકલ્યો હતો, પણ ઇશાનની વિકેટ જાણે ત્યારે નિશ્ચિત હતી. કૅપ્ટન હૅરી બ્રૂક સીધા થ્રોમાં તેને રનઆઉટ કરી શકે એમ નહોતો અને ત્યારે ઇશાનની ફુલ લેન્ગ્થ ડાઇવ છતાં વિકેટકીપર જૉસ બટલર તેને રનઆઉટ કરવામાં સફળ થયો હતો. અપીલ બાદ થર્ડ અમ્પાયર નિર્ણય પર આવી રહ્યા હતા એ દરમ્યાન અભિષેક-ઇશાન વચ્ચેની સ્ટમ્પ માઇક પરની વાતચીત વાઇરલ થઈ હતી.

બૉલ બ્રૂકની નજીક હતો એટલે અભિષેક સિંગલ દોડવા નહોતો માગતો, પણ ઇશાને રન માટે કૉલ આપ્યો અને પોતે જ વિકેટ ગુમાવી હતી. પછીથી ઇશાને કબૂલ કર્યું હતું કે 'સિંગલ દોડવાનો મારો કૉલ હતો.'

### અભિષેક-ઇશાનની વાતચીત

અભિષેકઃ પહોંચા કિ નહીં પહોંચા?
ઇશાનઃ મુઝે નહીં પતા
અભિષેકઃ ક્યા?
ઇશાનઃ મુઝે નહીં પતા
અભિષેકઃ ક્લોઝ થા?
ઇશાનઃ ક્લોઝ હૈ
અભિષેકઃ ક્યા કર રહા હૈ યાર, ઇશાન
ઇશાનઃ આગે થી ના? મેરી કૉલ થી
અભિષેકઃ પર દેખ તો સહી... કહાં ખડા હૈ વો ■



# શ્રીસાન્તે બિનશરતી માફી માગી એટલે ત્રણ વર્ષનો પ્રતિબંધ હટાવાયો

કોચીઃ ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર શાંતાકુમારન શ્રીસાન્તને મોટી રાહત મળી છે, કારણકે કેરલમના ક્રિકેટ અસોસિયેશને તેના પરનો ત્રણ વર્ષનો પ્રતિબંધ પાછો ખેંચી લીધો છે અને એ પાછળનું મોટું કારણ એ છે કે શ્રીસાન્તે કોઈ પણ શરત મૂક્યા વિના માફી માગી લીધી છે. કેરલમ ક્રિકેટ અસોસિયેશન (કેસીએ)ની વિશેષ સામાન્ય સભામાં એસ. શ્રીસાન્તની શરત વિનાની માફી સ્વીકારી લેવામાં આવી હતી. શ્રીસાન્તે ગયા વર્ષે કેસીએ વિરુદ્ધ કથિત માનહાનિકારક વિધાન કર્યું હતું જે બદલ ક્રિકેટને લગતી કોઈ પણ પ્રવૃત્તિમાં તેના ભાગ લેવા પર ત્રણ વર્ષનો પ્રતિબંધ મુકાયો હતો.

શ્રીસાન્તે પોતાના નિવેદનો બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. તેણે વિઝ્યુઅલ અને સોશ્યલ મીડિયા પર જે ટિપ્પણીઓ કરી હતી એ બદલ તેના પર બૅન મૂકવામાં આવ્યો હતો. જોકે તેણે બિનશરતી માફી માગી છે.

કેસીએનું કહેવું હતું કે શ્રીસાન્તની ટિપ્પણીઓથી અસોસિયેશનની બદનામી થઈ હતી. એટલું જ નહીં, શ્રીસાન્તે તિરુવનન્તપુરમની અદાલતમાં કેસીએની પોતાની વિરુદ્ધની કાર્યવાહીને પડકારી પણ હતી. અદાલતે શ્રીસાન્તની અરજી ફગાવી દીધી એને પગલે તેણે થોડા સમય બાદ તેણે માફી માગી એટલે તે હવે પ્રતિબંધ હટાવાતાં કેરળ ક્રિકેટ લીગની ત્રીજી સીઝનમાં એક ફ્રૅન્ચાઇઝીનો સહ-માલિક બની રહેશે. ■

# જૉકોવિચ વિમ્બલ્ડનના ત્રીજા રાઉન્ડમાં

લંડનઃ નોવાક જૉકોવિચે વિમ્બલ્ડન ટેનિસ ચૅમ્પિયનશિપમાં સ્ટેફાનૉસ સિત્સીપાસને ૬-૩, ૬-૪, ૬-૨થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. ઝવેરેવનો ૬-૧, ૬-૩, ૭-૩થી વિજય થયો હતો. મહિલા વર્ગમાં ઇગા સ્વૉન્ટેક બીજા રાઉન્ડમાં પ્લિસકોવા સામે ૬-૧, ૬-૩થી જીતીને થર્ડ રાઉન્ડમાં પહોંચી હતી. ૪૪ વર્ષની સેરેનાને હરાવનાર ૨૦ વર્ષીય માયાનો ઇઆલા સામે ૩-૬, ૬-૨, ૬-૦થી વિજય થયો હતો. ■

## દેશ વિદેશ

# ઈપીએફઓનો નવો નિયમઃ ૧૮૦૦ રૂપિયાથી વધુનું પીએફ યોગદાન હવે સ્વૈચ્છિક

નવી દિલ્હીઃ કેન્દ્રએ ઇપીએફ યોજના, ૧૯૫૨ને બદલે નવી કર્મચારી ભવિષ્ય નિધિ (ઇપીએફ) યોજના, ૨૦૨૬ને સૂચિત કરી છે.

એમાં પીએફ યોગદાન દરમાં કોઈ ફેરફાર થયો નથી, નવી યોજના સ્પષ્ટપણે સમજાવે છે કે કેટલું યોગદાન ફરજિયાત છે અને જો તમે વધુ યોગદાન આપવા માગતા હો તો શું થશે. અપડેટ કરેલા નિયમોથી લગભગ આઠ કરોડ સક્રિય ઇપીએફઓ સબ્સ્ક્રાઇબર્સ માટે ઇપીએફ સિસ્ટમ સરળ, ડિજિટલ અને ઉપયોગમાં વધુ સરળ બનશે તેવી અપેક્ષા છે.

નવી યોજના ૨૯ જૂનના રોજ ગેઝેટમાં પ્રકાશિત થયા પછી અમલમાં આવી, જે લાંબા સમયથી ચાલતી ઇપીએફ યોજના, ૧૯૫૨ને બદલે છે.

સૌથી મોટા ફેરફારોમાંનો એક એ છે કે નવી યોજના સ્પષ્ટપણે જણાવે છે કે ફરજિયાત કર્મચારી યોગદાન ફક્ત વૈધાનિક વેતન મર્યાદા સુધી જ લાગુ પડે છે, જે હાલમાં દર મહિને ૧૫૦૦૦ રૂપિયા છે. આનો અર્થ એ છે કે ફરજિયાત ઇપીએફ યોગદાન ૧૫૦૦૦ રૂપિયાના ૧૨ ટકા રહે છે, જે દર મહિને ૧૮૦૦ રૂપિયા થાય છે.

કાયદા હેઠળ જરૂરી મુજબ મેળ ખાતું યોગદાન આપવાનું ચાલુ રાખશે. ■

# ભારત રચશે ઈતિહાસઃ ખાનગી રૉકેટ વિક્રમ-૧ અંતરિક્ષમાં મોકલશે

નવી દિલ્હીઃ હૈદરાબાદ સ્થિત સ્કાયરૂટ એરોસ્પેસે ગુરુવારે જાહેરાત કરી હતી કે ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસિત ઓર્બિટલ રૉકેટ વિક્રમ-૧ ની પ્રથમ પરીક્ષણ ઉડાન ૧૨ જુલાઈથી ૪ ઓગસ્ટ વચ્ચેનો સમય નક્કી કરવામાં આવ્યો છે. લોન્ચ કરવાની અંતિમ તારીખ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે પરીક્ષણ સંબંધિત કાર્ય પૂર્ણ થવા પર તેમજ હવામાન, સલામતી અને રેન્જ ક્લિયરન્સ પર આધારિત રહેશે.

સ્કાયરૂટ એરોસ્પેસના સહ-સ્થાપક પવન કુમાર ચાંદનાએ એક નિવેદનમાં કહ્યું હતું કે અમે સમજવા માગીએ છીએ કે રૉકેટ લોન્ચથી લઈને ભ્રમણકક્ષા સુધીના દરેક તબક્કે કેવી રીતે પ્રદર્શન કરે છે. આ ડેટાને જમીન પર થનારા ટેસ્ટિંગ મારફતે સંપૂર્ણપણે દર્શાવી શકાતો નથી.

"આગમન" નામનું આ મિશન સમગ્ર લોન્ચ વ્હીકલના પ્રોપલ્શન, માર્ગદર્શન, નેવિગેશન, કંન્ટ્રોલ અને વ્હીકલ પરફોર્મન્સ પર મહત્વપૂર્ણ ડેટા એકત્રિત કરશે. વિક્રમ-૧ એ સાત માળ ઊંચું, મલ્ટિ-સ્ટેજ ઓર્બિટલ લોન્ચ વ્હીકલ છે જે ઓલ-કાર્બન કમ્પોઝિટ સ્ટ્રક્ચર સાથે બન્યા છે. ■

# રશિયાનો વળતો જવાબઃ કીવ પર ભયંકર હુમલો, ૧૮ના જીવ ગયા

કીવઃ રશિયાએ ગુરુવારે સવારે કીવ પર એક મોટો ડ્રોન અને મિસાઇલ હુમલો કર્યો, જેમાં ઓછામાં ઓછા ૧૮ નાગરિક માર્યા ગયા અને ઘણા વધુ ઘાયલ થયા, જેને મોસ્કોએ તેલ સુવિધાઓ પર યુક્રેનિયન હુમલાઓનો બદલો ગણાવ્યો હતો, જેના કારણે ઇંધણની અછત સર્જાઈ છે અને પ્રમુખ વ્લાદિમીર પુતિન પર દબાણ આવ્યું હતું.

યુક્રેનની રાજધાની રાત્રે કલાકો સુધી જોરદાર વિસ્ફોટોથી હચમચી ગઈ હતી, યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકી અને અન્ય અધિકારીઓએ આગામી હુમલાની પ્રથમ ચેતવણી જારી કર્યા પછી ઘણા લોકો સબવે સ્ટેશનો પર આશ્રય લેતા રહ્યા. ■

# જો તક્ષશિલા સાથે છેડછાડ કરી છે તો... : પાકિસ્તાનની યુએનને ચેતવણી

નવી દિલ્હીઃ સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ પાકિસ્તાનને કડક ચેતવણી આપી હતી કે તે તક્ષશિલાના બે ઐતિહાસિક સ્થળો પર કરવામાં આવેલા પુનર્નિર્માણને પરત ખેંચી લે જેણે તેની વાસ્તવિકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડ્યું છે. સાથે સંયુક્ત રાષ્ટ્રે ચેતવણી પણ આપી હતી કે જો આમ નહીં કરવામાં આવે તો તે આ સ્થળોને યુનેસ્કોની 'ડેન્જર લિસ્ટ' (જોખમી યાદી)માં મુકી દેશે.

પ્રાચીન સમયમાં તક્ષશિલા તરીકે જાણીતું આ સ્થળ દક્ષિણ એશિયાના સૌથી મહત્વપૂર્ણ પુરાતત્વીય સ્થળોમાંનું એક છે. તેનો ઇતિહાસ વૈદિક કાળ સાથે જોડાયેલો રહ્યો છે. રામાયણ અને મહાભારત જેવા હિન્દુ મહાકાવ્યોમાં પણ આ શહેરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ■

# ક્રૂડ ઓઈલના ઘટાડા અને આઈટી શૅરોમાં લેવાલીનો ટેકો મળતાં શૅરબજારમાં બીજા સત્રમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભૂરાજકીય મોરચે સકારાત્મક વિકાસ અને બ્લુ-ચિપ આઈટી શેરોમાં ખરીદીને પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ વચ્ચે ગુરુવારે શેરબજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એક ટકાના વધારા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ ૫૭૯.૪૮ પોઈન્ટ અથવા ૦.૭૫ ટકા વધીને ૭૭,૫૦૨.૧૨ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૬૫૬.૨૯ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા વધીને ૭૭,૫૭૮.૯૩ સુધી પહોંચ્યો હતો. નિફ્ટી ૧૬૯.૮૫ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા વધીને ૨૪,૧૭૫.૭૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ઇન્ફોસિસ ૫.૬૪ ટકા ઉછળ્યો હતો, ત્યારબાદ ટેક મહિન્દ્રા (૪.૩૨ ટકા), ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (૪.૨૮ ટકા) અને એચસીએલ ટેક (૪.૧૨ ટકા)નો ક્રમ આવે છે. બજાજ ફિનસર્વ, અદાણી પોર્ટ્સ, ટાઇટન અને આઈસીઆઈસીઆઈ બેંક પણ મુખ્ય ઉછાળામાં સામેલ હતા. જ્યારે લાર્સન એન્ડ ટુબ્રો, મારુતિ સુઝુકી ઇન્ડિયા, એક્સિસ બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝર્સની યાદીમાં હતા. નિફ્ટીમાં ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, આઇસીઆઇસીઆઇ બેંક, એચસીએલ ટેક્નોલોજીસ, ટેક મહિન્દ્રા અને મહિન્દ્રા મહિન્દ્રા ટોપ ગેઇનર રહ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં સીએસએમ ટેક્નોલોજીનો શેર તેના રૂ. ૧૧૩ના ઇશ્યુ ભાવ સામે નિસ્તેજ રીતે એનએસઇ અને બીએસઇ પર એ જ ભાવે લિસ્ટેડ થયા બાદ બંને એક્સચેન્જ પર પાંચ ટકા ગબડીને રૂ. ૧૦૭.૩૫ની સપાટીએ પહોંચ્યો હતો. જીએનઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વરા બેબી પ્રોડક્ટ્સ, રતનદીપ રિટેલે આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. ઝી એન્ટરટેઇન્મેન્ટ એન્ટપ્રાઇસ લિમિટેડ (ઝીલ) વોરન્ટ જારી કરીને પ્રમોટર ગ્રુપ પાસેથી રૂ. ૩૧૪૪ કરોડ એકત્ર કરશે.

ઇન્વિકટા ડાયગ્નોસ્ટિક લિમિટેડે ૩૦ જૂન, ૨૦૨૬થી તેની પેટાકંપની, પોર્ટિયસ મેડિકલ એલએલપી દ્વારા પુણેમાં તેના નવા ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં કમર્શિઅલ ઓપરેશન્સ શરૂ કર્યું છે, જેમાં એમઆરઆઇ, મેમોગ્રાફી, સીટી સ્કેન, સોનોગ્રાફી, પેથોલોજી અને એક્સ-રે સહિતની વ્યાપક ડાયગ્નોસ્ટિક સેવાઓ સાથે એક જ છત નીચે સંકલિત રેડિયોલોજી અને પેથોલોજી સિર્વસ ઉપલબ્ધ થઇ શકશે.

ઓઇલ માર્કેટિંગ કંપનીઓને ડીઝલ, પેટ્રોલ અને એલપીજી તેની લાગત કરતા ઓછા ભાવે વેચવાને કારણે ૩૦મી જુન સુધીમાં રૂ. ૭૪,૭૮૧ કરોડની નુકસાની થઇ હોવાનું સરકારે જણાવ્યું છે. ભારતના આઉટ ઓફ હોમ એડવર્ટાઇઝિંગ સેગમેન્ટમાં કાર્યરત, બ્રાઇટ આઉટડોર મીડિયા લિમિટેડે ઝડપથી ઉભરતા મીરા ભાયંદર કોરિડોરમાં વધુ એક પ્રીમિયમ એડવર્ટાઇઝિંગ એસેટનો ઉમેરો કર્યો છે. નવા કાર્યરત થયેલા હોર્ડિંગનું કદ ભાગ ૩૦ ફૂટ બાય ૩૦ ફૂટ છે, જે કુલ ૧,૮૦૦ ચોરસ ફૂટની અસરકારક જાહેરાત ઇન્વેન્ટરી બનાવે છે.

યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેની વાતચીતમાં મધ્ય પૂર્વમાં ક્રૂડ સપ્લાયમાં સંભવિત વિક્ષેપો અંગેની ચિંતાઓને દૂર કરવામાં આગળ વધતાં સતત બીજા સત્રમાં ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયા પછી રોકાણકારોનો વિશ્વાસ પણ વધ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૪૫ ટકા ઘટીને ૭૦.૫૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

સેકટરલ ધોરણે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ ૪.૬૪ ટકા વધીને ૨૬,૯૬૫ પર બંધ થયો. નિફ્ટી ઓટો, ફાઇનાન્શિયલ સર્વિસીસ, એફએમસીજી મેટલ, ફાર્મા, રિયલ્ટી, હેલ્થકેર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ પણ ૦.૨ ટકાથી ૧.૪૫ ટકાની વચ્ચે વધ્યા હતા. બીજી તરફ, પીએસયુ બેંકિંગ શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૫ ટકા વધ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૨૫ ટકા વધ્યો હતો. એઆઇ ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઇડર, ભારતક્લાઉડે ટેક્સેશન બાર એસોસિએશન, આગ્રા સાથે ટેક્સ અને ફાઇનાન્સ પ્રોફેશનલ્સ માટે સુરક્ષિત, એઆઇ રેડી ક્લાઉડ સર્વિસિસ માટે એમએયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ એસોસિએશન ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ સાથે જોડાયેલા ટેક્સ એડવોકેટ્સ, જીએસટી પ્રેક્ટિશનર્સ સહિતના પ્રોફેશનલ્સનું પ્રતિનિધિત્વ કરે છે.

નિફ્ટીના ટોપ લુઝર્સ શેરોમાં મેક્સ હેલ્થકેર, લાર્સન એન્ડ ટુબ્રો, નેસ્લે ઇન્ડિયા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, કોટક મહિન્દ્રા બેંક, મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ પીવી, એસબીઆઇ લાઇફ અને ભારત ઇલેક્ટ્રોનિક્સનો સમાવેશ હતો. દરમિયાન મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ અને મહિન્દ્રાની આગેવાનીમાં દેશમાં જૂન મહિનામાં પેસેન્જર વ્હીકલનું વેચાણ ૨૫ ટકાના વધારા સાથે ચાર લાખ યુનીટ રહ્યું છે. મુંબઇ મેટ્રોપોલિટન રિજનના અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલપર, તુલસી રિઅલ્ટીએ કરજત ખાતે વેનીસ ઓફ મુંબઇ ૩.૦ નામે ૨૫,૦૦૦ સ્ક્વેરફૂટનો પ્રોજેક્ટ જાહેર કર્યો છે, જેમાં ઇનોગરલ પાર્ટનર્સ મીટમાં ૩૦૦થી વધુ પાર્ટનર્સ સહભાગી થયા હતા. કંપનીએ ૫.૬ લાખ સ્કેવર ફૂટનું રેસિડેન્શિઅલ ડેવલપમેન્ટ કર્યું છે.

આંતરરાષ્ટ્રીય ઇક્વિટી મોરચે એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૭.૮૯ ટકા, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૨.૪૭ ટકા અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૨.૦૩ ટકા ઘટ્યો હતો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૦.૭૬ ટકા વધ્યો હતો. માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટની આસપાસના તણાવ હળવો થવાથી ક્રૂડ ઓઇલના ભાવ નીચા આવતા ભારતીય બજારો ઊંચા મથાળે બંધ થયા હતા, જ્યારે ફેડરલ ચેરમેનની નકારાત્મક ટિપ્પણીઓ ફુગાવાને નિયંત્રિત કરવાની અને સહાયક વૈશ્વિક દર વાતાવરણની અપેક્ષાઓને મજબૂત બનાવે છે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઇ)એ બુધવારે રૂ. ૧,૧૪૦.૫૦ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા. ■

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં ₹ ૩૪૨૦નો અને સોનામાં ₹ ૧૩૭૧નો ચમકારો

મુંબઈ: ગઈકાલે અમેરિકાના જોબ ડેટા નબળા આવ્યાના નિર્દેશો અને અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શે ક્રૂડતેલના ભાવ ઘટતાં ફુગાવો વધવાનાં જોખમો હળવા થયા હોવાનું જણાવતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો આવ્યો હતો, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૬૫થી ૧૩૭૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૨૦નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૪૨૦ની તેજી સાથે રૂ. ૨,૨૮,૮૫૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૬૫ વધીને રૂ. ૧,૪૨,૪૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૭૧ વધીને રૂ. ૧,૪૩,૦૦૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં માત્ર રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી શાંત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૦૬૪.૪૧ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકા ઘટીને ૪૦૭૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૫૯.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે ફેડરલના અધ્યક્ષ કેવિન વાર્શે યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની ફોરમમાં ક્રૂડતેલના ભાવ ઘટી રહ્યા હોવાથી ઓછી તંગ નાણાનીતિ અપનાવવામાં આવે તેવા સંકેત આપતા આજે કિલોદીઠ ભાવ બજારમાં ઘટ્યા મથાળેથી નો અણસાર આપતા તંગ નાણાનીતિના સંકેત સાથે સોના અને ચાંદીમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું જેફરીઝની માલિકીની કંપની ટ્રેડ ડૉટ કૉમના વિશ્લેષક નિકોઝે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૨ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા. વધુમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી રહેતાં સોનાની અધિકૃત અનામતોમાં ૪૧ ટનનો વધારો થયો હતો.

રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના જૂન મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર સ્થિર થઈ હતી. જોકે, રૉઈટર્સના અર્થશાસ્ત્રીઓના મતાનુસાર ગત જૂન મહિનામાં નોન ફાર્મ પૅ રૉલ ડેટામાં ૧,૧૦,૦૦૦નો ઉમેરો થશે, એવું તેઓનું માનવું છે. ■

# ડૉલર સામે રૂપિયો વધુ ૧૯ પૈસા નબળો પડ્યો

મુંબઈ: વૈશ્વિક સ્તરે આજે ક્રૂડતેલમાં ભાવઘટાડો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને આયાતકારો અને કોર્પોરેટ હેજરોની ડૉલરમાં વ્યાપક માગ રહેતાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૯ પૈસા નબળો પડીને ૯૫.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ કેવિન માર્શે તંગ નાણાનીતિનો સંકેત આપ્યો હોવાથી ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં આજે સત્રના આરંભે રૂપિયો સુધારાના અન્ડરટોને ખૂલ્યો હતો. જોકે, સ્થાનિકમાં આજે ડૉલરમાં હેજરોની માગ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાથી આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૧૬ના બંધ સામે સુધારા સાથે ૯૪.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૧ અને ઉપરમાં ૯૪.૯૦ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૯ પૈસાના ધોવાણ સાથે ૯૫.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૬૦ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તરફથી અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરાર અંગેના સકારાત્મક નિવેદનો છતાં અનિશ્ચિતતાનું વલણ વધુ હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહે તેવી શક્યતા છે તેમ છતાં જો ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલમાં ભાવઘટાડો આગળ ધપે તો રૂપિયાને ટેકો મળી શકે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું. ■

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ 3.3૨ લાખ કરોડનો વધારો

મુંબઇ: શેરબજારમાં આ સત્રમાં આઈટી, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટી શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ સર્વાધિક ઘટ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૩.૩૨ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

ગુરુવારે સેન્સેક્સ ગત બુધવારના ૭૬,૯૨૨.૬૪ પોઈન્ટના બંધની સરખામણીએ ૫૭૯.૪૮ પોઈન્ટ કે ૦.૭૫ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૭,૦૮૩.૧૪ પોઈન્ટે ખૂલ્યો હતો, જે નીચામાં ૭૭,૦૬૩.૯૫ પોઈન્ટ સુધી ગયો હતો તથા ઊંચામાં ૭૭,૫૭૮.૯૩ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૭,૫૦૨.૧૨ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૯.૮૦ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૭૬.૪૮ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૩.૩૨ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૨૩ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૭ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા.

બીએસઈ પર કુલ ૪,૪૫૮ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૫૩૬ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૭૪૦ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૮૨ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૬૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૬ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૨૨ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૩ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૯ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૬૫ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૯૮ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૪૬ ટકા વધ્યો તથા એસએમઈ આઈપીઓ ૦.૧૨ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ સૂચકાંકોમાં બીએસઈ આઈટી ૪.૩૭ ટકા, ફોકસ્ડ આઈટી ૪.૨૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૪૫ ટકા, રિયલ્ટી ૧.૪૩ ટકા, ઓટો ૧.૩૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૧૧ ટકા અને કોમોડિટીઝ ૧.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ ૦.૭૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૭ ટકા, પાવર ૦.૬૪ ટકા, પીએસયુ બેન્ક ૦.૫૨ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ૫.૬૪ ટકા, ટેક મહિન્દ્ર ૪.૩૨ ટકા, ટીસીએસ ૪.૨૮ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૪.૧૨ ટકા, બજાજ ફિનસર્વ ૩.૨૫ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૮૫ ટકા, ટાઈટન ૧.૭૨ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૧ ટકા વધ્યા હતા, જ્યારે લાર્સન ૦.૭૮ ટકા મારુતિ ૦.૪૩ ટકા, એક્સિસ બેન્ક ૦.૩૩ ટકા, રિલાયન્સ ૦.૩૨ ટકા, બીઈએલ ૦.૨૬ ટકા, કોટક બેન્ક ૦.૧૯ ટકા, અને આઈટીસી ૦.૧૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૩૦૮.૦૧ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૫૪૬ ટ્રેડ્સમાં ૧,૯૮૩ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૬૩,૨૨,૭૪૦ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ. ૭, ૪૮, ૯૨, ૯૪૨.૨૪ કરોડ રહ્યું હતું. ■

# સોયા રિફાઈન્ડ અને સિંગતેલમાં ધીમો સુધારો, વેપાર છૂટાછવાયા

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૮ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૦ રિંગિટ ઘટી આવ્યા હતા. જોકે, આજે શિકાગો પાછળ સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો અને ગુજરાતના મથકો પર સિંગતેલના ભાવમાં રૂ. પાંચથી ૧૦નો સુધારો આવ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હતા.

દરમિયાન આજે સરકારે આયાત માટેના વિનિમય દર જે ડૉલર સામે ૯૫.૩૦ હતો તે ઘટાડીને ૯૫.૨૦ કર્યો હતો, જ્યારે ક્રૂડ પામ તેલ, આરબીડી પામ ઓલિન અને ક્રૂડ ડિગમ સોયાબીન તેલની ટેરિફ વૅલ્યૂ વધારીને અનુક્રમે ટનદીઠ ૧૧૯૦ ડૉલર, ૧૨૨૦ ડૉલર અને ૧૨૬૦ ડૉલર નિર્ધારિત કરતાં અસરકારક જકાતમાં અનુક્રમે ટનદીઠ રૂ. ૨૦, રૂ. ૪૪ અને રૂ. ૨૦નો વધારો થયો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, ગોકુલ એગ્રોના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, રિલાયન્સ કન્ઝ્યુમરના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને જુલાઈ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો પાંખાં હતા. ગુજરાતમાં ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૪૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૭૦થી ૧૪૭૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦થી ૧૫૧૫માં થયા હતા.

# કૉલ ઈન્ડિયાનું એકમ એસઈસીએલ ચોમાસામાં અવિરત પુરવઠો પૂરો પાડવા સજ્જ

નવી દિલ્હી: કૉલ ઈન્ડિયાનું એકમ એસઈસીએલ (સાઉથ ઈસ્ટર્ન કૉલફિલ્ડ્સ લિ.)એ દેશમાં ચોમાસા દરમિયાન કોલસાનો અવિરત પુરવઠો રહે અને દેશની ઉર્જા સુરક્ષા જળવાઈ રહે તે માટે ચોમાસાની તૈયારીના પગલાં લીધા હોવાનું કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હરીશ દુહાનએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ચોમાસા દરમિયાન ખનન કામગીરીમાં વધુ જોખમ હોય છે અને સાથે સાથે ઊર્જા ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદન માટે કોલસાનો પુરવઠો પણ એટલો જ આવશ્યક હોય છે.

એસઈસીએલએ જણાવ્યું હતું કે કંપનીએ વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં કોલસાના ઉત્પાદનમાં, ઉપાડમાં અને માલબોજ હળવો કરવામાં સર્વશ્રેષ્ઠ કામગીરી દાખવી છે, જે કંપનીના કામદારોની કાર્યકારી ઉત્કૃષ્ઠતા તરફની કેન્દ્રિત કરવામાં આવેલા ધ્યાનને દર્શાવે છે.

કંપનીની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં ઉત્પાદન ગત સાલના સમાનગાળાની તુલનામાં ૭.૨ ટકા વધીને ૪.૪૧ કરોડ ટનનું અને ઉપાડ અથવા તો વેચાણ ગત સાલના સમાનગાળાના ૪.૬૩ કરોડ ટન સામે ૫.૩ ટકા વધીને ૪.૮૮ કરોડ ટનની સપાટીએ રહ્યો હતો. ■

# આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલે મલ્ટિ એસેટ સેગમેન્ટમાં ઝંપલાવ્યું

મુંબઇ: આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મલ્ટી-એસેટ એક્ટિવ ફંડ ઓફ ફંડ (એફઓએફ) સાથે મૂડીબજારમાં પ્રવેશ કર્યો છે અને એનએફઓ ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. આ ફંડ મુખ્યત્વે સક્રિય ઇક્વિટી ઓરિએન્ટેડ સ્કીમ્સ, સક્રિય ડેટ ઓરિએન્ટેડ સ્કીમ્સ અને ગોલ્ડ ઇટીએફ અને સિલ્વર ઇટીએફમાં રોકાણ કરશે. આઇપ્રુ એએમસીના માલિકીના રોકાણ માળખાનો ઉપયોગ કરીને વિવિધ એસેટ ક્લાસને ફાળવણી બજારની સ્થિતિ, મેક્રોઇકોનોમિક વાતાવરણ, મૂલ્યાંકન અને વિવિધ એસેટ ક્લાસના સંબંધિત અભ્યાસ પર આધારિત હશે. ચોવીસ મહિના કે તેથી વધુ સમય માટે રોકાણ કરનાર લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સ માટે પાત્ર ગણાશે.

ઇકોનોમિક સાઇકલ, ફુગાવા, વ્યાજ દરો અને બજાર ભાવનાના આધારે સંપત્તિ વર્ગો અલગ રીતે પ્રદર્શન કરે છે. આગળ કયો સંપત્તિ વર્ગ શ્રેષ્ઠ પ્રદર્શન કરશે તેની આગાહી કરવાનો પ્રયાસ કરવાને બદલે ફંડ તેમના સંબંધિત આકર્ષણના આધારે ઇક્વિટી, ડેટ અને ગોલ્ડ ઇટીએફ કે સિલ્વર ઇટીએફમાં ફાળવણી કરશે. પોર્ટફોલિયો ફાળવણી માળખામાં એક્ટિવ ઇક્વિટીલક્ષી યોજનાઓના યુનીટમાં ૩૦થી ૮૦ ટકા, ડેટ આધારિત યોજનાઓના યુનીટમાં ૧૦થી ૬૦ ટકા અને ગોલ્ડ ઇટીએફ અને, અથવા સિલ્વર ઇટીએફમાં ૧૦ ટકાથી ૩૦ ટકા હિસ્સો રહેશે. ■

# મથકો પાછળ ખાંડમાં ₹૨૦થી ૩૬નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૫ની તેજી સાથે રૂ. ૪૦૨૫થી ૪૦૫૦માં થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિકમાં મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૬નો અને નાકા ડિલિવરી ધોરણે ક્વિન્ટલે રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી અને રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

જોકે, મથકો પાછળ સ્થાનિકમાં પણ ભાવ વધી આવતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૨ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ની તેજી સાથે રૂ. ૪૧૨૨થી ૪૧૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૬ના સુધારા સાથે રૂ. ૪૨૨૨થી ૪૩૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહી હતી. તેમ છતાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે અનુક્રમે રૂ. ૪૦૯૦થી ૪૧૨૦માં અને રૂ. ૪૧૪૫થી ૪૨૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સોયાબીનનો વાવેતર વિસ્તાર સરકારી અંદાજ કરતાં વધુ: સોપા

નવી દિલ્હી: દેશમાં સોયાબીનના વાવેતરમાં સારી પ્રગતિ થઈ રહી છે અને સરકારના જૂન અંતના અંદાજ કરતાં વધુ થઈ હોવાનું સ્થાનિક ઔદ્યોગિક સંગઠન સોયાબીન પ્રોસેસર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (સોપા)એ એક યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે સરકારી અંદાજ ઓછો હોવાનું મુખ્ય કારણ સરકારને આપવામાં આવતા અધિકૃત અહેવાલોમાં વિલંબ થઈ રહ્યો હોવાનું દર્શાવે છે.

એકંદરે વર્તમાન ખરીફ મોસમમાં વાવેતરનો આરંભ મોડેથી થયો હતો, પરંતુ હવે દેશનાં સોયાબીનના મુખ્ય ઉત્પાદક રાજ્ય મધ્ય પ્રદેશમાં ચોમાસાનું આગમન થઈ ગયું હોવાથી વાવેતર વેગ પકડશે, એમ સોપાએ યાદીમાં જણાવ્યું હતું. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત ૩૦મી જૂન સુધી ખેડૂતોએ સરકારી અંદાજ કરતાં વધુ ૨૮.૯૨ લાખ હેક્ટરમાં સોયાબીનનું વાવેતર કર્યું છે, જ્યારે ગત સાલના સમાનગાળામાં સરકારે અંદાજ ૬.૯૨ લાખ હેક્ટરનો મૂક્યો હતો.

નોંધનીય બાબત એ છે કે સરકારને વાવેતરના અહેવાલો વિલંબથી મળી રહ્યા હોવાથી સરકારી આંકડા કરતાં વાસ્તવિક વાવેતર વિસ્તાર વધુ હોય છે. હાલની વાવેતરની પ્રગતિને ધ્યાનમાં લેતા આ વર્ષે સોયાબીનનો વાવેતર વિસ્તાર ગત સાલ કરતાં વધુ રહે તેવી શક્યતા સોપાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર ડી એન પાઠકે જણાવ્યું હતું.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત ૩૦મી જૂન સુધી સરકારે મધ્ય પ્રદેશમાં સોયાબીનના વાવેતરનો અંદાજ ગત સાલના સમાનગાળાના ૪.૩ લાખ હેક્ટર સામે વધીને ૧૫.૫૬ લાખ હેક્ટરમાં થયું છે. એકંદરે રાજ્યમાં પર્યાપ્ત વરસાદ થઈ જવાથી વાવેતર વિસ્તારમાં ઝડપભેર વધારો થઈ રહ્યો છે અને ૧૫મી જુલાઈ સુધીમાં લગભગ તમામ વિસ્તાર આવરી લેવામાં આવશે.

વધુમાં સોયાબીનના દ્વિતીય ક્રમાંકના ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના સરકારી ૧.૧૯ લાખ હેક્ટરના અંદાજ સામે ૮.૪૫ લાખ હેક્ટર રહ્યો છે. જોકે, મહારાષ્ટ્રમાં વાવેતરની પ્રગતિ અસમતુલિત છે. અમુક જિલ્લાઓમાં લક્ષ્યાંક કરતા ૪૦થી ૫૦ ટકા વિસ્તારમાં વાવેતર થયું છે અને અમુક જિલ્લામાં જમીનમાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી પાંચથી ૧૦ ટકા વાવેતર થયું છે, પરંતુ જો સાનુકૂળ વરસાદ થઈ જશે તો બે અઠવાડિયામાં વાવેતર ગતિ પકડશે, એમ સોપાએ યાદીમાં ઉમેર્યું હતું.

સોયાબીનના અન્ય ઉત્પાદક રાજ્ય રાજસ્થાનમાં ગત ૩૦મી જૂન સુધી વાવેતર ગત સાલના સમાનગાળાના સરકારી ૬૩,૦૦૦ હેક્ટરના અંદાજ સામે વધીને ૩.૫૦ લાખ હેક્ટરમાં થયું છે, જે લક્ષ્યાંકિત વાવેતરના ૩૫થી ૪૦ ટકા જટલું હોવાનું યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે એકંદરે સોયાબીનના વાવેતરની પ્રગતિ સંતોષજનક છે. ■

# પાંખાં કામકાજે ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરાર અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ હતું, જેમાં કોપર, બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી ૧૫નો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની નિરસ માગ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૨૯૦, ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૩૬૪ અને રૂ. ૧૫૮૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૩૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૨૮, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૯૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૧૭૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૨૬૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૨૫૫ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૦૭ના મથાળે રહ્યા હતા.

આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં નિરસ કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૦ અને રૂ. ૫૦૧૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# કચ્છમાં ડિજિટલ વસ્તીગણતરીનો પ્રથમ તબક્કો પૂર્ણઃ ફેબ્રુઆરી-૨૦૨૭માં શરૂ થશે બીજું ચરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કોરોના મહામારીને કારણે લાંબા સમય સુધી પાછી ઠેલાયેલી વસ્તીગણતરીની કામગીરી આખરે દોઢ દાયકાના લાંબા અંતરાલ બાદ સમગ્ર દેશની સાથે કચ્છ જિલ્લામાં પણ વેગવંતી બની છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ વખત હાથ ધરાઈ રહેલી આ 'ડિજિટલ વસ્તીગણતરી'નો પ્રથમ તબક્કો કચ્છમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયો છે. હવે વસ્તી ગણતરીનું બીજું અને મુખ્ય ચરણ આગામી ફેબ્રુઆરી ૨૦૨૭માં હાથ ધરવામાં આવશે.


કચ્છ જિલ્લામાં કુલ ૩,૧૦૯ બ્લોક નક્કી કરીને વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ૧લી જૂનથી શરૂ થયેલી આ ઝુંબેશના શરૂઆતના ૧૫ દિવસોમાં કામગીરી ખૂબ જ મંદ રહી હતી અને ૩,૧૦૯માંથી માત્ર ૫૮ બ્લોકમાં જ કામગીરી પૂર્ણ થઈ શકી હતી. જો કે, ત્યારબાદ વહીવટી તંત્રએ ઝડપ વધારતા અંતિમ દિવસોમાં લક્ષ્યાંક સિદ્ધ કરી લેવાયો હતો. પ્રથમ ચરણ અંતર્ગત ઘરની ગણતરી કરવા સાથે મકાનોની યાદી (હાઉસ લિસ્ટિંગ) તૈયાર કરવામાં આવી હતી. આ ડિજિટલ ગણતરીમાં નાગરિકોને પોતાની વિગતો ઓનલાઈન જાતે ભરવા માટે 'સ્વગણતરી' (સેલ્ફ-એન્યુમરેશન)નો વિકલ્પ પણ આપવામાં આવ્યો હતો. પ્રથમ ચરણમાં ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો અને પીવાના પાણીના સ્રોત સહિતના કુલ ૩૩ મહત્ત્વના પ્રશ્નો પૂછીને ડેટા એકત્રિત કરાયો હતો.

તંત્રના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૧માં હાથ ધરાયેલી છેલ્લી વસ્તીગણતરી વખતે કચ્છ જિલ્લામાં કુલ ૪,૪૫,૬૭૨ મકાનો નોંધાયા હતા. જેમાં શહેરી વિસ્તારમાં ૧,૫૯,૬૭૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨,૮૬,૦૦૧ મકાનોનો સમાવેશ થતો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં જિલ્લામાં થયેલા ઔદ્યોગિક અને શહેરી વિકાસને જોતાં, આ વર્ષે મકાનોની સંખ્યામાં નોંધપાત્ર અને મોટો વધારો થવાની પ્રબળ શક્યતા વસ્તીગણતરીના નિષ્ણાતો દર્શાવી રહ્યા છે. ફેબ્રુઆરીમાં યોજાનારા બીજા ચરણમાં વ્યક્તિગત વિગતો સાથે વસ્તીગણતરીનો મુખ્ય આંકડો મેળવવામાં આવશે.

# પૂર્વ કચ્છ પોલીસનું 'સે નો ટુ ડ્રગ્સ' મિશનઃ માત્ર છ મહિનામાં નશાના નેટવર્ક પર પ્રહાર કરી ૪૩ ગુના નોંધ્યા, ૭૨ ઝડપાયા

ભુજ: પૂર્વ કચ્છ જિલ્લામાં માદક અને નશીલા પદાર્થોની ગેરકાયદે હેરાફેરી, વેચાણ તેમજ સેવન કરનારાં તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી ચાલુ વર્ષે શરૂ કરાયેલા 'સે નો ટુ ડ્રગ્સ ઇન ઇસ્ટ કચ્છ' મિશન અંતર્ગત પોલીસે નશાના કારોબારીઓ પર ઘોંસ બોલાવીને સપાટો બોલાવ્યો છે.

પોલીસ તંત્ર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૫ના આખા વર્ષ દરમિયાન આ સીમાવર્તી જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં માદક પદાર્થોના કુલ ૩૬ ગુના નોંધી ૭૩ શખ્સોની અટકાયત કરવામાં આવી હતી. તેની સરખામણીએ ચાલુ વર્ષ ૨૦૨૬માં પોલીસે માત્ર પ્રથમ છ મહિનામાં જ (૧ જાન્યુઆરીથી ૩૦ જૂન સુધીમાં) ડ્રગ્સના ૪૩ કેસો શોધી કાઢ્યા છે, જેમાં અત્યાર સુધીમાં ૭૨ આરોપીઓને જેલભેગા કરી દેવાયા છે. ગત આખા વર્ષ કરતાં ચાલુ વર્ષના માત્ર અડધા વર્ષમાં જ વધુ કેસો પકડી પાડી પૂર્વ કચ્છ પોલીસે નશાના નેટવર્કની કમર તોડી નાખી છે. પૂર્વ કચ્છ પોલીસ પ્રશાસન દ્વારા જિલ્લાને સંપૂર્ણપણે ડ્રગ્સ મુક્ત બનાવવા માટે જનતાનો સહયોગ માગવામાં આવ્યો છે. કોઈ પણ વિસ્તારમાં નશીલા પદાર્થોની હેરાફેરી કે વેચાણ થતું હોય તો તેની માહિતી જિલ્લા પોલીસ વડાઃ ૯૯૭૮૪ ૦૫૬૯૦,અંજાર ડીવાયએસપી ૯૯૭૮૪ ૦૮૨૪૫, ભચાઉ ડીવાયએસપી ૯૯૭૮૪ ૦૨૦૨૬ તેમજ પોલીસ કંટ્રોલ રૂમ ૬૩૫૯૬ ૨૬૮૪૫ નંબરો પર તાત્કાલિક આપવી, માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમ વન વિભાગ અને પોલીસ વિભાગે અપીલ કરી છે.



**યોગનો અનુરોધઃ** ભાવનગર તાલુકાના સરતાનપર ગામમાં ગ્રામ કલ્યાણ અભિયાન અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગામની પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ વિશ્રામ કર્યો હતો. વહેલી સવારે તેમણે શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને યુવાનો સાથે યોગાભ્યાસ તથા પ્રાણાયામ કરીને સ્વસ્થ જીવન માટે યોગ અને પ્રાણાયામને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.

# મુંદરાના કારાઘોઘા ડેમ નજીક કટિંગ થતો ₹૨૨.૨૨ લાખનો વિદેશી દારૂ જપ્ત

## વાહનો સહિત ₹ ૬૭.૬૨ લાખનો મુદ્દામાલ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મુંદરાના પ્રતાપપરની સીમમાંથી અગાઉ રૂ. ૧૫.૪૦ લાખનો દારૂ ઝડપાયા બાદ, પૂર્વ કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાની ટુકડીએ ફરી એકવાર સપાટો બોલાવ્યો છે. મુંદરાના કારાઘોઘા ડેમવાળા રસ્તે દારૂનું કટિંગ થતું હોવાની બાતમીના આધારે દરોડો પાડી પોલીસે રૂ. ૨૨,૨૨,૫૯૨ની કિંમતની વિદેશી દારૂ અને બિયરની કુલ ૩,૭૫૪ બોટલો જપ્ત કરી છે. આ સાથે ત્રણ વૈભવી કાર અને ચાર મોબાઈલ સહિત કુલ રૂ. ૬૭,૬૨,૫૯૨નો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે રાસુભા તગજી સોઢા (રહે. ખાનાય, અબડાસા) અને બળવંતસિંહ ઉર્ફે બળુભા કિરીટસિંહ જાડેજા (રહે. બરાયા, મુંદરા) વિદેશી દારૂનો જથ્થો ભરી કારાઘોઘા ડેમવાળા રસ્તેથી બરાયા તરફ આવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ટાટા હેરિયર કાર (નંબર જીજે-૧૨-એફએફ-૭૬૩૮)ને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે કાર ભગાડી મૂકી હતી. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતાં આરોપીઓ બાવળોની ઝાડીઓમાં ગાડી નાખીને નાસવા લાગ્યા હતા. આ દરમ્યાન પોલીસે બળવંતસિંહ જાડેજાને ઝડપી લીધો હતો, જ્યારે રાસુભા સોઢા અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. ગાડીની તલાશી લેતાં તેમાંથી મોટા પ્રમાણમાં બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

પકડાયેલા આરોપી બળવંતસિંહની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે તેઓ આ જથ્થો લઈને બરાયા ગામે પોતાના ઘરે જતા હતા, જ્યાં દારૂનો બીજો મોટો જથ્થો રાખેલો છે. આ માહિતીના આધારે પોલીસે બરાયા ખાતે બળવંતસિંહના મકાન પર દરોડો પાડ્યો હતો. ત્યાંથી દારૂની દેખરેખ રાખતો અન્ય એક આરોપી અજીતસિંહ પ્રેમસિંહ સોઢા (રહે. ખાનાય, અબડાસા) મળી આવ્યો હતો. મકાન પરિસરમાં પાર્ક કરેલી બે સ્કોર્પિયો ગાડીઓમાં પણ દારૂનો જથ્થો ભરીને અલગ-અલગ જગ્યાએ સપ્લાય કરવાનું આયોજન હતું. પોલીસે આ સંયુક્ત દરોડા દરમિયાન નીચે ૮૧૪ નંગ બિયરના ટીન (કિંમત રૂ. ૧,૦૨,૫૬૪) ૨,૯૪૦ નંગ વિદેશી દારૂની બોટલ (કિંમત રૂ. ૨૧,૨૦,૦૨૮),એક ટાટા હેરિયર અને બે સ્કોર્પિયો જીપકાર અને ચાર મોબાઈલ સહિત કુલ રૂ. ૬૭,૬૨,૫૯૨નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા બંને આરોપીઓ, નાસી છૂટેલા રાસુભા સોઢા અને તપાસમાં જેમના નામ ખૂલે તે તમામ વિરુદ્ધ પ્રાગપર પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

**મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસ**

# મુખ્ય સૂત્રધાર પૂર્વ સરપંચ જયવીરસિંહ જાડેજાની જામીન અરજી હાઈ કોર્ટે સાતમી વખત નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત સહિત દેશભરમાં ભારે ચકચાર જગાવનારા કચ્છના મુંદરા પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ પ્રકરણના મુખ્ય સૂત્રધાર અને સમાઘોઘા ગામના પૂર્વ સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજાની જામીન અરજી ગુજરાત હાઈ કોર્ટે ફરી એકવાર ફગાવી દીધી છે. આ કેસના અન્ય સહ-આરોપીઓ તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર જે.એ. પઢિયાર, શંભુ દેવરાજ જરુ અને વિરલ જિતેન્દ્ર જોષીના જામીન મંજૂર થયા હોવાનો સંદર્ભ ટાંકીને જયવીરસિંહે વડી અદાલત સમક્ષ મુક્તિની માંગ કરી હતી. જો કે, હાઈ કોર્ટે કેસની ગંભીરતા, ગુનામાં આરોપીની સક્રિય ભૂમિકા અને તેના ગુનાહિત ઈતિહાસને ધ્યાને રાખી જામીન આપવાનો સાફ ઈનકાર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હાઈ કોર્ટ સમક્ષ આરોપી જયવીરસિંહ દ્વારા આ સાતમી વખત જામીન અરજી કરવામાં આવી હતી. જેમાંથી અગાઉ ત્રણ વખત અરજી પરત ખેંચાઈ હતી, જ્યારે આ ચોથી વખત કોર્ટે તેની અરજી નામંજૂર કરી છે.

આ સુનાવણીમાં રાજ્ય સરકાર વતી પબ્લિક પ્રોસીક્યુટર અસ્મિતાબેન પટેલ તેમજ ફરિયાદ પક્ષ વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રી કીર્તિદેવ આર. દવે હાજર રહ્યા હતા. જ્યારે સ્થાનિક સ્તરેથી ખાસ સરકારી વકીલ અનિલભાઈ આર. દેસાઈ અને સિનિયર એડવોકેટ ડી.વી. ગઢવી સહિતની કાનૂની ટીમે દલીલો કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં મુંદરા પોલીસે ઘરફોડ ચોરીની શંકાના આધારે ત્રણ ગઢવી યુવકોની અટકાયત કરી હતી. પોલીસ મથકમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખીને આ યુવકો પર ગુજારવામાં આવેલા અમાનુષી અત્યાચારને કારણે બે યુવકોનાં દર્દનાક મોત નીપજ્યાં હતાં, જ્યારે એક યુવકને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ચકચારી કેસમાં તત્કાલીન પીઆઈ પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મચારીઓ, જીઆરડીના બે જવાનો અને પૂર્વ સરપંચ સહિત કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. હાલ આ કેસ અદાલતમાં પરિણામલક્ષી તબક્કે પહોંચ્યો છે.

# અદાણી ગ્રીન એનર્જીનો ઐતિહાસિક વિક્રમઃ ૨૦ ગિગાવોટની ક્ષમતા વટાવનારી દેશની સર્વપ્રથમ કંપની બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારતની સૌથી મોટી રિન્યૂએબલ એનર્જી કંપની 'અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ'એ ૨૦ ગિગાવોટની કાર્યરત રિન્યૂએબલ એનર્જી ક્ષમતાનો આંક વટાવી દીધો છે. ગ્રીનફિલ્ડ વિકાસ મારફત આ અસાધારણ સીમાચિહ્ન હાંસલ કરનારી તે ભારતની પ્રથમ રિન્યૂએબલ એનર્જી કંપની બની છે. વર્ષ ૨૦૧૬માં તમિળનાડુના કામુથી ખાતે પોતાના પ્રથમ પ્રકલ્પથી શરૂઆત કર્યાના માત્ર એક દાયકાની અંદર જ કંપનીએ ભારતના ઊર્જા ક્ષેત્રે આ વિરાટ સિદ્ધિ મેળવી છે. વાર્ષિક ૫૨ અબજ યુનિટથી વધુ સ્વચ્છ વીજળી ઉત્પન્ન કરતી અદાણી ગ્રીનનું યોગદાન ભારતના કુલ વીજ વપરાશના લગભગ ત્રણ ટકા જેટલું છે. આ ઉત્પાદન ન્યૂયોર્ક જેવા વૈશ્વિક શહેરની એક વર્ષની અથવા મુંબઈ અને નવી દિલ્હીની સંયુક્ત વાર્ષિક વીજ માગને સંતોષવા માટે પૂરતું છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૬માં કંપનીએ પોતાના પોર્ટફોલિયોમાં ૫,૦૫૧ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ઉમેરી હતી, જે વૈશ્વિક સ્તરે ચીન બાદ સૌથી મોટો વાર્ષિક રિન્યૂએબલ એનર્જી ક્ષમતા વધારો છે. કંપનીના આગામી વિકાસના તબક્કાનું મુખ્ય કેન્દ્રબિંદુ કચ્છનું સીમાવર્તી ખાવડા છે. ખાવડાના રણ વિસ્તારમાં ૫૩૮ ચોરસ કિલોમીટર જમીન પર આકાર લઈ રહેલા વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ ઊર્જા પ્લાન્ટની આયોજિત ક્ષમતા ૩૦ ગિગાવોટની છે, જેમાંથી હાલના તબક્કે ૯.૫ ગિગાવોટ સૌરઊર્જા ક્ષમતા કાર્યરત કરી દેવામાં આવી છે.

અદાણી ગ્રીન એનર્જી લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ જણાવ્યું હતું કે, ''વર્ષ ૨૦૨૬માં રિન્યૂએબલ એનર્જી ક્ષમતા ૨૦ ગિગાવોટને વટાવી ગઈ છે જે કંપનીની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.'' કંપનીની વર્તમાન કાર્યરત ક્ષમતામાં આશરે ૧૪.૨ ગિગાવોટ સૌરઊર્જા, ૨.૭ ગિગાવોટ પવન ઊર્જા અને ૩.૩ ગિગાવોટ પવન-સૌર હાઇબ્રિડ ઊર્જાનો સમાવેશ થાય છે. કંપનીએ ઊર્જા સંગ્રહ ક્ષેત્રે આગળ વધતા ૩.૫૫ ગિગાવોટ ક્ષમતા ધરાવતી 'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ' કાર્યરત કરી છે, જે ચીન સિવાય વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી અમલમાં મુકાયેલી સ્ટોરેજ સિસ્ટમમાં સ્થાન પામે છે. ભારતના મિશ્રિત વીજ ઉત્પાદનમાં સ્વચ્છ ઊર્જા સતત અને વિશ્વસનીય રીતે મળી રહે તે માટે બેટરી સ્ટોરેજની ભૂમિકા મહત્ત્વની છે. આ સુવિધાને વધુ મજબૂત કરવા કંપની ચાલુ નાણાકીય વર્ષમાં કલાકના ૧૦ ગિગાવોટ બેટરી સ્ટોરેજ ઉમેરવા અને આગામી પાંચ વર્ષમાં આ ક્ષમતાને ૫૦ ગિગાવોટ સુધી લઈ જવા માટેના આયોજન પર કામ કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ભુજમાં ₹ ૨૨ લાખના ચર્ચાસ્પદ સાયબર ફ્રોડ કેસમાં ઝડપાયેલા આરોપીના જામીન મંજૂર

ભુજ: પોતાના બેંક એકાઉન્ટનો સાયબર ક્રિમિનલોને ઉપયોગ કરવા આપીને અન્ય સહઆરોપીના કહેવાથી સાયબર ફ્રોડના કુલ રૂ. ૨૨,૦૦,૫૦૦ મેળવવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી પઢિયાર હરદીપસિંહ કુમારસિંહના નિયમિત જામીન નામદાર અદાલતે મંજૂર કર્યા છે. આ ચકચારી સાયબર ક્રાઇમ અંગે ભુજ શહેર બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપી દ્વારા ભુજની અદાલતમાં નિયમિત જામીન મેળવવા અરજી કરવામાં આવી હતી. આ જામીન અરજી પરની સુનાવણી બાદ અધિક સેશન્સ જજે આરોપીના જામીન મંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી કુલદીપ જિતેન્દ્ર મહેતા રોકાયા હતા અને તેમણે અદાલતમાં દલીલો કરી હતી.

# જૂનાગઢમાં ખાડામાં દંપતી પડ્યું, પતિના માથામાં ઈજા થતા હૉસ્પિટલમાં દાખલ

અમદાવાદઃ સૌરાષ્ટ્ર પર બે દિવસથી મેઘરાજા મહેરબાન થયા છે. જૂનાગઢમાં શહેર અને જિલ્લામાં ગુરુવારે સવારથી સરેરાશ ૪ ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જૂનાગઢ શહેરમાં વરસાદના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે અને ખાડા પડ્યા છે. આ દરમિયાન આઝાદ ચોક વિસ્તારનો એક વીડિયો વાઇરલ થયો હતો.

આઝાદ ચોક વિસ્તારમાં ખૂલ્લી ગટરના ખાડામાં દંપતી પડી ગયું હતું. જેના સીસીટીવી સામે આવ્યા હતા. મળતી માહિતી અનુસાર પતિ પત્ની બંને કામ પર જતાં હતાં ત્યારે ધડામ દઈને ખાડામાં ખાબક્યાં હતાં. પત્નીએ રાડારાડી કરી મુકતા રાહદારીઓ ભેગા થયા હતા. પત્નીને સામાન્ય ઇજા થઈ હતી. જ્યારે પતિ રોડ પર ગોથા ખાઈ ગયો હતો. પતિને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સ્થાનિકો દ્વારા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે માત્ર જૂનાગઢમાં જ નહીં તમામ શહેરોમાં પહેલા વરસાદે જ સ્થાનિક તંત્રના નબળા કામની પોલ ખોલી દીધી છે.

# વિરમગામ-રાજકોટ-ઓખા સેક્શન પર ૪૩૪ કિમી.માં 'સ્ટાન્ડર્ડ કવચ' પ્રણાલી સફળ રીતે કાર્યરત

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલવે સુરક્ષાના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ડિવિઝને વિરમગામ, રાજકોટ, ઓખા રેલવે સેક્શન પર ૪૩૪ કિલોમીટરના વિસ્તારમાં અત્યાધુનિક 'સ્ટાન્ડર્ડ કવચ' પ્રણાલીનું સફળ કમિશનિંગ પૂર્ણ કર્યું હતું. આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા હેઠળ ટ્રેક સાઇડ પર ૨,૯૫૦ આરએફઆઈડી ટેગ્સ પણ સ્થાપિત કરવામાં આવ્યા હતા, જે રેલવે નેટવર્કને વધુ સુરક્ષિત બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.

આ સ્વદેશી 'ટ્રેન ટક્કર નિવારણ પ્રણાલી' ટ્રેનોની સુરક્ષામાં અનેકગણો વધારો કરશે. આ પ્રણાલી દ્વારા ટ્રેનોની સામસામે અને પાછળથી થતી ટક્કરને અટકાવી શકાશે, તેમજ રોલ-અવે સુરક્ષા, સ્ટેન્ડસ્ટીલ પ્રોટેક્શન અને આપાતકાલીન સ્થિતિમાં સ્વચાલિત એસઓએસ એલર્ટ જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ ટેકનોલોજી મુસાફરોની સુરક્ષા માટે અત્યંત અસરકારક સાબિત થશે.

**અંજારની મુખ્ય બજારમાં તસ્કરોનો આતંક**

# ૨૦થી વધુ દુકાનોના એસી યુનિટના કિંમતી કોપર વાયર-પાઈપની ચોરીથી વેપારીઓમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ઐતિહાસિક અંજાર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે તસ્કરોએ હવે મુખ્ય બજાર વિસ્તારને નિશાન બનાવતા વેપારી આલમમાં ભારે ફફડાટ અને નારાજગી વ્યાપી ગઈ છે.

તસ્કરોએ ગત રાત્રિ દરમિયાન ગંગા બજાર, મલશેરી તેમજ અભિષેક કોમ્પ્લેક્સ સહિતના વેપારી વિસ્તારોમાં આવેલી ૨૦થી વધુ દુકાનોના એર કન્ડિશનરના આઉટડોર યુનિટને નિશાન બનાવ્યા હતા. તસ્કરો આ યુનિટો સાથે જોડાયેલી કિંમતી કોપર પાઇપ અને કેબલો કાપીને ચોરી ગયા હોવાનો મામલો સામે આવતાં ભારે ચકચાર જાગી છે.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, શહેરમાં રાત્રિ પેટ્રોલિંગના અભાવે આવી ઘટનાઓ વારંવાર બની રહી છે. જો કે, આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાઈ નથી, જેને કારણે ગુનાહિત તત્ત્વોને મોકળું મેદાન મળી રહ્યું હોવાનો ગણગણાટ વેપારીઓમાં થઈ રહ્યો છે. વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે રાત્રિના સમયે કાયદાના રક્ષકો બજાર વિસ્તારોમાં હાજર ન રહેતા હોવાથી તસ્કરો બેખોફ બન્યા છે.

ભારે હોબાળો મચાવનારા આ બનાવને પગલે વેપારી મહામંડળ અને સ્થાનિકો દ્વારા પોલીસ તંત્ર સમક્ષ બજાર વિસ્તારમાં સઘન નાઇટ પેટ્રોલિંગ ગોઠવવાની અને સીસીટીવી ફૂટેજના આધારે તલસ્પર્શી તપાસ કરી તસ્કર ટોળકીને વહેલી તકે જેલહવાલે કરવાની ઉગ્ર માગ કરવામાં આવી છે.

# માંગરોળમાં ખાડામાં એસટી બસ ફસાતા મુસાફરોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં સાંબેલાધાર વરસાદને લીધે ઠેરઠેર પાણી ભરાયા છે. આવી સ્થિતિમાં સ્થાનિક તંત્રએ કામ કરીને માત્ર માટીથી બુરેલા એક રસ્તા પર ગુજરાત એસટી બસ ખુપી ગઈ હતી અને મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

શહેરમાં નગરપાલિકા દ્વારા પાઇપલાઇન નાખવા માટે કરવામાં આવેલા ખોદકામ બાદ રસ્તાનું યોગ્ય રીતે સમારકામ કરવામાં આવ્યું નથી. સ્થાનિકો આ અંગે ફરિયાદ કરી જ રહ્યા હતા ત્યાં ગુરુવારે જામનગર-માંગરોળ રૂટની બસ કેશોદ-માંગરોળ રોડ ટાવર પાસેથી પસાઈ થઈ રહી હતી ત્યારે આ ખડાવાળા રોડમાં ખુપી ગઈ હતી. બસના આગળના પૈડાં અહીંના ખાડામાં ઊંડે સુધી ખુપી જતા મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા સ્થાનિકો અને પાલિકા સહિતની ટીમ દોડી આવી હતી. મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જેસીબી મશીનથી લગભગ બે કલાકની જહેમત બાદ બસને બહાર કાઢવામાં આવી હતી.

સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો હતો કે ૨૪ કલાકથી વરસાદ વરસી રહ્યો છે અને ઠેર ઠેર પાલિકાએ કામ શરૂ કર્યા હોવાથી જનતા ભારે હાલાકી ભોગવી રહી છે. જોકે આ મામલે તંત્ર સાથે વાતચીત થઈ શકી ન હતી.



જુનાગઢમાં પડેલા ભારે વરસાદને કારણે ઘણા રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા અને જનજીવનને અસર થઈ હતી. આ ઉપરાંત ગરમીનું પ્રમાણ પણ ઓછું થયું હતું. (તસવીરઃ હરેશ સોની)